કિંમત : વાચન, મનન

....

પ્રકાશક : ભગવાનજી રતનશી વારીઆ લાલબાગ, જામનગર.
મુદ્રક : આકૃતિ, વડોદરા.

અ ર્પ ણ

સ્વર્ગવાસી પરમ પૂજ્ય કરુણામૂર્તિ
માશીબા ઓત્તમબાઇ

મારી બાલ્યાવસ્થામાં મારા પરમ-પૂજ્ય માતાપિતાશ્રી સ્વર્ગસ્થ થતાં હું પરમપાપી અનાથ થયો એ સમયે આપશ્રીએ વૃદ્ધાવસ્થામાં હોવા છતાં પરમ વાત્સલ્યભાવથી અને મમતાથી આ અભાગીનો હાથ પકડી પાળી, પોષી, ભણાવી, ધર્મના સંસ્કારો સીંચી મને ઉછેર્યો અને મારા ઉપર અનંત ઉપકારો કર્યા.

આપશ્રીની પરમ પવિત્ર યાદમાં ઘણાં જ માન અને નમ્રતાથી આપશ્રીને આ પુસ્તક અર્પણ કરું છું.

આપના બાળક
ભગવાનજી રતનશી વારીઆનાં
વંદન

જામનગર
તા. ૧-૪-'૭૧

શ્રીમાન લોંકાશાહના ૫૮ બોલના દરેક બોલનું એક એક પ્રકરણ કરવામાં આવ્યું છે. દરેક બોલની સમજણ માટે પૂર્વભૂમિકા લખવામાં આવી છે. દરેક બોલ શ્રીમાન લોંકાશાહની મૂળ ભાષામાં લખ્યો છે. શ્રીમાન લોંકાશાહે પોતે લખેલા બોલમાં આગમ શાસ્ત્રોના આધારો ટાંકેલ છે. તે શાસ્ત્રોના મૂળ પાઠ લખી તે પાઠનો ગુજરાતી અર્થ અને જરૂર હોય તો ભાવાર્થ પણ આપ્યો છે. મારા આ નમ્ર પ્રયાસમાં કાંઈ ક્ષતિઓ જણાય તો વાચકો મને ક્ષમા આપશે એવી મારી પ્રાર્થના છે.

આ પુસ્તકના ધર્મપ્રાણ ક્રાંતિકાર શ્રી લોંકાશાહનું જીવનચરિત્ર પણ આપવું જોઈએ એમ હું સમજું છું પરંતુ શ્રી લોંકાશાહનું સર્વમાન્ય જીવનચરિત્ર ક્યાંય મારા જોવામાં આવ્યું નથી. તેમ કેટલાકનું એવું મંતવ્ય છે કે શ્રી લોંકાશાહે દીક્ષા ગ્રહણ કરેલી હતી ને તેમની સાથે ૪૫ પુરુષોએ દીક્ષા લીધી હતી. જ્યારે કેટલાકનું માનવું છે કે શ્રી લોંકાશાહે વૃદ્ધ ઉંમરના કારણે દીક્ષા અંગીકાર કરેલી નહોતી અને ગૃહસ્થ–શ્રાવક જ રહ્યા હતા. આમ શ્રી લોંકાશાહનું સર્વમાન્ય જીવનચરિત્ર આપવાનું બની શકે તેમ ન હોવાથી મેં અત્રે તેઓશ્રીનું જીવનચરિત્ર આપ્યું નથી તે માટે વાચકો મને ક્ષમા આપશે તેવી નમ્ર આશા રાખું છું. શ્રી વાડીલાલ મોતીલાલ શાહ, આચાર્ય હસ્તીમલજી મ. સા. તથા કૉન્ફરન્સ પણ શ્રી લોંકાશાહનું જીવનચરિત્ર બહાર પાડી શક્યા નથી તો મારા જેવાનું આ કાર્ય માટે બિલકુલ ગજું, લાયકાત ન ગણાય.

જામનગર
વીર સંવત ૨૫૦૨

સમાજનો નમ્ર સેવક
ભગવાનજી રતનશી વાડીઆ

ધર્મપ્રાણ શ્રી લોંકાશાહના
અઠ્ઠાવન બોલ

૧.

પૂર્વભૂમિકા : લોંકાશાહે પહેલા બોલનું નામ 'સમ્યક્ત્વનુ અધિકાર' રાખેલું છે. મોક્ષમાર્ગ શું છે, મોક્ષમાર્ગનો પાયો શું છે તે સમજાવવા શ્રીમાન લોંકાશાહ શ્રી આચારાંગસૂત્રના સમ્યક્ત્વ અધ્યયનની ગાથા ટાંકી શરૂઆત કરે છે. શ્રી આચારાંગ એ સહુથી પ્રથમ અને અગત્યનું આગમ છે.

"શ્રી સિદ્ધાંતમાહિં મોક્ષમાર્ગનું મૂલ કારણ શ્રી સમ્યક્ત્વ છઈ. જેહનઈ સમ્યક્ત્વ તેહના તપ નિયમ સર્વ પ્રમાણ. તે સમ્ક્ત્વ શ્રી આચારાંગનઈ ચઉથઈ શ્રી સમ્યક્ત્વ અધ્યયનઈ લાભઈ. તે અધ્યયન લિખીઇ છઈ."

વિવરણ : શ્રી સિદ્ધાંત(આગમ)માં શ્રી સમ્યક્ત્વ મોક્ષમાર્ગનો મૂળ પાયો છે. જેને સમ્યક્ત્વ છે તેનાં તપ, નિયમ સર્વ સર્વથા ફળદાયી છે. આવું સમ્યક્ત્વ શ્રી આચારાંગ સૂત્રના ચોથા 'શ્રી સમ્યક્ત્વ' નામના અધ્યયનમાં બતાવેલું છે તે અધ્યયન લખીએ છીએ.

"સે બેમિ જે અ અતીતા જે અ પડુપન્ના જે અ આગમિસ્સા અરહંતા ભગવંતા તે સવ્વે એવમાતિક્ખંતિ. એવં ભાસંતિ. એવં પણ્ણવેંતિ. એવં સવ્વે પરૂવેંતિ. સવ્વે પાણ ભૂઆ સવ્વે જીવા સવ્વે સત્તા ન હંતવ્વા. ન અજ્ઝાવેઅવ્વા. ન પરિધેત્તવ્વા. ણ પરિતાવેઅવ્વા. ણ ઉદ્દવેઅવ્વા. એસ ધમ્મે સુધ્ધે. ણિતિએ સાસએ. સમેચ્ચ લોઅં ખેત્તન્નેહિં પવેતિતે. તં જહા. ઉટ્ઠિએસુ વા. અણુટ્ઠિએસુ વા. ઉવટ્ઠિએસુ વા આણુવટ્ઠિએસુ વા. ઉવરયદંડેસુ વા અણુવરદંડેસુ વા. સોવહિએસુ વા અણોવહિતેસુ વા. સંજોગરએસુ વા અસંજોગરએસુ વા. તચ્ચંતં. તહાવેતં. અસ્સિં વે તં પવુચ્ચઇ. તં. આઈન્નુ ણુ ણિહે ણ ણિક્ખેવે. જાણિત્તુ ધમ્મં જ્હા તહા દિટ્ઠેહિં ણિચ્ચેઅં ગચ્છેજ્જા. ણો લોગસ્સેસણં ચરે. જસ્સ ણત્થિ ઈમા ણાતી અન્ના તસ્સ કઓ સિઆ. દિટ્ઠં સૂતં મયં વિન્નાયં જં એયં પરિકહિજ્જઈ. શમેમાણા પલેમાણા પુણો પુણો જાતિં પકપ્પેંતિ. અહો અ રાઓ અ જયમાણે. ધીરે સયા આગયપન્નાણે. પમત્તે બહિઆ પાસ અપમત્તે સયા પરિક્કમિજ્જાસિ ત્તિ બેમિ."

અર્થ : ભૂતકાળમાં જે તીર્થંકર ભગવંતો અનંત થઈ ગયા, વર્તમાન કાળમાં જે તીર્થંકર ભગવનો વસે છે અને આવતા કાળમાં જે તીર્થંકર ભગવનો થશે તે બધા તીર્થંકરો આ રીતે કહે છે, આ પ્રકારે બોલે છે, આ પ્રકારે સમજાવે છે; પરૂપણા નિર્ણય કહે છે કે સર્વ પ્રાણી, સર્વ ભૂતો, સર્વ જીવો, સર્વ સત્ત્વોને

કરે છે કે જે ધર્મના ઉપદેશકો હિંસાની પ્રરૂપણા કરે છે તેને ભગવાન શાસ્ત્રકારોએ અનાર્ય વચનના ઉપદેશક કહેલ છે. શ્રી તીર્થંકર ભગવાનોએ અહિંસાની પ્રરૂપણા કરનારને આર્ય પુરુષ અને હિંસાની પ્રરૂપણા કરનારને અનાર્ય પુરુષ કહેલ છે.

"હવઈ બીજુ બોલ લિખીઈ છઇ. તથા સમ્યક્ત્વ અધ્યયનનઈ બીજઈ ઉદ્દેસઈ એહવું કહ્યું. જે શ્રમણ માહણ હિંસાઈ ધર્મ પ્રરૂપઇ. અનઇ વલી એહવું કહઈ. ધર્મનઈ કાજિઈં હિંસા કરતાં દોષ નથી. તે તીર્થંકરે અનાર્ય વચન કહ્યું. એતલઇ એહવા વચનના બોલણહાર અનાર્ય જાણિવા. તે અધિકાર લિખીઇ છઇ."

વિવરણ : હવે બીજો બોલ લખીએ છીએ. સમ્યક્ત્વ અધ્યયનના બીજા ઉદ્દેશમાં એવું કહ્યું છે કે જે શ્રમણ બ્રાહ્મણ હિંસા ધર્મ પ્રરૂપે છે અને વળી એવું કહે છે કે ધર્મના કાજે હિંસા કરતાં દોષ નથી તેને તીર્થંકર ભગવાનોએ અનાર્યવચન કહ્યું. એટલે એવા વચનના બોલનાર અનાર્ય જાણવા. તે અધિકાર લખીએ છીએ.

"આવંતી કેઆવંતી લોગંસિ સમણા ય માહણા ય પુઢો વિવાદં વદંતિ. સે દિટ્ઠં ચ ણે. સુઅં ચ ણે. મયં ચ ણે. વિણ્ણાયં ચ ણે. ઉડ્ઢં અહો તિરિઅદિસાસુ સવ્વતો સુપડિલેહિઅં ચ ણે. સવ્વે પાણા સવ્વે જીવા સવ્વે ભૂઆ સવ્વે સત્તા હંતવ્વા. અજ્જાવેઅવ્વા. પરિઘેત્તવ્વા. ઉદ્દવેઅવ્વા. એત્થં પિ જાણધ ણત્થિત્થ દોસો. અણારિયવયણમેઅં. તત્થ જે તે આયરિયા તે એવં વયાસી. સે દુદ્દિટ્ઠં ચ ભે. દુસ્સુઅં ચ ભે. દુમયં ચ ભે. દુવિન્નાયં ચ ભે. ઉડ્ઢં અહં તિરિયં દિસાસુ સવ્વતો દુપ્પડિલેહિયં ચ ભે. જણ્ણં તુમ્ભે એવં આઇક્ખહ. એવં ભાસહ. એવં પરૂવેહ. એવં પણ્ણવેહ. સવ્વે પાણા સવ્વે ભૂઆ સવ્વે જીવા સવ્વે સત્તા હંતવ્વા અજ્જાવેઅવ્વા પરિતાવેઅવ્વા. પરિઘેત્તવ્વા. ઉદ્દવેઅવ્વા. એત્થ વિ જાણહ નત્થિત્થ દોસો. અણારિયવયણમેઅં. વયં પુણ એવમાતિક્ખામો. એવં ભાસેમો. એવં પરૂવેમો. એવં પન્નવેમો. સવ્વે પાણા સવ્વે ભૂઆ સવ્વે જીવા સવ્વે સત્તા ણ હંતવ્વા. ણ અજ્જાવેઅવ્વા. ણ પરિઘેત્તવ્વા. ણ પરિયાવેઅવ્વા. ણ ઉદ્દવેઅવ્વા. એત્થં પિ જાણહ નત્થિત્થ દોસો. આરિયવયણમેઅં. પુવ્વનિકાયસમયં. પત્તિઅં પુચ્છિસ્સામો હં ભે. પાવાદુવાયા કિં સાયં દુક્ખં ઉદાહુ અસાયં સમિતા પડિવન્નેયા વિ એવં બૂઆ. સવ્વેસિં પાણાણં. સવ્વેસિં ભૂઆણં. સવ્વેસિં જીવાણં. સવ્વેસિં સત્તાણં. અસ્સાયં અપરિણિવ્વાણં મહબ્ભયં દુક્ખં તિ બેમિ."

અર્થ : આ જગતમાં જે કોઈ શ્રમણો તથા બ્રાહ્મણો સત્ય અને સનાતન ધ
વિરુદ્ધ વારંવાર પ્રલાપ-બકવાદ કરે છે, એ લોકો એમ કહે છે કે અમે દી
છે, ગુરુ આદિ પાસેથી સાંભળ્યું છે, નિશ્ચયપણે જાણ્યું છે, માન્યું છે, તથ
પ્રત્યેક દિશાથી બરાબર પરીક્ષા કરી જાણ્યું છે કે પ્રાણ, ભૂત, જીવ કે સત્
એ ચાર પ્રકારના સર્વ જીવને ધર્મ નિમિત્તે હણવા, દબાવવા, આજ્ઞા કરવ
પકડવા, દુઃખી કરવા કે પ્રાણરહિત કરવામાં કાંઈયે દોષ નથી. ખરેખર આવે
મિથ્યા પ્રલાપ કરવો એ અનાર્યોનું જ વચન છે, ક્રૂરકર્મી પુરુષોનું વચન છે.

જે આર્ય પુરુષો છે તે આ પ્રકારે કહે છે : તમારું આ દેખવું દુષ્ટ છે. તમા
આ સાંભળવું મિથ્યા-અસત્ય છે. તમારું આ માનવું દુષ્ટ છે. તમારું નિશ્ચિતપ
જાણવું દુષ્ટ છે. પ્રત્યેક દિશાઓથી પરીક્ષા કરી જાણવું મિથ્યા છે-અસત
છે. અનર્થકારી છે કારણ કે તમે એમ કહો છો. બોલો છો, એવી પરૂપણ
કરો છો. એવી રીતે સમજાવો છો કે સર્વ પ્રાણી. જીવ, ભૂત, સત્ત્વ ઘાત કરવ
યોગ્ય છે. દબાવવા યોગ્ય છે, આજ્ઞા કરવા યોગ્ય છે, પકડવા-દુઃખી કરવ
યોગ્ય છે. પ્રાણરહિત કરવા યોગ્ય છે, આ રીતે ધર્મકાર્યમાં જીવહિંસાનો દો
નથી. એ તમારું વચન અનાર્ય, અસત્ય છે. અમે એમ કહીએ છીએ, બોલીએ
છીએ. પરૂપણા કરીએ છીએ, સમજાવીએ છીએ કે કોઇ પણ પ્રાણી, જીવ
ભૂત. સત્ત્વને કોઈ પણ પ્રયોજનથી મારવા નહીં. દબાવવા નહીં. સંતાપવા

ચાલવામાં પાળે છે?

ધર્મના કાજે હિંસા કરવામાં દોષ નથી એમ જે બોલે છે, પરૂપણા કરે છે તે સૂત્ર–આગમ વિરુદ્ધમાં બોલે છે એમ સમજો.

આ બોલમાં 'શ્રમણો, બ્રાહ્મણો' શબ્દો વાપરેલા છે તે બૌદ્ધ વગેરે મતના સાધુઓ તથા પંડિતો માટે વાપરેલા છે.

૪.

પૂર્વભૂમિકા : ચોથા બોલનું નામ 'દયાઈ મોક્ષ પુંડરીક અધ્યયને' રાખી શ્રી લોંકાશાહ સૂયગડાંગ સૂત્રના ૧૭મા અધ્યયનની ગાથા ટાંકીને એકાન્ત દયા ધર્મથી મોક્ષ મળે છે એમ સાબિત કરે છે.

'હવઈ ચઉથઉ બોલ લિખીઇ છઇ. તથા શ્રીવીતરાગ દેવઈ શ્રી સૂયગડાંગ અધ્યયન ૧૭ મઈ એહવું કહિઉં. જે પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણનઇ વિષઇ એણિ પરઈ મોક્ષ પામઈ તે અધિકાર લિખીઈ છઈ.'

વિવરણ : હવે ચોથો બોલ લખીએ છીએ. શ્રી વીતરાગ દેવે શ્રી સૂયગડાંગ સૂત્રના ૧૭મા અધ્યયનમાં તે જ અર્થ વધારે ખુલાસાથી કહેલ છે કે પૂર્વ દિશા તરફથી એક પુરુષ પુષ્કરણી તરફ આવ્યો, બીજો પુરુષ પશ્ચિમ દિશા તરફથી પુસ્કરણી તરફ આવ્યો, ત્રીજો પુરુષ ઉત્તર દિશા તરફથી પુષ્કરણી તરફ આવ્યો, ચોથો પુરુષ દક્ષિણ દિશા તરફથી પુષ્કરણી તરફ આવ્યો અને પુષ્કરણીમાં રહેલ કમળ (મોક્ષ) કેવી રીતે મેળવી શકાય તેનું દૃષ્ટાંત આપેલ છે તે અધ્યયન લખીએ છીએ.

સૂયગડાંગ સૂત્રના પુંડરીક નામના સત્તરમા અધ્યયનનો પાઠ નીચે મુજબ છે–

તથા જે શ્રમણ માહણ હિંસા પરૂપઇ તેહનઇં 'બાહુદંડણાણં. મુંડણાણં જાવ તેમાઈ મરણાણં. પીઆમરણાણં' ઇત્યાદિ બોલ કાં કહ્યા ?

વિવેકી હુઈ તે વિચારી જોજ્યો. અનઇ વલી જુ ધર્મનઇ કીધઇ આશ્રવ નહી તુ સાધુ ઇર્યાઈ ચાલઇ તે સ્યા ભણી? પણિ જાણજ્યો જે સૂત્રવિરુદ્ધ કહઈ છઈ. એહ ત્રીજુ બોલ.'

વિવરણ : હવે ત્રીજો બોલ લખીએ છીએ. આચારાંગસૂત્રના સમ્યક્ત્વ અધ્યયનના બીજા ઉદ્દેશને ધુરિ–પ્રથમ કહેલ છે. 'જે આસવા તે પરિસવા' એ આદિ ચાર બોલ છે તેનો અર્થ લખીએ છીએ. 'જે આસવા' કહેતાં જે સ્ત્રી આદિ કર્મબંધનાં કારણ તેહ જ વૈરાગ્યને આણવે (લાવે) તેથી 'પરિસવા' કહેતાં નિર્જરાનાં ઠામ થાય તથા 'જે પરિસવા તે આસવા' કહેતાં જે સાધુ નિર્જરાનાં ઠામ જે દુષ્ટ અધ્યવસાયના કારણે કરી આશ્રવ–કર્મબંધનાં ઠામ થાય તથા 'જે અણાસવા' કહેતાં જે કર્મ ખપાવવાના હેતુઓ–વ્રતવિશેષ–તે અશુભ અધ્યવસાયના કારણે 'અપરિસવા' કહેતાં તે નિર્જરાનાં ઠામ ન થાય, કર્મ બાંધવાના હેતુઓ થાય. દાખલા તરીકે કુંડરીકની પેરે. તથા 'જે અપરિસવા તે અણાસવા' કહેતાં જે અવિરતિનાં ઠામ–કર્મ બાંધવાના હેતુઓ હોય તેને અનર્થનાં કારણ જાણી વૈરાગ્યનાં કારણે અધ્યવસાય વિશેષે કરી અવિરતીને છાંડવાથી–અનાશ્રવનાં ઠામ થાય એટલે કર્મ ખપાવવાનાં ઠામ (હેતુઓ) થાય છે. કર્મ બંધનનાં ઠામ–હેતુઓ–ન થાય. તથા કોઇક એના અર્થ ફેરવીને કહે છે કે 'જે આસવા' કહેતાં જે ધર્મને કારણે હિંસા કરીએ ત્યાં નિર્જરા થાય. તથા વળી કેટલાક એમ કહે છે જે ધર્મને કાજે હિંસા કરીએ તેને હિંસા ન કહીએ. તો ડાહ્યા હોય તે વિચારી જોજો કે જો ધર્મને કાજે હિંસા કરતાં નિર્જરા થાય અને જો ધર્મને કાજે હિંસા કરતાં નિર્જરા થાય અને જો ધર્મને કાજે હિંસા કરીએ તેને હિંસા ન કહીએ તો

"સે બેમિ પાઈણું વા જાવ એવં સે પરિન્નાયકમ્મે એવંસિ વિવેઅકમ્મે. એઅંસિ વિ અંતકારએ ભવતીતિમક્ખાયં. તત્થ ખલુ ભગવતા છજ્જીવનિકાયહેઉ પન્નત્તા. તં જહા. પુઢવિકાઈએ જાવ તસકાઈએ સે જહાનામએ મમ અસ્સાયં દંડેણ વા. અટ્ઠીણ વા. મુટ્ઠીણ વા. લેલૂણ વા. કવાલેણ વા. આઉડિજ્જમાણસ્સ વા હમ્મમાણસ્સ વા. તજ્જિજ્જમાણસ્સ વા. તાડિજ્જમાણસ્સ વા. પરિયાવિ-જ્જમાણસ્સ વા. કિલામિજ્જમાણસ્સ વા. ઉદ્દવિજ્જમાણસ્સ વા. જાવ લોમુક્ખણણ વિહિં સાકારગં દુક્ખં ભયં પડિસંમુવેદેમિ. ઈચ્ચેવં જાવ ણં સવ્વે પાણા. જાવ સવ્વે સત્તા. દંડેણ વા જાવ કવાલેણ વા. આઉટ્ટિજ્જમાણા વા. હમ્મમાણા વા. તજ્જિજ્જમાણા વા. તાલિજ્જમાણા વા. પરિતાવિજ્જમાણા વા. ઉદ્દવિજ્જમાણા વા. જાવ લોમુક્ખણણમાયમવિહિં સાકારગં દુક્ખં ભયં પડિસંવેદેતિ. એવં નચ્ચા. સવ્વે પાણા જાવ સત્તા ણ હંતવ્વા ણ અજ્ઝાવેયવ્વા. ણ પરિઘેત્તવ્વા. ણ પરિતાવેયવ્વા. ણ ઉદ્દવેયવ્વા. સે બેમિ. જે અતીતા જે અ પડુપ્પન્ના જે અ આગમિસ્સા અરિહંતા ભગવંતા સવ્વે તે એવમાઈક્ખંતિ એવં ભાસંતિ. એવં પન્નવેંતિ સવ્વે પાણા જાવ સત્તા. ણ હંતવ્વા ણ અજ્જાવેઅવ્વા ણ પરિઘેત્તવ્વા ણ પરિતાવેયવ્વા ણ ઉદ્દવેયવ્વા. એસ ધમ્મે ધુવે ણીતિએ સાસએ સમેચ્ચ લોગં ખેઅણ્ણેહિં પવેદિતે."

અર્થ : વળી તે જ અર્થ વધારે ખુલાસાથી કહું છું કે સાધુ નિરારંભી તથા નિષ્પરિગ્રહી સંયમને વિષે પ્રવર્તમાન થકી જ્યાં સુધી એમ તે સાધુ 'જ્ઞ' પરિજ્ઞાયે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાયે પચ્ચખાણ કરીને અને તે કર્મના અંતનો કરનાર થાય એ પ્રકારે તે યોગનિરોધે કરી વિશેષ અંતકારી થાય એમ શ્રી તીર્થંકર ગણધરે કહ્યું છે. ત્યાં કર્મબંધને પ્રસ્તાવે ખલ્લુ ઈતિ વાકયાલંકારે ભગવાનશ્રી તીર્થંકર દેવે ૭ જીવનિકાય કર્મબંધનાં કારણ કહ્યાં છે તે ૭ કાયના નામ કહે છે. પૃથ્વીકાયથી માંડીને યાવત્ તસકાય પર્યંત ૭ જીવનિકાય જાણવા. તેને પીડતાં પીડાવતાં જેમ દુઃખ ઊપજે તેમ દૃષ્ટાંતે કરી દેખાડે છે. તે જેમ મારા એવી સંભાવનાએ મુજને અશાતા ઊપજે, શા થકી અશાતા ઊપજે તે કહે છે. દંડ આદિએ કરી, હણતાં થકી, અસ્થિખંડે કરી, લાકડાંએ કરી, મુષ્ટિએ કરી, પાષાણે કરી, કાંકરીએ (માટીના ઢેફાંએ) કરી, આક્રોશ કરતાં થકી તથા સન્મુખ નાખતાં થકી, અથવા હણતાં થકી, તર્જના કરતાં થકી, તાડના કરતાં થકી, પરિતાપના કરતાં થકી, કિલામણા કરતાં થકી. ઉદ્વેગ કરતાં થકી, જીવિત થકી રહિત કરતાં થકી, યાવત શરીરમાંથી એક રોમ (વાળ) ઉખેડતાં એવું પણ હિંસાનું કારણ તથા પાપ દુઃખ અને ભય હું વેદું,

અનુભવું એ પ્રકારે જાણે કે સર્વ જીવ તે સર્વ પંચેન્દ્રિયવાળા જાણવા, સર્વ ભૂત ને સર્વ વનસ્પતિ પ્રમુખના જીવ જાણવા, સર્વ સત્વ એટલે પૃથ્વી આદિક સર્વ જીવ જાણવા. તે જીવોને દંડે કરી હણતાં થકી, યાવત્ ઠીકરીએ કરી હણતાં થકી, આક્રોશ કરતાં થકી, હણતાં થકી, તર્જના કરતાં થકી, તાડના કરતાં થકી, પરિતાપના કરતાં થકી, કિલામના કરતાં થકી, ઉદ્વેગ કરતાં થકી તથા જીવને કાયાથી રહિત કરતાં થકી, યાવત્ એક રોમ ઊખડતાં માત્ર એવું પણ હિંસાનું કારણ તે થકી પણ તે જીવો દુઃખ અને ભય એવું જ વેદે, અનુભવે એટલે જેવું દુઃખ મને વેદવું પડે તેવું દુઃખ સર્વ જીવને વેદવું પડે. એમ સર્વ જીવોને પોતા સરખું દુઃખ દેખાડીને અન્ય જીવોને શિક્ષાનો ઉપદેશ આપે છે એવું જાણીને સર્વ પ્રાણ, સર્વ ભૂત, સર્વ જીવ, સર્વ સત્વને હણવા નહીં, દંડાદિકે કરી તાડવા-મારવા નહીં, બલાત્કારે કરી દાસની પેઠે પરિગ્રહવા નહીં, શારીરિક, માનસિક પીડા ઉપજાવીને પરિતાપવા નહીં, કિલામના કરી ઉપદ્રવ કરવો નહીં તથા કાયા થકી રહિત કરવા નહીં. સુધર્માસ્વામી કહે છે કે એ વચન હું કહું છું તે પોતાની મતિએ નથી કહેતો પણ એમ સર્વ તીર્થંકરોની આજ્ઞા છે. જે અતીત કાલે તીર્થંકરો થયા, જે વર્તમાન કાલે તીર્થંકરો છે અને જે આગમિક કાલે થશે તે પૂજાસત્કાર યોગ્ય જ્ઞાનવંત આશ્ચર્યાદિક ગુણોથી સંયુક્ત એવા સમસ્ત શ્રી અરિહંત ભગવંતે એમ સામાન્ય થકી કહે છે, એમ અર્ધમાગધી ભાષાએ ભાખે છે, એમ શિષ્યને દેશના આપે છે, એમ સમ્યક્ પ્રકારે પરૂપે છે કે સર્વ પ્રાણીથી માંડીને સર્વ સત્વને હણવા નહીં, દંડાદિકે કરી તાડવા નહીં, બલાત્કારે દાસની પેઠે પરિગ્રહવા નહીં, શારીરિક, માનસિક પીડા ઉત્પન્ન કરી પરિતાપવા નહીં, કાયા થકી રહિત કરવા નહીં. પ્રાણીને દયાલક્ષણ દાખવનાર, દુર્ગતિએ જતા જીવને રાખનાર તે ધર્મ કેવો છે? ધ્રુવ નિત્ય સદા સર્વ કાળે છે. કોઈ કાળે તેનો ક્ષય નથી, શાશ્વત છે.

"ઈહાં શ્રીવીતરાગઈ એકાંત દયાઇ મોક્ષ કહી. પણિ કિહાંઈ હિંસાઇ મોક્ષ નથી. એહ ચઉથઉ બોલ."

વિવરણ : અહીં શ્રી વીતરાગ દેવે એકાંત દયાથી મોક્ષ મળે છે એમ કહ્યું છે પણ ક્યાંય હિંસા કરવાથી મોક્ષ મળે તેમ કહ્યું નથી. આ ચોથો બોલ પૂરો થયો.

પૂર્વભૂમિકા : પાંચમા બોલનું નામ 'હિંસા તથા દયા પરૂપ્યાનાં ફળ' રાખીને શ્રી ગ્રંથકાર શ્રી સુયગડાંગ સૂત્રના ૧૮મા અધ્યયનની ગાથા ટાંકીને બતાવે છે કે જેઓ હિંસાનો ઉપદેશ આપે છે તે સંસારમાં રખડશે, દુઃખી થશે અને જેઓ દયાનો ઉપદેશ આપે છે તે મોક્ષની પ્રાપ્તિ કરશે.

"અથ હિવે પાંચમું બોલ લિખીયે છૈ. તથા શ્રી સૂયગડાંગનઇ ૧૮ મઇ અધ્યયનઇ એહવું કહિઉં. જે શ્રમણ માહણ હિંસા પરૂપઇ. તે સંસારમાંહિ રુલઇ. ગાઢા દુઃખીયા. થાઇ. વલી જન્મ મરણ કરઇ. દરિદ્રી દુર્ભાગી થાઇ. બાલપણાદિ મરણના છેદ પામઇ. અનઇ જે શ્રમણ માહણ દયા પ્રરૂપઇ તે સંસારકાંતાર-માંહિ રુલઇ નહીં. તે દુઃખીયા ન થાઇ. તેહના બાલપણાદિ છેદ ન પામઇ. તે [illegible] સર્વ દુઃખનું અંત કરઇ. તે આચારાંગે લિખીઇ છઇ."

અન્જિઝસ્સંતિ. જાવ ણો સવ્વદુક્ખાણં અંતં કરિસ્સંતિ. એસ તુલા એસ પમાણે એસ સમોસરણે. પત્તેઅંતુલે. પત્તેઅં પમાણે. પત્તેઅં સમોસરણે. તત્થ ણં જે તે સમણા માહણા એપમાતિક્ખંતિ જાવ પરૂવેંતિ સવ્વે પાણા જાવ સવ્વે સત્તા ણ હંતવ્વા જાવ ણ ઉદ્દવેઅવ્વા. તે ણો આગંતુચ્છેયાએ. તે ણો આગંતુ ભેઆએ. જાવ જાઇમરામરણજોણીજમ્મણસંસારપુણબ્ભવગબ્ભવાસભવપવંચકલં-કલીભાગિણો ણો ભવિસ્સંતિ. તે ણો બહૂણં દંડણાણં જાવ ણો બહૂણં દુક્ખદો-મણુસાણં ણો આભોગિણો ભવિસ્સંતિ. અણાતીઅં ચ ણં અણવયગ્ગં દીહમદ્ધં ચાઉરંતસંસારકંતારં ભુજ્જો ણો અણુપરિયટ્ટિસ્સંતિ. તે સિજ્ઝસ્સંતિ જાવ સવ્વ દુક્ખાણ અંતં કરિસ્સંતિ."

અર્થ : એ જ તોલ (ગજ), પ્રમાણ (માપ)થી એ જ ન્યાયથી સઘળા જીવોનો તોલ, માપ અને ન્યાયથી તમારે વિચાર કરવો જોઈએ. એટલે તેથી જે શ્રમણ, બ્રાહ્મણ એમ બોલે છે, યાવત્ એમ પરૂપે છે કે સર્વ પ્રાણ, સર્વ ભૂત, સર્વ જીવ અને સર્વ સત્ત્વની હિંસા કરવી, તેના ઉપર હકૂમત (આજ્ઞા) ચલાવવી, પોતાના પરિગ્રહની મિલ્કત જાણી કબ્જે રાખવો, સંતાપ દેવો, કિલામના આપવી, ઉદ્વેગ કરવો. આ પ્રમાણે બોલનાર બધા ભવિષ્યમાં એ જ રીતે છેદન, ભેદન યાવત્ જન્મ, જરા, મરણ પામશે. અનેક યોનિમાં જન્મી પરિભ્રમણ કરશે. નવીન ભવમાં ઉત્પન્ન થશે, ગર્ભવાસમાં રહેશે. ભવ, પ્રપંચ અને દુઃખના ભાગીદાર થશે. આ જીવો શરીરનાં દુઃખો દંડ વગેરેના મારથી ભોગવશે. ઘણી વાર મુંડનનું દુઃખ ભોગવશે. તર્જના, તાડના, દોરડા વગેરેના બંધનથી બંધાશે. છેવટે રસ કાઢતાં જેમ કેરી ઘોળે તેમ તેને પીડવા, ઘોળવાનું દુઃખ ભોગવશે. પામશે. દરિદ્રી, દુર્ભાગી બનશે અને અપ્રિય દુશ્મનો હાથે રહેવું પડશે (સંયોગ થશે). પ્રિય વસ્તુઓનો વિયોગ થશે. મહાદુઃખી મરીને મહાન ખેદયુક્ત, મહાદુર્ભાગી થશે. અનાદિ અનંત ચાર ગતિવાળા સંસારરૂપી અટવીમાં લાંબો કાળ વારંવાર પરિભ્રમણ કરશે (સંસારરૂપી અટવીમાં રખડશે) પાખંડી લોકો સીઝશે નહીં, બુઝશે નહીં અને સર્વ દુઃખોનો અંત કરશે નહીં. આ જ તુલા, એ જ માપ અને એ જ ન્યાયથી સઘળા જીવોને પોતાના આત્મા તુલ્ય—સરખા માનવા જોઈએ અને જે સાધુ અને બ્રાહ્મણ એમ બોલે છે યાવત્ પરૂપે છે કે સર્વ પ્રાણી અને ભૂતો સર્વ જીવ અને સત્ત્વની હિંસા કરવી નહીં, તેના ઉપર હકૂમત—આજ્ઞા ચલાવવી નહીં, પરિગ્રહ જાણી કબ્જે રાખવો નહીં, સંતાપ કરવો નહીં, કિલામના કરવી નહીં, ઉદ્વેગ કરવો નહીં એમ બોલનારા બધા ભવિષ્યમાં છેદનભેદન, યાવત્ જન્મ, જરા, મરણ પામશે નહીં, અનેક યોનીમાં પરિભ્રમણ કરશે નહીં,

નવીન ભવમાં ઉત્પન્ન થશે નહી, ગર્ભવાસમાં રહેશે નહીં, ભવપ્રપંચ અને દુઃખના ભાગીદાર થશે નહીં, શરીરના દંડ ભોગવશે નહીં, મુંડનનું દુઃખ પામશે નહીં, મહાદુઃખી મરીને મહાન ખેદયુક્ત, મહાદુર્ભાગી થશે નહીં, લાંબો કાળ સંસારરૂપ અટવીમાં પરિભ્રમણ કરશે નહીં. આ દયા લાવનાર જીવો સીઝશે, બુઝશે, મોક્ષમાં જશે અને સર્વ દુઃખનો અંત કરશે.

"એ આલાવાનઇ મેલઇ જે શ્રીવીતરાગના સંતાનીઆ એકાંત દયાઇ ધર્મ પ્રરૂપઇ. એણઈ કહિવઈ હિસાઇ ધર્મ ન પ્રરૂપઇ. એહ પાંચમું બોલ.

વિવરણ : ઉપરના આ અધિકાર (અધ્યયન) ધ્યાનમાં રાખી શ્રી વીતરાગદેવના સાધુઓ એકાંત દયાધર્મ પરૂપે અને કદી કોઈ વાર હિંસાધર્મની પરૂપણા કરે નહીં.

૬.

પૂર્વભૂમિકા : છઠ્ઠા બોલનું નામ 'નદીનાં પ્રત્યુત્તર' રાખેલ છે. શ્રી ધર્મપ્રાણ લોંકાશાહ જો એકાંત દયાધર્મ હોય તો સંયમી સાધુઓ નદી કેમ ઊતરે છે એવા વિરોધપક્ષવાળાની તકરારનો પ્રત્યુત્તર આપે છે અને પોતાની દલીલના આધારમાં શ્રી સમવાયાંગ સૂત્ર તથા દશાશ્રુત સ્કંધ સૂત્રના આધારો ટાંકીને સમજાવે છે કે સાધુઓને નદી ઊતરવાથી સબળા દોષ લાગે છે અને તેનું પ્રાયશ્ચિત લે છે તેમ જ નદી ઊતરવાની મર્યાદા પણ શાસ્ત્રમાં રાખેલ છે.

"હવે છઠ્ઠું બોલ લિખિઇ છઇ. તથા કેતલાએક ઇમ કહઇ છઇ. જઉ દયાઇ ધર્મ, તુ સાધુ [illegible] નદી કાંઇ ઊતરઇ? તેહનઉ ઉત્તર પ્રીછવ્યાં. જઉ નદી ઊતરઇ [illegible], [illegible] નિ ન ઊતરઇ. શ્રી વીતરાગે તુ નદી ઊતરવાની સંખ્યા [illegible] એકવીસમે સબલે. તથા દશાશ્રુતમધ્યે એહવા કહ્યા [illegible] સબલે.' ઇહાં નદિ ઇમ કહ્યું. જે [illegible] ઊતરવાની દસ લેપ લગાડઇ

તે સમજુ. જુ ધરઈ કુમતિનઈ નદી ઊતરઈ ધર્મ, જુ શ્રી વીતરાગે કિસ્યા આગિ નદી ઊતરઈ તેહનઈ સમઉ કાં કહઈ? તથા જે ધર્મકર્તવ્ય છઈ તે બાહુ બાહુ કીજઈ. અનઇ બલ કરીનઇ અનુમોદીઇ. અનઇ નદી તુ બાહુ ઊતરવી નહીં. અનઇ ઊતરિઆ પછઇ અનુમોદઇ પણિ નહીં. જે વિરાધના હુઈ હુઇ તે નિંદઇ ગર્હઇ. તથા સાધુનઈ વિહાર કરતાં કેતલે વરિસઈ, તથા કેતલઇ માસઈ તથા કેતઇ કઈ દિવસિ ક્ષેત્રવિશેષઈ તથા દેશવિશેષઈ નદી, નાવી તથા ન ઊતરિઇનું કાંઈ સાધુ નદી અણઊતરિઆનઉ પશ્ચાત્તાપ તઉ ન કરઇ. પણિ પ્રતિમાનઉ પૂજણહાર કેતઇ કઇ માસિ કેતઇ કઈ દિવસિ કારણવિશેષઈ પ્રતિમા પૂજી ન સકઈ, તુ પશ્ચાત્તાપ કરઇ ઇમ ચીંતવઈ 'જે આજરઇ પોતઇ પાપ જે મઈ પ્રતિમા ન પૂજાણી.' પણિ સાધુ નદી અણઊતરઈ ઇમ ન ચીંતવઈ જે-'આજરઇ પોતઇ પાપ જે મઈ નદી ન ઊતરાણી.' જિકો પ્રતિમા ઊપરિ નદીનું દૃષ્ટાંત માંડઇ છઇ તે સૂત્રવિરુદ્ધ દીસઈ છઈ. તે ભેદના જાણી જે પ્રતિમાના પૂજનહારનઈ પ્રતિમાની પૂજા અનુમોદવીનઈ પાતઇ છઈ. અનઇ સાધુનઈ નદીનુ ઉતાર નિંદવાનઇ પાતઇ છઈ તથા વતઈ ચેણઈ પાતઈ નહી છઈ તે પ્રોખ્યા. નદી અવશ્યપરિહાર છઈ, અનઇ અનાકુટ્ટિ છઇ તે અનાકુટ્ટિ શ્રીસમવાયાંગમધ્યે એકવીસમઇ સમવાયઈ છઇ. વિશેષ છઇ તે વિચારી જોજ્યો. એહ છટ્ઠું બોલ."

વિવરણ : અહીં જે એમ કહ્યું જે સાધુ એક મહીનામાં ત્રણ વખત નદીના પાણી ઊતરવાનો લેપ (દગલેપ) લગાડે તે સબળો દોષ અને એક વરસમાં દશવાર નદીના પાણી ઊતરવાનો લેપ (દગલેપ) લગાડે તે સબળા દોષ. તો હવે કુમતિને કે નદી ઊતરવાની ક્રિયાને ધર્મ કહેવામાં આવે તો શ્રી વીતરાગે જે સાધુ વધારે (૩ નદીથી વધારે) નદી ઊતરે તેને પણ સબળો દોષ કહ્યો છે. શ્રી લોંકાશાહ એમ દલીલ કરે છે કે જે ધર્મકર્તવ્ય-ધર્મની ફરજ છે તે ધર્મકર્તવ્ય બહુ બહુ વધારે કરવું જોઈએ અને બલ (ભાર) દઈને કરવાનું અનુમોદન આપવું જોઈએ. આમ કરવાને બદલે શ્રી વીતરાગે તો એમ ફરમાવ્યું કે નદી તે બહુ બહુ વધારે ઊતરવી નહીં અને ઊતર્યા પછી અનુમોદન પણ કરવું નહીં અને નદી ઊતરવામાં જે દોષ લાગે, જે વિરાધના-પાપ-નદી ઊતરવાથી લાગે તેની આત્માની સાક્ષીએ નિંદા કરવી, ગર્હના કરવી એમ સિદ્ધાંતમાં ફરમાન કર્યું અને સાધુએ વિહાર કરતાં કેટલી વાર એક વરસમાં કેટલી વાર એક મહીનામાં ક્ષેત્રવિશેષે અને દેશવિશેષે કરી નદી ઊતરવાનું પ્રાયશ્ચિત કહ્યું છે પણ નદી નહીં ઊતરવાનું પ્રાયશ્ચિત કહ્યું નથી. જો નદી ધર્મકર્તવ્ય તરીકે ઊતરવાની હોય તો નદી ધર્મકર્તવ્ય તરીકે નહીં ઊતરવાનું

પ્રાયશ્ચિત સિદ્ધાંતમાં ફરમાવ્યું હોત. પણ પ્રતિમાની પૂજા કરનાર કેટલી વાર એક માસમાં, કેટલી વાર એક દિવસમાં કારણવિશેષે કરી પ્રતિમાની પૂજા કરી શકે નહીં તો તેનું પ્રાયશ્ચિત કરે અને એમ ચિંતવના કરે 'જે મારાથી પ્રતિમા ન પૂજાણી તે મને પોતાને પાપ લાગ્યું' પણ સાધુએ મારાથી નદી ઊતરવામાં નહીં આવી તેની ચિંતવના કરવાનું કહ્યું નથી-'મારાથી નદી ન ઊતરાણી તેનું મને પોતાને પાપ લાગ્યું છે." જે લોકો નદી ઊતરવાના દૃષ્ટાંતને પ્રતિમાની પૂજાને લાગુ કરે છે તે સિદ્ધાંત વિરુદ્ધ દેખાય છે તે એટલા ખાતર કે પ્રતિમાની પૂજા પ્રતિમા પૂજનારને અનુમોદન કરવા માટે છે અને સાધુને નદી ઊતરવાનું કૃત્યની નિંદા માટે કહ્યું છે. હવે જે હેતુ માટે નદી છે તે જુઓ, સમજો, નદી અશક્ય પરિહાર છે અને અનાકુટી છે. તે અનાકુટી શ્રી સમવાયાંગના એકવીસમા સમવાયમાં કહેલ છે. વિવેકી હોય તે વિચારી જોજો. આ છઠ્ઠો બોલ પૂરો.

આલંભિકા નગરીના તથા સાવત્થી નગરીના પ્રમુખ શ્રાવક મોટા ધણાના અધિકાર દીસઈ છઈ. તથા કુણઈ શ્રાવકઈ પ્રતિમા ઘડાવી તથા ભરાવી તથા પ્રતિષ્ઠાવી તથા પૂજા તથા જાત્રારી કિહાં દીસતી નથી. અનઈ સરવાલઇ મનુષ્યલોકમાંહિ એક કુણઈ પૂજા દીસઇ છઇ તે પૂજવાનું પ્રમાણ કીહાં? સિદ્ધાંતના અર્થ તું જાણ જેમહિ શ્રાવકઈ. એ તુ તત સંસારના આરંભકારજનુ દીસઇ છઇ જે પ્રવૃતી દેખાઈ છઇ. વલી પુનરપિ આગમ માંહિ કુણઈ પ્રતિમા પૂજી કહી નથી. જે મોક્ષનઈ પાતઇ હુઈ તુ ખંડપુરાણ અવસર ટાલી વલી પૂજઈ. પુણ એ મોક્ષનઇ પાતઇ નથી દીસતી.

આગઇ જે વાસ્તુશાસ્ત્રે તથા વિવેકવિલાસમાંહિ પ્રતિમા ઘડાવવા ભરાવવાની વિધિ બોલી, તથા જે રૂપાં જે નવી પ્રતિમા ભરાવઇ તથા ઘડાવઈ, તે ઘડાવણહાર તેહનઈ પૂછઇ—'મૂરખનઇ પ્રતિમા ઘડાવવાની ભરાવવાની તથા પ્રતિષ્ઠવાની વિધિ કહિ' તેહઇ જોતાં સંસારનાઈ હેતુઇ દીસઇ છઈ. તે કિમ? તો લિખીઇ છઈ. 'એકત્રીસ તિત્થયરા સંતિકરા હુંતિ ગેહેસુ' જે એકત્રીસ તીર્થંકરની પ્રતિમા ઘરે માંડી શાંતિ કરઇ. પણિ તિણિ તીર્થંકરની પ્રતિમા ઘરિ ન માંડઇ. જે મોક્ષનઇ પાતઇ હુઈ, તુ તિણિ તીર્થંકર ઘરિ માંડ્યા શાંતિ સિંઈ ન કરઇ? તીર્થંકર તુ ચઉવીસઇ મોક્ષદાયક છઇ. એહુઈ કેમ કહિઉં 'તિણિ તીર્થંકર ઘરિ ન માંડીઇ, જેહ ભણી તેહનઈ બેટા ન હતા, તેહ ભણી ઘરિ ન માંડીઇ.' એહુઈ કારણઇ સંસારનઈ હેતુઈ દીસઇ છઇ. પણિ મોક્ષનઇ પાતઇ નથી. તથા જિહાં નવી પ્રતિમા ભરાવઇ, તેહની રાશિ પુરુષનઇ તીર્થંકરની રાશિ સંઘાતિ મિલતાં વિશેષ જોઇઇ. ઇમ કહતઈ જે તીર્થંકર સંઘાતઇ નાડીવેધ પડઇ, તથા બીઆબારું પડઇ, તથા નવપંચક પડઇ, તથા ષડાષ્ટક પડઇ ઇત્યાદિક દોષ ઉપજઇ, તે પ્રતિમા ભરાવઇ નહી, ઘરિ માંડઇ નહી, એહઇ જોતાં સંસારનઈ હેતુઇ દીસઇ છઇ. તથા વલી જિહાં પ્રતિમા પ્રતિષ્ઠા કીજઇ, તિહાં આરંભકારણ ઘણાં કરઇ છઇ. તેઉ હેતુઇ જોતાં પણિ સંસારનઇ પાતઇ દીસઇ છઇ. તથા વલી જે જિણદત્તસૂરિકૃત શ્રાવક વિવેકવિલાસ તેહમાંહિ પ્રતિમા ઘડાવવાની ભરાવવાની વિધિ બોલી છઇ. તિહાં ઇમ કહિઉં છઇ—'જુ પ્રતિમાનું મુખ રૌદ્ર પડઇ, તથા બીજા અવયવ ખાડખા પડઇ, તઉ તે પ્રતિમાના કરાવણહારનઇ ઘણી જ હાણિ બોલી છઇ. ધનની હાણિ તથા કુલની હાણિ તથા દેહની હાણિ. તથા શરીરની હાણિ'—ઇત્યાદિક ઘણા દોષ બોલ્યા છઇ. એતઇ ઠામ જોતાં સંસારહેતુઇ દીસઇ છઇ. તીર્થંકર તઉ કરણહારનઇ જ્યાનન કરઇ. આહ તઇ તે વિચારી જોજ્યો.

તથા જિહાં ચક્રિઆભઇ પ્રતિમા પૂજઇ તિહાં પણિ મોક્ષનઇ પાતઇ પૂજા નથી.

એતલા ભણી જિહાં જિહાં શ્રીવીતરાગ વાંદ્યા તિહાં એહવાં કહ્યાં જે 'જે એયણે પેચ્ચા હિઆએ સુહાએ' ઇત્યાદિ કહતાં પરભવ જાણિવઉ. અનઇં જિહાં પ્રતિમા પૂજી તિહાં 'પુવ્વિં પચ્છા હિઆએ સુહાએ' ઇત્યાદિ કહ્યું. એહ અધિકાર જોતાં મોક્ષનઇ પાતઇ નહી. જુ પ્રતિમાનઇં અધિકારઇં 'પેચ્ચા' કહ્યું હુતઉ વીતરાગ વાંદ્યા અનઇ પ્રતિમા પૂજી સરીષું થાઉત. ઇહ્યાં તઉ 'વીતરાગ વાંદ્યા' અનઇ 'પ્રતિમા પૂજી' વિચાલઇ શબ્દના ફેર તઉ ગાઢા સગલા દીસઇ છઈ. જે ડાહુ હુઇ તે વિચારજ્યો.

તથા કેતલાએક ઇમ કહઇ છઇ. સમ્યગ્દષ્ટી ટાલી કોઇ 'નમોત્થુણં' ઇત્યાદિ ન ભણઇ. તે શ્રીઅનુયોગદ્વારમાંહિં ઇમ કહ્યું— 'જે ઇમે સમણગુણમુક્કજોગી છક્કાયનિરણુકંપા હયા ઇવ ઉદ્દામા, ગયા ઇવ નિરંકુસા, ઘટ્ઠા મટ્ઠા તુપ્પોટ્ઠા, પંડુરપટ્ટપાઉરણા, જિણાણં અણાણાએ સચ્છંદ વિહરિઊણં ઉભઓકાલમાવસ્સગસ્સ ઉવટ્ઠંતિ'. તુ જોઇઇ લોકોત્તર દ્રવ્યાવસ્યકના કરણહાર દિન પ્રતિઇ વાર બિ આવસ્યક કરઇ તેહમાહિં 'નમોત્થુણં કહઇ. અનઇ તે વીતરાગઇ સમકિતદષ્ટી ન કહિયા. તઉ જોઉ નઇં, જિ કોઇ ઇમ કહઇ છઇ જે 'સમ્યગ્દષ્ટી ટાલી નમોત્થુણં કો ન કહઇ' તે વાત સૂત્રવિરુદ્ધ દીસઇ છઇ. તથા શ્રીનંદિ-સૂત્રમાહિં ઇમ કહ્યું જે 'ચઉદ પૂર્વના ભણણહારનઇં મતિ સમી હુઇ. જાવ દસ પૂર્વના ભણનહારનઇં પણિ મતિ સમી હુઇ. અનઇ નવ પૂર્વના ભણન-હારનઇં પણિ મતિ સમી હુઇ. અનઇ મિથ્યા પણિ હુઇ.' એતલઇ નમોત્થુણં આદિઈ દેઇનઇં ગ્રંથ ઘણુઇ ભણઇ, પણિ મતિ મિથ્યાઇ હુઇ, અનઇ સમી પણિ હુઇ. તુ ઇણઇં મેલઇં જોતાં જે ઇમ કહઇ છઇ જે સમ્યગ્દષ્ટી ટાલી અનેરા કોઇ 'નમોત્થુણં' ન કહઇ.— એ વાત સમસ્તું વિરુદ્ધ દીસઇ છઇ. તથા પ્રત્યક્ષ 'નમાણાં' પ્રમુખ ઘણાઇ 'નમોત્થુણં' કહઇ છઇં. તે કાંઇ સમકિતદષ્ટી જાણ્યા નથી. જે ડાહુ હુઇ તે વિચારી જોજ્યો.

એતલઇ ગણધર જેહનું જેહનું નામ દીધું તેહનઇ તેહનું નામ કહઇ. તે તે નામ કહ્યા માટિ ઇ કાંઈ આગમ ન થાઇ. શ્રીવીતરાગઇં તુ જ્ઞાન દર્શન ચારિત્ર આરાધ્યા સોઇજ ઠામઇ બોલ્યાં-'તિવિહા આરાહણા પં. તં. નાણારાહણા, દંસણારાહણા, ચારિત્તારાહણા' તથા ગણધરે આપણે મુખઇ ઇમ કહ્યું, પૂર્ણભદ્રયક્ષનઇ 'જે દિવ્વે જક્ખે'-એ પદ આગલિ જ ગણધરે ઇમ કહ્યું, જે 'એ યક્ષ જાણવો' તુ કાંઈ આગલિ આરાધવો નથી. તથા ગણધરે ઇમ કહ્યું જે ગોસાલાના શ્રાવક એહવા છઇ, જે 'અરિહંતદેવતાગા, અમ્માપીઇ સુસ્સૂસગા.' ગણધરે ઇમ કહ્યું જે ગોસાલાના શ્રાવકનઇ ગોસાલો અરિહંત દેવ છઇ. પણિ ગણધરે ઇમ સિઇં ન કહ્યું 'જે ગોસાલાના શ્રાવકનઇ ગોસાલો દેવ છઇ.' એતલઇ ઇમ જાણજ્યો, જે-લોકમાહિં જે પદાર્થ જેહવા પ્રવર્તઇ છઇ, તે ગણધર પણિ તિમ જ કહઇ.

તથા દ્રુપદીના આલાવાની વૃત્તિમાહિં ઇમ કહિઉં છઇ, જે 'એક વાચનાઇ એહવું છઇ, જે "જિણપડિમાણં. અચ્ચણં કરેતિ." એતાવદેવ દૃશ્યતે.'-'જિનપ્રતિમાની અર્ચા કીધી' એતલું જ દીસઇ છઇ, પણિ 'ણમુત્થુણં' ઇત્યાદિક બોલ કહ્યા નથી. જેહવાં જે પ્રતિ પ્રવર્તઇ છઇ, અનઇ તે પ્રતિવિચાલઇ આંતરાં ગાઢાં ઘણાં દીસઇ છઇ ડાહ્યુ હુઇ તે વિચારી જોજ્યો.

તથા ઠાણાંગિઇ ઇમ કહિઉં છઇ. જે દ્રુપદીઇ નારદનઇ ઇમ કહિઉં જે 'અસંજય-અવિરએ' ઇત્યાદિ. એ બોલ સમ્યગ્દૃષ્ટી વિવેક હુઇ જાણઇ. તે બોલ મિથ્યાત્વીઇ, ગૌતમસ્વામિનઇ પણિ ઇમ કહિઆ છઇ. તે લિખીઇ છઇ-'તએ ણં તે અન્ન-ઉત્થિઆ જેણેવ ભગવં ગોયમે તેણેવ ઉવાગચ્છઇ. ઉવા. ૨ ભગવં ગોયમં એવં વયાસી. તુમ્મે ણં અજ્જો તિવિહંતિવિહેણં અસંજય અવિરયપડિહય પચ્ચખાયપાવકમ્મે સકિરિયે. અસંવુડે. એગંતદંડે એગંતબાલે આવિ ભવહ.' એહવા બોલ કહ્યા છઇ. શ્રીભગવતીસૂત્રનઇ અંઢારમા શતકનઇ આઠમઇ ઉદ્દેસઇ છઇ. તથા સ્થવિરનઇ પણિ મિથ્યાત્વીઇ એહવા બોલ કહ્યા છઇ. 'તએ ણં તે અન્નઉત્થિઆ જેણેવ થેરા ભગવંતા તેણેવ ઉવાગચ્છંતિ. તે થેરા ભગવંતા એવં વદાસિ. તુબ્મે ણં અજ્જો તિવિહંતિવિહેણં અસ્સંજય અવિરય અપ્પડિહ. જહા સત્તમસએ જાવ એગંતબાલે આવિ ભવહ.' શ્રીભગવતીસૂત્રનઇ આઠમા શતકનઇ સાતમઇ ઉદ્દેસઇ છઇ. તુ જોઉનઇ મિથ્યાત્વી 'અસંજએ અવિરએ' ઇત્યાદિ બોલ બોલ્યું છઇ. એ સાતમુ બોલ."

વિવરણ : હવે સાતમો બોલ લખીએ છીએ. સિદ્ધાંતમાં તુંગીઆ નગરીના,

આલભિયા નગરીના, સાવત્થી નગરીના મુખ્ય શ્રાવકના ઘણા ઘણાના અધિકાર કહેલ છે. પણ તે અધિકારોમાં કોઇ શ્રાવકે પ્રતિમા ઘડાવી, ભરાવી, પ્રતિષ્ઠા કરાવી, પૂજા કરી, જુહાર કર્યા એવું ક્યાંય દેખાતું નથી. સર્વ સરવાળે (ટૂંકમાં) મનુષ્ય-લોકમાં તો ફક્ત દ્રૌપદીએ પૂજા કરી એટલું દેખાય છે. દ્રૌપદીએ પૂજા શા હેતુથી, શા કારણથી કરી હતી? સિદ્ધાંતના અર્થ નય ઉપર ચાલે છે. સિદ્ધાંતના અર્થ કરવા માટે નય–હેતુ–કારણ ધ્યાનમાં લેવાય છે. દ્રૌપદીએ પ્રતિમા પૂજી એ સંસારના લૌકિક આરણકારણ–(આચરણ)–હેતુ માટે પૂજ્યાનું દેખાય છે તેણે લગ્ન વખતે પ્રતિમાની પૂજા કરી અને ત્યાર પછી આખી જિંદગીમાં પ્રતિમાપૂજા કરી હતી એમ શાસ્ત્રોમાં કહ્યું નથી. પ્રતિમાપૂજા મોક્ષની સિદ્ધિ માટે કરવાની હોય તો લગ્નના પ્રસંગ સિવાયના અન્ય પ્રસંગે દ્રૌપદીએ પ્રતિમાની પૂજા કરી હોત. પણ લગ્ન વખતે દ્રૌપદીએ પ્રતિમા પૂજી એ મોક્ષના હેતુ માટે પૂજી હતી. એમ લાગતું નથી.

નોંધ : પ્રસિદ્ધ હેમચંદ્રાચાર્યે જિન ચાર જાતના કહેલ છે. શ્રી હેમચંદ્રાચાર્યના હૈમી નામમાળામાં નીચેનો શ્લોક છે :

> વીતરાગો જિન સ્યાત્, જિન સામાન્ય કેવલી
> કંદર્પો જિન સ્યાત્, જિનો નારાયણસ્તથા

ઉપરના શ્લોકમાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે જિન શબ્દનો અર્થ ચાર જાતના જિનો થાય છે એમ કર્યો છે (૧) શ્રી તીર્થંકર વીતરાગદેવ જિન કહેવાય (૨) સામાન્ય કેવલી જિન કહેવાય (૩) કામદેવ જિન કહેવાય (૪) નારાયણ વાસુદેવ જિન કહેવાય. આ ચાર પૈકીના શ્રી વીતરાગ તીર્થંકર દેવ અને કેવલી ભગવાન એ બે ભાવ જિન છે અને કામદેવ અને નારાયણ એ બે દ્રવ્ય જિન છે. શ્રી વીતરાગ તીર્થંકર અને કેવલી ભગવાન એ બે ધાર્મિક, લોકોત્તર જિનદેવ છે અને કામદેવ અને નારાયણ એ વ્યાવહારિક, લૌકિક દેવ છે. હવે આપણે વિચાર કરીએ કે દ્રૌપદીએ પૂજા કરી એ કયા પ્રકારના દેવની પૂજા કરી અને પૂજા કરી તે પ્રસંગ પણ કયા પ્રકારનો હતો. લૌકિક, વ્યાવહારિક પ્રસંગ હતો કે લોકોત્તર, ધાર્મિક પ્રસંગ હતો! દ્રૌપદીનો અધિકાર શ્રી જ્ઞાતાસૂત્રમાં ઘણા જ વિસ્તારથી આપેલ છે. આ અધિકાર આપણે બારીકાઇથી તપાસવો જોઇશે. દ્રૌપદી યુવાન થતાં તેના લગ્ન માટે સ્વયંવર રચવામાં આવ્યો હતો અને સ્વયંવરમાં આવેલા રાજાઓ પૈકી કોઈ લાયક વરની પસંદગી તેણે કરવાની હતી. યોગ્ય વરની પસંદગી કરવા સ્વયંવરમાં જતાં પહેલાં સ્નાન કરી, આભૂષણો પહેરી મહેલમાં બિરાજતા

'જિન' દેવની પૂજા કરી અને પછી સ્વયંવરમાં ગઇ હતી. આ બિનતકરારી હકીકત સ્પષ્ટ બતાવે છે કે આ પ્રસંગ લૌકિક વ્યાવહારિક હતો પણ ધાર્મિક, લોકોત્તર પ્રસંગ નહોતો. એક યુવતી પોતાના માટે યોગ્ય પતિની પસંદગી કરવા જાય ત્યારે તેના મનમાં કેવા પ્રકારના ભાવો હોય તે પણ વિચારીએ. પોતાને સારો પતિ મળે કે જેની સાથેના લગ્નસંબંધથી પોતાને ઘણું સાંસારિક સુખ મળે એવી ભાવના દ્રૌપદીએ સ્વાભાવિક રીતે ભાવી હોય કે પોતાને મોક્ષનું સુખ મળે એવી ધાર્મિક, લોકોત્તર ભાવના ભાવી હોય? વળી તેના મહેલમાં જે 'જિન' દેવની પ્રતિમા હતી તે દેવ એ ભાવ જિન હોવાનો સંભવ છે કે અન્ય લૌકિક દેવ હોવાનો સંભવ છે એનો પણ ખાસ વિચાર કરવો જોઇશે. તે સમયે દ્રૌપદીના પિતા જિન અરિહંત દેવના ભક્ત હતા કે કેમ તે પણ ખાસ મહત્વનો પ્રશ્ન ચર્ચાના નિર્ણયમાં ઉપસ્થિત થાય છે. દ્રૌપદીના પિતા દ્રુપદ રાજા તે સમયે જૈન નહોતા. તેઓ જૈન હોવાનું શાસ્ત્રમાં બિનતકરારી રીતે સિદ્ધ થતું નથી. ઊલટું દ્રૌપદીના આ અધિકારનું વર્ણન બારીકાઇથી તપાસીએ તો ચોક્કસ બિનસંદેહ, સાબિત થાય છે કે દ્રુપદ રાજા જૈન નહોતા. આવો નિર્ણય કયા આધારે કરવામાં આવે છે તે વિગતવાર જોઇએ.

દ્રૌપદીએ જિન પૂજા કરી તે પહેલાંના તેના અધિકારનો ભાગ વાંચતાં સ્પષ્ટ અને બિનસંદેહ સાબિત થાય છે કે સ્વયંવરમાં આવેલા રાજાઓની મહેમાનગતી માટે શ્રી દ્રુપદ રાજાએ પુષ્કળ આહારપાણી વિગેરે ચાર જાતના આહારો તથા પુષ્કળ દારૂ, મદ્ય, માંસ વગેરે અતિથિ રાજાઓના ઉતારે પહોંચાડયાં હતાં. આ અંગે સ્પષ્ટ પાઠ શ્રી જ્ઞાતાસૂત્રના આ અધિકારમાં છે. તે પાઠ આ રહ્યો :

'વિઉલં અસણં ૪ સુરં ચ મજ્જં ચ મંસં ચ સીધું ચ મસણ્ણં ચ સુબહુ પુપ્ફવત્થ ગંધ મલ્લાલંકારં ચ'

જો શ્રી દ્રુપદ રાજા જૈન હોય તો તેના મહેમાનો માટે મદ્ય, માંસ વગેરે અભક્ષ્યો તે કરાવે અને તેમને ખવરાવે ખરા? શ્રી વીતરાગ અરિહંત દેવના શ્રાવક આવા અભક્ષ્યો તૈયાર કરાવે નહીં અને મહેમાનોને આપે નહીં. કોઇ તર્કવાદી એવી દલીલ કરે કે શ્રી વીતરાગના ભક્ત પોતે અભક્ષ્ય ખાય નહીં, પણ તે સંસારી હોવાથી પોતાના અતિથિ માટે તો અભક્ષ્ય આહાર તૈયાર કરાવી શકે છે. આવા તર્ક કરનારને આપણે એવો જવાબ આપીએ કે શ્રીવીતરાગના શ્રાવકો પોતે આવા અભક્ષ્ય આહાર કરે નહીં અને પોતે અતિથિ

લૌકિક હેતુ માટે દેખાય છે. આ વાતને [illegible] કરે છે ? એમ [illegible] રીતે [illegible] તો તેનો [illegible] [illegible] તીર્થંકરોની પ્રતિમા બેસાડવાથી તે બેસાડનાર ગૃહસ્થના ઘરમાં શાંતિ કરનાર, સુખ આપનાર છે. અમુ તીર્થંકરોની પ્રતિમા ગૃહસ્થના ઘરમાં બેસાડવાથી પુત્રપ્રાપ્તિ થાય નહીં એમ કહીને અમુ તીર્થંકરોની પ્રતિમા ગૃહસ્થના ઘરમાં માંડવી નહીં એમ વિધિના ગ્રંથોમાં લખ્યું છે. શ્રી [illegible] આ વિધિનો હેતુ [illegible] એમ કહે છે કે જે [illegible] પ્રતિમાઓની પ્રતિમા બેસાડવા હેતુ માટે. પુત્રપ્રાપ્તિ માટે હોય તો અમુ તીર્થંકરોની પ્રતિમા ગૃહસ્થના ઘરમાં [illegible] [illegible] તીર્થંકરો [illegible], [illegible] છે. અમુ તીર્થંકરોની પ્રતિમા ગૃહસ્થના ઘરમાં ન માંડવી એમ [illegible] પ્રયત્નમાં આવે છે ? અમુ તીર્થંકરોની પ્રતિમા શા માટે માંડવી નહીં ? તે. તેનો ઉત્તર એમ આપે છે કે અમુ તીર્થંકરોની પ્રતિમા ઘરમાં માંડી તેની પૂજા ન થાય તેથી અમુ તીર્થંકરોની પ્રતિમા ઘરમાં માંડવી નહીં. આ અમુ તીર્થંકરોને પુત્ર નહોતા તેથી તેની પ્રતિમા ઘરમાં માંડવી નહીં એમ કહ્યું છે. આ કારણ સંસારના હિતનું, લૌકિક હિતનું દેખાય છે, મોક્ષના હિત માટે નથી. વળી જેવું નવી પ્રતિમા બનાવવી હોય તેની રાશિ પૂછીને જે તીર્થંકરની પ્રતિમા બેસાડવી હોય તેના રાશિ સાથે પ્રતિમા બેસાડનારની રાશિનો મેળ ખાતા કરીને બનાવો જોઈએ. જો તીર્થંકરની રાશિ સાથે નાડીવેધ થકે ષડાષ્ટક, ઇત્યાદિ થકે, નવપંચક થકે, ષડાષ્ટક થકે ઇત્યાદિ દોષ ઉપજે તો તે પ્રતિમા બનાવવી નહીં, ઘરમાં માંડવી નહીં. આ હકીકત જોતાં આ ક્રિયા સંસારના હેતુ માટે કરવામાં આવે છે એમ દેખાય છે. વળી જે બ્રાહ્મણો પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાની હોય ત્યાં પણ ઘણા આરંભ-સમારંભ કરે છે. તે હેતુ જોતાં પણ સંસારના હેતુ (હિત) માટે આ ક્રિયા દેખાય છે. વળી શ્રી જિનદત્તસૂરિના બનાવેલા વિવેકવિલાસ ગ્રંથમાં પ્રતિમા ઘડાવવાની, બનાવવાની વિધિ લખી છે. તે વિધિમાં એમ કહ્યું છે કે જો પ્રતિમાનું મુખ રૌદ્ર દેખાય, તેના બીજા અવયવ અનર્થનાં કારણ દેખાય તો તે પ્રતિમાના કરાવનારને ઘણી જ હાનિ-નુકશાન કરે છે. પુત્રની હાનિ, મિત્રની હાનિ, ધનની હાનિ, શરીરની હાનિ ઇત્યાદિ ઘણા દોષો કહ્યા છે. આ તમામ દોષો જોતાં સંસારના હેતુ, લૌકિક હિત માટે દેખાય છે. તીર્થંકર તો કોઈને નુકસાન કરે નહીં કાચા હોય તે વિચારી જોજો.

નોંધ : શ્રી જિનદત્તસૂરિના વિવેકવિલાસ ગ્રંથમાં એમ લખ્યું છે કે શ્રી મલ્લિનાથ, નેમનાથ અને મહાવીર આ ત્રણ તીર્થંકરોની પ્રતિમા ગૃહસ્થે પોતાના ઘરમાં માંડવી નહીં. માંડે તો પુત્રહાનિ વગેરેની હાનિ થાય. સાતમા શ્લોકના બીજા

[illegible]

[illegible] જ્યાં જ્યાં સૂત્રોમાં [illegible] [illegible] લૌકિકમાં [illegible] જ્યાં જ્યાં [illegible] એવો પાઠ આવે છે, જ્યાં જ્યાં પ્રતિમાપૂજા કરી ત્યાં [illegible] એવો લૌકિકમાં [illegible] માટે [illegible] એવો પાઠ છે. આ અધિકાર જોતાં પ્રતિમા મોક્ષના લાભ માટે પૂજ્ય એમ ક્યાં નથી. જો લોંકાશાહ એમ સમજાવે છે કે શાસ્ત્રોમાં પ્રતિમાના અધિકારમાં 'પૂજિત પૂજ્ય' શબ્દના પ્રયોગના બદલે 'વંદના' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો હોત તો વીતરાગ વંદના અને પ્રતિમા પૂજા એ બન્ને ક્રિયા એક સરખી ગણાત. અહીં તો 'વીતરાગ વંદના' અને 'પ્રતિમા પૂજા' એ બન્ને ક્રિયા માટે શાસ્ત્રોમાં જે શબ્દો વાપર્યા છે તેમાં ઘણો મોટો ફેર (તફાવત) દેખાય છે. ડાહ્યા હોય તે વિચારી જોજો.

નોંધ : આ બંને ક્રિયા માટે શબ્દોના પ્રયોગ શાસ્ત્રમાં છે તે સંબંધમાં શ્રી લોંકાશાહ હવે પછીના દશમા તથા અગિયારમા બોલમાં સૂત્રના પાઠ ટાંકીને લંબાણથી ચર્ચા કરે છે.

સાતમા બોલના ચોથા પારામાં શ્રી લોંકાશાહ શ્રી અનુયોગદ્વાર તથા નંદીસૂત્રના પાઠના આધાર ટાંકીને ચર્ચા કરે છે કે કોઈ નમોત્થુણં આદિ બોલે તો તે સમ્યગ્દૃષ્ટિ હોય કે નહીં !

કેટલાક એમ દલીલ કરે છે કે સમ્યગ્દૃષ્ટિ સિવાય કોઈ નમોત્થુણં આદિ પાઠ જાણે નહીં, ભણે નહીં. શ્રી અનુયોગદ્વારમાં નીચે પ્રમાણે પાઠ છે :

અહો ભગવંત, લોકોત્તર દ્રવ્ય આવસ્યક કોને કોને કહે છે ? ભગવાન જવાબ આપે છે : અહો શિષ્ય લોકોત્તર દ્રવ્ય આવશ્યક એને કહે છે કે જે ક્ષમાદિ સાધુના ગુણો રહિત હોય, છકાય જીવની અનુકંપા રહિત હોય, ઘોડા જેવા ઉન્મત્ત હોય, હાથી જેવા નિરંકુશ હોય, ઘટારે મઠારે શણગારેલ હોઠ હોય, શુભ્ર સ્વચ્છ વસ્ત્ર પહેરનાર હોય, અરિહંત આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર, સ્વચ્છંદે વિચરનાર, બે વખતની આવસ્યક ક્રિયામાં બંને કાળે સાવધાન હોય તે ક્રિયાને લોકોત્તર દ્રવ્ય આવશ્યક કહેવામાં આવે છે.

શ્રી લોંકાશાહ ઉપરનો પાઠ રજૂ કરી કહે છે કે સ્વચ્છંદી, શિથિલાચારી સાધુ બે વખત આવશ્યક ક્રિયા કરે તેમાં નમોત્થુણંનો પાઠ કરે પણ તે દ્રવ્ય આવશ્યક કરે છે. ઉપયોગપૂર્વક ભાવ આવશ્યક કરતા નથી તેથી તેને શ્રી વીતરાગદેવે સમ્યગ્દષ્ટા ન કહ્યા તો જુઓ: જો કોઈ એમ દલીલ કરે કે સમ્યગ્દષ્ટિ સિવાય નમોત્થુણંનો પાઠ જાણે નહીં તે વાત શ્રી સૂત્રસિદ્ધાંત વિરૂદ્ધની દેખાય છે. આ જ વિષયમાં વિશેષ ચર્ચા કરતાં શ્રી લોંકાશાહ નંદીસૂત્રનો પાઠ ટાંકી દલીલ કરે છે– ' શ્રી નંદીસૂત્રમાં કહ્યું છે કે ચૌદ પૂર્વના ભણનાર, જાણનારને સમ્યક્ મતિ હોય, યાવત્ દશ પૂર્વના જાણનાર ભણનારને પણ સમ્યક્ મતિ હોય અને નવ પૂર્વના જાણનારને સમ્યક્ મતિ હોય અને મિથ્યા મતિ હોય.' આનો અર્થ, તાત્પર્ય એ કે નમોત્થુણં આદિ દઈને ગ્રંથ ઘણું જાણે પણ મતિ મિથ્યા હોઈ શકે અને સમ્યક્ મતિ પણ હોઈ શકે. આ પ્રકારે વિચાર કરતાં સમ્યક્દષ્ટિ સિવાય બીજા કોઈ નમોત્થુણં ન કહે ન જાણે, આ વાત સૂત્રથી વિરૂદ્ધ દેખાય છે. પ્રત્યક્ષમાં શ્રમણો પ્રમુખ ઘણા નમોત્થુણં કહે છે તે કાંઈ સમ્યક્દષ્ટિ જાણવા નથી. જે ડાહ્યા હોય તે વિચારી જોજો.

સાતમા બોલના પાંચમા પારામાં શ્રી લોંકાશાહ ચર્ચા કરે છે કે ગણધરદેવે શાસ્ત્રોમાં અમુક વ્યક્તિને અમુક રીતે સંબોધન કર્યું હોય તેથી તે વ્યક્તિમાં તેવા ગુણ, લાયકાત છે એમ ગણધરદેવ માનતા નથી. સાતમા બોલના પાંચમા પારાના લોંકાશાહના બોલનું ગુજરાતી વિવરણ નીચે મુજબ છે:

કેટલાક લોકો એમ કહે છે કે ગણધરે આમ કેમ કહ્યું–'જિણઘરે, જિણપડિમા તથા ધૂવં દાઊણ જિનવરાણં'. આનો ઉત્તર જાણો. જગતમાં જેનાં જે નામ ચાલતાં હોય તેના અધિકાર આવે ત્યારે ગણધર પણ તેને તે નામથી કહે છે એટલે તે નામથી સંબોધન કરે. દાખલા તરિકે શ્રી ઠાણાંગ સૂત્રમાં ત્રીજા ઠાણે ગણધરે એમ કહ્યું છે કે 'ભરતવાસમાં ત્રણ તીર્થ કહ્યાં છે. (૧) માગધ (૨) વરદામ (૩) પ્રભાસ'. શ્રી લોંકાશાહ, આ તીર્થની ગાથાનો ઉલ્લેખ કરી કહે છે કે 'જુઓને, ગણધરે આને તીર્થ કહ્યાં પણ એમ કહ્યું નહીં જે "તઓ-કુતિત્થા પણ્ણત્તા" (ત્રણ કુતીર્થ કહું છું). શ્રી લોંકાશાહ, એ જ બાબતમાં કહે છે કે આ ત્રણ સ્થળોને 'તીર્થ' એ નામથી સંબોધ્યાં છે. જ્યાં આપણે આ ત્રણે સ્થળોને જૈનનાં તીર્થ ગણીને આરાધતા નથી. એટલે ગણધર જેનું જે નામ હોય, લોકમાં જે નામથી ઓળખાતા હોય તેનુ તે જ નામ કહે

વળી દ્રૌપદીના અધિકારની ગાથામાં એમ કહ્યું છે કે એક વાચના (પાઠાંતર) એવી છે કે 'જિણ પડિમાણં અચ્ચણં કરેતિ.' આ લોંકાશાહ એમ કહે છે કે દ્રૌપદીએ પ્રતિમાની પૂજા કરી તે શબ્દોમાં જુદી જુદી વાચના (પાઠો) છે. એક પાઠ એવો છે કે 'જિન પ્રતિમાની અર્ચા કીધી' એટલો જ પાઠ દેખાય છે. પણ તેમાં 'જિનઘર' ઇત્યાદિ શબ્દો નથી. જમાનાં જે પ્રત ગણાય છે તે પ્રતને વિચારમાં લેતાં પાઠમાં ઘણા ઘણા ફેરફારો દેખાય છે. ડાહ્યા હોય તે વિચારી જોજો,

નોંધ : દ્રૌપદીએ 'જિન પ્રતિમાની અર્ચના કરી' એટલો પાઠ જૂની પ્રતમાં છે પણ પાછળની પ્રતોમાં નમોત્થુણંનો પાઠ બોલી વંદન, નમસ્કાર કર્યાનો ઉમેરેલો છે. વળી પ્રતિમાપૂજા એ આવશ્યક-અવશ્ય શ્રાવકને કરવાની હોય તો સૂત્રમાં આવસ્યંકો કહ્યા છે તેમાં પણ પ્રતિમાપૂજાનો આવશ્યક અવશ્ય આવે જ, પણ કોઈ સૂત્રમાં તેનો આવશ્યક નથી તેમ જ તે શ્રાવકને અવસ્ય કરવાની હોય તો તેની વિધિનો પાઠ પણ સૂત્રમાં કયાંય આપ્યો હોત, પણ કોઇ સૂત્રમાં પાઠ નથી. વળી એ પણ જરૂરનું છે કે પ્રતિમામાં દેવનું આરોહણ થાય તેવો કોઈ સિદ્ધાંત, નિયમ સૂત્રોમાં જોવામાં આવતો નથી. વળી પત્થરની યા ધાતુની પ્રતિમા ઘડાવી તેમાં અરિહંત દેવનું આરોહણ થઇ શકે એવો કોઈ નિયમ, પાઠ સૂત્રોમાં આપેલ નથી.

વળી કેટલાક એમ કહે છે કે દ્રૌપદીએ નારદને એમ કહ્યું કે 'અસંજમી અવિરતિ'

ઈત્યાદિ. શ્રી જેઠમલજી પ્રશ્ન કરે છે કે આમ બોલવામાં સમ્યગ્દૃષ્ટિનો વિવેક ક્યાં ગયો? આ પ્રમાણે તો મિથ્યાત્વીએ શ્રી ગૌતમ સ્વામીને કહ્યું છે તે જણાવે છે. તે અન્ય તીર્થિકોએ એક વખત શ્રી ગૌતમ સ્વામી જ્યાં ભિક્ષાર્થે જતા હતા ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા: 'હે આર્ય, તમે ત્રણ કરણ અને ત્રણ યોગથી અસંયતિ અવિરતિ યાવત્ એકાંત બાલ અજ્ઞાની છો.' આવા બોલ મિથ્યાત્વીઓએ શ્રી ગૌતમ ભગવાનને કહ્યા છે તે શ્રી ભગવતીસૂત્રના અઢારમા શતકના આઠમા ઉદ્દેશામાં છે. તે જ પ્રમાણે સ્થવિર ભગવંતોને પણ અન્ય તીર્થિકોએ કહ્યા છે તે આ પ્રમાણે છે: 'એક વખત અન્ય તીર્થિકો જ્યાં શ્રી મહાવીર ભગવાનના સ્થવિર સાધુઓ ભિક્ષાર્થે જતા ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા કે: આર્યો, તમે અસંયતિ, અવિરત, યાવત્ એકાંત બાલ અજ્ઞાની છો કેમ કે તમે અદત્તને ગ્રહણ કરો છો. અને અદત્તનો આહાર કરો છો અને તમે અદત્ત ગ્રહણ કરાવો છો ઈત્યાદિ. માટે તમે એકાંત બાલ અજ્ઞાની છો.' જુઓ શ્રી ભગવતીસૂત્ર શતક આઠમો, ઉદ્દેશ સાતમો.

આ ઉપરથી જણાશે કે મિથ્યાત્વીઓ પણ અસંયતિ અવિરતિ એવા બોલ બોલે છે. આ સાતમો બોલ પૂરો.

૮.

પૂર્વભૂમિકા : 'પંચ મહાવ્રતાદિ ઘણા બોલનાં ફળ' એ આઠમા બોલનું નામ છે. સાધુનાં પાંચ મહાવ્રત આદિનાં ફળ આગમશાસ્ત્રોમાં કહ્યા છે. તથા શ્રાવકના બાર વ્રત તથા સામયિક વગેરે આવશ્યક ક્રિયાનાં ફળ શાસ્ત્રોમાં બતાવ્યાં છે પરંતુ શાસ્ત્રોમાં પ્રતિમા સંબંધીના જુદા જુદા ક્રિયાકાંડોનાં ફળ આપ્યાં નથી તેથી તે ક્રિયાકાંડ મોક્ષ માર્ગ માટેના નથી.

"હવઈ આઠમુ બોલ લિખીઈ છઈ. તથા શ્રીવીતરાગદેવઈ સિદ્ધાંતમાહિ સાધુ

આવશ્યકનાં ફળ કહ્યાં છે. તથા વળી શ્રાવકોને સાધુ ચારિત્રવાન, વંદનીય છે તો વાંદ્યાનાં ફળ, પર્યુપાસનાનાં ફળ, અન્ન, પાણી આપ્યાનાં ફળ, ઉપાશ્રય દીધાનાં ફળ, વસ્ત્રપાત્ર દીધાનાં ફળ ઈત્યાદિનાં ફળ કહ્યાં છે. જો તીર્થંકરદેવ, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આરાધ્ય છે તો તેનાં ફળ ઘણી ઘણી જાતનાં શ્રી સિદ્ધાંતમાં કહ્યાં છે. અને જો પ્રતિમા શ્રીવીતરાગના મોક્ષમાર્ગમાં આરાધ્ય કહી નથી તેથી સિદ્ધાંતમાં મંદિર કરાવ્યાનાં, પ્રતિમા ઘડાવ્યાનાં, પ્રતિમા ભરાવ્યાનાં, પ્રતિમા પૂજ્યાનાં, પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવ્યાનાં, પ્રતિમા વાંદ્યાનાં, પ્રતિમા પાસે ધરવાનાં ફળ, પ્રતિમા આગળ ભાવના ભાવવાનાં ફળ ઈત્યાદિ ઘણાં વાનાં (ક્રિયાઓ) પ્રતિમા પાસે કરે છે તેમાંથી એક પણ ક્રિયાનાં ફળ શ્રી સૂત્રમાં શ્રી વીતરાગદેવે કહ્યાં નથી તે ઉપરથી સમજો કે જેમ વાંદ્યા પૂજા કર્યાના ફળમાં મોક્ષના બદલે પાપ લાગે તો તેને મોક્ષનો લાભ કેવી રીતે હોય? ડાહ્યા હોય તે વિચારી જુઓ. આઠમો બોલ પૂરો.

૯.

પૂર્વભૂમિકા : નવમા બોલનું નામ 'લવણસમુદ્રનઈ અધિકારઈ અરિહંતાદિકના પ્રભાવ તેહના પ્રત્યુત્તર' આપ્યું છે. આ બોલમાં શ્રી લોંકાશાહ શ્રી જીવાભિગમ સૂત્રની ગાથા ટાંકીને એમ પ્રતિપાદિત કરે છે કે શ્રી લવણસમુદ્ર અરિહંત, ચક્રવર્તિ બલદેવવાસુદેવ સાધુસાધ્વી શ્રાવકશ્રાવિકા વગેરેના પ્રભાવે કરી જંબુદ્વીપને પાણીએ કરી, જળમય કરી રેલતો નથી. શ્રી લોંકાશાહ એમ કહેવા માગે છે કે જો પ્રતિમાનો કાંઈ પ્રભાવ હોત તો જીવાભિગમના પાઠમાં ભદ્રિક મનુષ્યનો પ્રભાવ, પ્રતિમાનો પ્રભાવ બતાવ્યો હોત પરંતુ પ્રતિમાનો પ્રભાવ બતાવ્યો નથી.

"હવઈ નવમુ બોલ લિખીઇ છઇ. તથા જીવાભિગમ ઉપાંગમધ્યે લવણસમુદ્રના અધિકાર કહ્યા છઈ. તિહાં શ્રી ગૌતમસ્વામિઇ પૂછ્યા છઈ જ 'પાણી એવડઉ

તેસિ ણં પણિહાએ લવણસમુદ્દે જંબુદ્દીવં દીવં નો ઓવીલેતિ. નો ઉપ્પીલેતિ. નો ચેવ ણં એગોદગં કરેતિ. ગંગાસિંધુરત્તારત્તવતીસુ સલિલાસુ દેવયાઓ મહિડ્ઢિયાઓ જાવ પલિઓવમટ્ઠિતીયાઓ પરિવસંતિ. તાસિ ણં પણિહાએ લવણ-સમુદ્દે જાવ નો ચેવ ણં એગોદગં કરેતિ. ચુલ્લહિમવંતસિહરિસિ વાસધરપવ્વતેસુ દેવા મહિડ્ઢિયા. તેસિ ણં પણિહાએ હેમવતહેરણ્ણવતેસુ વાસેસુ મણુઆ પગતિભદ્દયા. રોહિતારોહિતંસાસુવણ્ણકૂલારુપ્પકૂલાસુ સલિલાસુ દેવયાઓ મહિડ્ઢિયાઓ. તાસિં પણિ સદ્દાવતિ વિઅડાવતિ વટ્ટવેઅડ્ઢપવ્વએસુ દેવા મહિડ્ઢિઆ જાવ પલિઓપમઠિતિઆ પણ્ણત્તા. મહાહિમવંતરુપ્પાસુ વાસહરપવ્વએસુ દેવા મહિડ્ઢિયા જાવ પલિઓવમઠિતિઆ હરિવાસરમ્મગવાસેસુ મણુઆ. પગતિભદ્દગા. ગંધાવતિમાલવંતપરિયાએસુ વટ્ટવેઅડ્ઢપવ્વએસુ દેવા મહિડ્ઢિયા. ણિસઢણીલવંતેસુ વાસહરપવ્વએસુ દેવા મહિડ્ઢિયા. સવ્વાઓ દહદેવતાઓ ભાણિયવ્વાઓ પઉમદ્દહાઓ તેગિચ્છિકેસરિદ્દહાઓ વાસીણીઓ દેવયાઓ મહિડ્ઢિયાઓ તાસિં પણિહાય પુવ્વવિદેહઅવરવિદેહેસુ વાસેસુ અરહંતચક્કવટ્ટિબલદેવ વાસુદેવચારણ-વિજ્જાહરા. સમણાઓ સમણીઓ. સાવગાઓ સાવિગાઓ. મણુયા પગતિભદ્દગા. તેસિં પણિહાય લવણે સીતાસીતોદગાસુ સલિલાસુ દેવયા મહિડ્ઢિયા. દેવકુરુઉત્તર-કુરુસુ મણુઆ પગતિભગા. મંદરે પવ્વતે દેવયાં મહિડ્ઢિયા જંબૂદ્દીવેણં સુદંસણા જંબુ ીવાહિવતી અણાઢએ ણામાં દેવે મહિડ્ઢિએ જાવ પલિતોવમટ્ઠિતીએ પરિવસતિ. તેસિ ણં પણિહાય લવણસમુદ્દે ણો ઉવીલેતિ. નો ઉપ્પીલેતિ. નો ચેવ ણં એગોદગં કરેતિ, ૭. તુ જોહનઇં શ્રીવીતરાગે અરિહંતચક્રવર્તિબલદેવવાસુદેવ ચારણવિદ્યાધર સાધુસાધ્વીશ્રાવકશ્રાવિકાપ્રકૃતિ ભદ્રકમનુષ્ય ગંગાસિંધુદેવી ઈત્યાદિક જે જેણઈ થાનકઈ જેહના પ્રભાવ છઈ, તેહના પ્રભાવ કહ્યા. અનઈ જેણઈ જેણઈ પર્વતઈ શાશ્વતી પ્રતિમા છઈ તેણઈં તેણઈં ડુંગરિ જે જે દેવતા વસઈં છઈં, તેહના પભાવ વીતરાગે કહ્યા, પણિ પ્રતિમાના પ્રભાવ ન કહિયા. અનઈ

હવડાં તુ લોક પ્રતિમાના ગાઢા ઘણા પ્રભાવ કહઈ છઈ, પણિ શ્રી વીતરાગે કાંઈ પ્રભાવ ન કહ્યા. જો કાંઈ પ્રતિમાના પ્રભાવ હુ તઉ ઇહાંઈ પ્રભાવ કહુત. જૂઓનઈ, જે કોઈ પ્રકૃતિભદ્રક મનુષ્ય, તેહનુ પ્રભાવ કહ્યું, તઉ પ્રતિમાનઉ પ્રભાવ સ્યઈં ન કહિઉ? ડાહુ હુઈ તે વિચારી જોજ્યો. એહ નવમુ બોલ."

વિવરણ : હવે નવમો બોલ લખીએ છીએ. શ્રી જીવાભિગમસૂત્રમાં લવણસમુદ્રના અધિકાર કહ્યા છે. ત્યાં શ્રી ગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછ્યા છે : 'જો લવણસમુદ્રનું પાણી એટલું ઊછળે છે તો જંબુદ્વીપને જળમય કેમ નથી કરતું ?' આ પ્રશ્નના ઉત્તરમાં શ્રી વીતરાગદેવે એમ કહ્યું છે કે (જીવાભિગમ સૂત્રના પાઠનો અર્થ) પ્રશ્ન : હે ભગવાન, જો તે લવણસમુદ્ર બે લાખ જોજન ચક્રવાલ સંઘળે પહોળ-પણે છે, પંદર લાખ એકયાસી હજાર એકસો ઓગણચાલીસ જોજન કાંઈ ઊણો પરિધીપણે, એક હજાર જોજન ઊંડપણે છે. સોળ હજાર જોજન ઊંચપણે શીખા છે. સત્તર હજાર જોજન ઊંડપણે ઊંચપણે મળીને સર્વત્ર જળપિંડ છે તો શા કારણે, હે ભગવંત, લવણસમુદ્ર જંબુદ્વીપ નામે દ્વીપને પાણીએ કરી રેલતો નથી? પીડા ઉપજાવતો નથી? તેમ વળી નિશ્ચયે એકોદક–જળમય કેમ કરતો નથી? ઉત્તર : હે ગૌતમ, જંબુદ્વીપ નામે દ્વીપને વિષે ભરત, ઐરવ્યવંત ક્ષેત્રે અરિહંત, ચક્રવર્તી, બલદેવ વાસુદેવ, જંઘાચારણ, સાધુ, વિદ્યાચારણ સાધુ, વિદ્યાધર, સાધુસાધ્વી, શ્રાવકશ્રાવિકા બીજાયે મનુષ્ય છે તે પ્રકૃતિએ–સ્વભાવે ભદ્રિક છે, સ્વભાવે વિનીત છે, સ્વભાવે જ જેહને પાતળા, અલ્પ ક્રોધ માન, માયા લોભ છે, જેહ મૃદુ, સુકોમળ, માર્દવ કોમળતા કરી સહિત છે વૈરાગ્યથી સંસારમાં લેપાયેલ નથી. ભદ્રિક છે, વિનીત છે તેહની નેશ્રાએ, તેહના પ્રભાવ કરી લવણસમુદ્ર જંબુદ્વીપને પાણીએ રેલતો નથી, પીડતો નથી, જળમય કરતો નથી; બોલતો નથી. વળી ગંગા સિંધુ રક્તા અને રક્તવતી એ નદીને વિષે અધિષ્ઠાયક દેવીઓ મહર્ધિક યાવત એક પલ્યોપમની સ્થિતિવંત વસે છે તેહની નેશ્રાએ, તેહના પ્રભાવે કરી લવણસમુદ્ર યાવત એકોદક (જળમય) કરતો નથી. બોલતો નથી, વળી ચુલહિમવંત અને શિખરીનામા વર્ષધર પર્વતને વિષે દેવતા મહર્ધિક વસે છે તેની નેશ્રાએ, તેહના પ્રભાવે કરીને લવણસમુદ્ર રેલતો નથી. વળી હિમવંત ઐરણ્યવંત ક્ષેત્રને વિષે જુગલિયા મનુષ્ય પ્રમુખ પ્રકૃતિ સ્વભાવે ભદ્રિક છે તેહના પ્રભાવે કરી રેલતો નથી. વળી રોહિતા રોહિતંસા સુવર્ણકુળા, રૂપકુળા એ નદીને વિષે દેવીઓ મહર્ધિક વસે છે. યાવત્ તેહની નેશ્રાએ, પ્રભાવે કરીને (વૈતાઢ્ય) રેલતો નથી. વળી શબ્દપતિ વિદ્યાપતિ વૃત્ત વૈતાઢ્ય પર્વતને વિષે દેવતા મહર્ધિક યાવત્ પલ્યોપમની સ્થિતિવંત વસે છે

તેહના પ્રભાવે કરીને રેલતો નથી. વળી મહાહિમવંત રૂપાવર્ષધર પર્વતને વિષે દેવતા મહર્ધિક છે, યાવત પલ્યોપમની સ્થિતિવંત વસે છે તેહના પ્રભાવે કરી રેલતો નથી. વળી હરિવાસ, રમ્યકવાસ ક્ષેત્રને વિષે જુગલિયા મનુષ્ય પ્રમુખ પ્રકૃતિ સ્વભાવે ભદ્રિક છે તેહના પ્રભાવે કરી રેલતો નથી. વળી નરકંતા, નારીકંતા, હરિકંતા ને હરિસલીલા એ મહાનદીઓ વિષે દેવીઓ મહર્ધિક છે, યાવત તેહની નેશ્રાયે કરી પ્રભાવે કરી રેલતો નથી. વળી ગંધાવતી માલવંત નામાવૃત્ત વૈતાઢ્ય પર્વતને વિષે દેવતા મહર્ધિક છે તેહના પ્રભાવે કરી રેલતો નથી. વળી નિષધ નીલવંત નામા પર્વતને વિષે દેવતા મહર્ધિક રહે છે તેના પ્રભાવે કરી રેલતો નથી. વળી પદ્મદ્રહ મહાપદ્મદ્રહ પુંડરિકદ્રહ તીગચ્છદ્રહ ને કેશરીદ્રહ એને વિષે શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી એ છ દેવીઓ મહર્ધિક છે તેહના પ્રભાવે કરી રેલતો નથી. વળી પૂર્વ મહાવિદેહ, પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રને વિષે અરિહંત ચક્રવર્તી બલદેવ, વાસુદેવ, જંઘાચારણ, વિદ્યાચારણ, સાધુ વિદ્યાધર સાધુસાધ્વી, શ્રાવકશ્રાવિકા પ્રમુખ મનુષ્ય પ્રકૃતિ સ્વભાવે ભદ્રિક છે તેહના પ્રભાવે કરી રેલતો નથી. વળી સીતા સીતોદકા મહાનદીને વિષે દેવીઓ મહર્ધિક છે તેહના પ્રભાવે કરી રેલતો નથી. વળી દેવકુરુ ઉત્તરકુરુ ક્ષેત્રને વિષે જુગલિયા મનુષ્ય પ્રકૃતિએ ભદ્રિક છે તેહના કરી રેલતો નથી. વળી મેરુપર્વતે દેવતા મહર્ધિક વસે છે તેહના પ્રભાવે રેલતો નથી. વળી જંબુદ્વીપે સુદર્શના વૃક્ષે [illegible] અધિપતિ અનાદૃત નામે દેવતા મહર્ધિક વસે છે તેની નેશ્રાએ, [illegible] રેલતો નથી, પીડતો નથી. નિરંતર જળમગ્ન કરતો નથી. વળી એ [illegible] તેનો જ સ્વભાવ છે જેથી કરી લવણસમુદ્ર જંબુદ્વીપને [illegible] કરી પીડતો નથી. નિશ્ચે એકોદક જળમગ્ન કરતો નથી.

પૂર્વભૂમિકા : આ બોલનું નામ 'સમકિત દેવતાના અનુસરે' છે. સાતમા બોલમાં સમકિતદેવતાએ પ્રતિમા પૂજ્યાની ટૂંકી ચર્ચા કરવામાં આવી છે તે બાબતમાં લંબાણથી શાસ્ત્રોના આધાર ટાંકીને શ્રી લોંકાશાહ આ દશમા બોલમાં ચર્ચા કરે છે. શાસ્ત્રોમાં 'પરભવના સુખ માટે' અમુક જાતના શબ્દપ્રયોગ કર્યા છે અને 'આ ભવના લૌકિક સુખ માટે' અમુક શબ્દપ્રયોગ કરવામાં આવ્યા છે. બન્નેનો શાસ્ત્રીય તફાવત બતાવીને આ શબ્દપ્રયોગ સમજી કરીને થયા છે તેની ચર્ચા કરી બતાવે છે.

'દશમઉં દ્રવ્ય બોલ લિખીઇ છઈ. તથા શ્રીસિદ્ધાંતમાહિ શ્રીવીતરાગદેવનઈ સાધુનઈ શ્રાવકનઈ સમ્યગ્દૃષ્ટીનઈ કિંહાં પ્રતિમા આરાધ્ય ન કહી. અનઇ જિહાં વારઇ પ્રતિમાના થાપક કહઈ પૂજીઇ તિહાંરઈ સમ્યક્દૃષ્ટિદેવતાના આલાપા દેખાડઈ. તે સમકિતદેવતાઈ પણિ મોક્ષનઈ હેતઇ પ્રતિમા નથી પૂજી. તે અધિકાર લિખઇ છઈ. જિહાં સમ્યગ્દૃષ્ટિદેવતાઈ શ્રીવીતરાગ વાંદ્યા તિહાં એહવું કહિઉં 'એયં મે પેચ્ચા હિયાએ સુહાએ, ખમાએ, નિસ્સેસાએ, આણુગામિયત્તાએ ભવિસ્સતીતિ કટ્ટુ.' અનઇ જિહાં સમ્યગ્દૃષ્ટિ પ્રતિમા પૂજી તિહાં એહવું કહિઉં–'કિં મે પુવ્વિં પચ્છા હિયાએ સુહાએ, ખમાએ, નિસ્સેસાએ, આણુગામિયત્તાએ ભવિસ્સઈ.' તુ જોઉઆનઈ, જિહાં વીતરાગ વાંદ્યા તિહાં 'પેચ્ચા' કહિતાં પરભવે 'હિયાએ સુહાએ' કહિઉં. અનઈ જિહાં પ્રતિમા પૂજી તિહાં 'પુવ્વિં પચ્છા' કહિઉં. પણિ 'પરભવે' ન કહિઉં. સિદ્ધાંતમાંહિ જિહાં દેવતાએ અથવા મનુષ્યઇ શ્રીવીતરાગ વાંદ્યા, તિહાં 'પેચ્ચા હિયાએ,' અથવા 'ઇહભવે પરભવે હિયાએ' કહિઉં પણિ કિહાંઇ 'પુવ્વિં પચ્છા હિયાએ સુહાએ' ન કહિઉં. અનઇ જિહાં પ્રતિમા પૂજી તિહાં 'પુવ્વિં પચ્છા હિયાએ સુહાએ' કહિઉં. પણિ કિહાંઇ 'પેચ્ચા' અથવા 'પરભવે હિયાએ સુહાએ' ન કહિઉં. પણ ઈ કારણઈ પ્રતિમા મોક્ષનઈ હેતઇ નથી. જિમ ભગવતી સૂત્રમધ્યે બીજે શતકે ખંદકનઇ આલાવઇ એહ અધિકાર [illegible]આ કહ્યા છઈ, તે લિખાઈ છઈ–'જેણેવ સમણે ભગવં મહાવીરે તેણેવ ઉવાગચ્છઇ. ઉવાગચ્છિત્તા સમણં ભગવં મહાવીરં તિક્ખુત્તો આયાહિણં પયાહિણં કરેતિ. કરેઇત્તા જાવ નમંસિત્તા. એવં વદાસી. આલિત્તે ણં ભંતે લોએ. પલિત્તે ણં ભંતે લોએ આલિત્તપલિત્તે ણં ભંતે લોએ. જરામરણેણ ય. સે જહાનામએ કેઇ ગાહાવઇ અગારંસિ ઝિયાયમાણંસિ સે જે તત્થ ભંડે ભવઇ અપ્પસારે મોલ્લગુરુએ તં ગહાય આયાએ એગંતમંતં અવક્કમતિ એસ મે નિત્થારિએ સમાણે પચ્છા પુરાએ હિયાએ સુહાએ ખમાએ નિસ્સેસાએ આણુગામિયત્તાએ

[illegible]
[illegible]
[illegible]
[illegible] એ શબ્દ [illegible]
અલંકારઈ કહ્યા છઈ. પણિ [illegible] તિહાં ઇમ [illegible]" અનઇ
સૂરિઆભ [illegible] તિહાં ઇમ કહ્યું '[illegible]'. ત [illegible] જિમ [illegible] એટલા
ફેર શબ્દનાં છઇ, તિમ સૂરિઆભનઇ પણિ આલાવઇ જિહાં પ્રતિમા પૂજી તિહાં 'પુવ્વિંપચ્છા', અનઇ જિહાં વીતરાગ વાંદ્યા તિહાં 'પેચ્ચા' ઇમ કહ્યું. એતલા શબ્દના ફેર છઇ એ આલાવાનઇ મેલઇ સૂરિઆભદેવતાઇ પ્રતિમા પૂજી. અનઇ પ્રતિમા આગલિ નમોત્થુણં' કહ્યું તે જૂઠ઼ું થાતઇ. અનઈ શ્રીવીતરાગ વાંદ્યા તે જૂઠ઼ું થાતઈ. તથા જિમ પ્રતિમાનઇ પુવ્વિં પચ્છા કહિઉં છઇ તિમ દાઢની પૂજાનઈ પણિ પુવ્વિં પચ્છા કહિઉ છઈ. એ બેહુ અધિકાર એક બાજઉઇ.

તથા કેતલાએક ઇમ કહઇ છઇ. જે સુધર્માસભાઇ. તીર્થંકરની દાઢ છઇ. તિહાં દેવતા મૈથુન ન સેવઈ. તેહ ભણી દાઢ સમ્યક્‌ત્વનઇ થાતઇ. તઓ જોઓનઇ– સમ્યક્‌ત્વનઇ થાતઇ હુઇ તઓ પુવ્વિં પચ્છા કાં કહઇ? અનઇ ધમ્મિયં વવસાઇયં' પણિ કાં કહઇ?

તથા શ્રીઠાણુંગમધ્યે ત્રીજઇ ઠાણઈ વ્યવસાય ત્રીણિ કહ્યાં. તે લિખીઇ છઇ. છ. 'તિવિહે વવસાએ પં. તં. ધમ્મિએ વવસાએ. અધમ્મિએ વવસાએ. ધમ્મિ-આધમ્મિએ વવસાએ.' તે ધર્મવ્યવસાય સાધુનઉ. ધર્માધર્મવ્યવસાય શ્રાવકનઉ. બાકી બાવીસ દંડક અધર્મવ્યવસાય કહ્યા તઓ જ઼ોઓનઈ–'દેવતા શ્રીવીતરાગે અધર્મવ્યવસાય કહ્યા. અનઇ જિહાં સૂરિઆભદેવતા પ્રતિમા તથા દ્રહ વાવિ ઈત્યાદિ પૂજવા આવ્યુ તિહાં ઇમ કહિઉ જે ધમ્મિયં વવસાઈયં ગિણ્હિજ્જા.'

અનઈ ઠાણાંગમધ્યે દસગાઈ ઠાણુઈ ધર્મ તઉ દસ કહ્યાં. 'દસવિહે ધમ્મે પન્નત્તે. તં. ગામધમ્મે ૧. નગરધમ્મે ૨. રઠ્ઠધમ્મે ૩. પાસંડધમ્મે ૪. કુલધમ્મે ૫. ગણધમ્મે ૬. સંઘધમ્મે ૭. સુઅધમ્મે ૮. ચરિત્તધમ્મે ૯. અત્થિકાયધમ્મે ૧૦. એ દસ ધર્મ કહ્યાં. તે માહિં જે 'ધમ્મિઅં વવસાઈઅં ગિણ્હિજ્જા,' કહિઉ તે તુ કુલધર્મ માહિ આવઇ છઈ. અનઇ કેતલાએક ઇમ કહઈ છઈ, જે 'ધમ્મિઅં વવસાઇઅં' કહતાં શ્રુતધર્મ્મ કહીઇ. તઉ ડાહૂ હુઈ તે વિચારી જોજ્યો—જે સૂરિઆભઈ તઉ પ્રતિમા, દહ, વાવિ, હથીયાર ઈત્યાદિ ઘણાં વાનાં પૂજ્યાં છઈ. અનઇ ધમ્મિઅં વવસાઇઅં તુ સમુચ્ચયપદઈ કહિઉ છઈ. જુ ધમ્મિઅં વવસાઇઅં શ્રુતધર્મ તુ દહ વાવિ હથીયાર જેતલાં વાનાં તે સહૂ શ્રુતધર્મ થાઇ અનઇ તિહાં તઉ ઈમ ન કહિઉં. જે પ્રતિમાની પૂજા તથા નમોત્થુણં તે શ્રુતધર્મ. અનઇ દહ વાવિ હથીયાર ઈત્યાદિક તે કુલધર્મ. તિહાં તું સમુચ્ચયપદઈ ધમ્મિઅં વવસાઇઅં કહ્યું છઈ. પ્રતિમા નમોત્થુણં દહ વાવી હથીયાર પ્રમુખ સહૂનઈ કહિઉ છઈ. ડાહૂ હુઇ તે વિચારી જોજ્યો.

તથા વલી પ્રીછઉ. ધમ્મિઅં વવસાઇઅં કહિઉં. તે પુસ્તક વાંચ્યા પછી કહિઉં. અનઈ તે તે પુસ્તકનઈ એક જ સૂત્રમાહિં ઈમ કહ્યું છઈ. એતલઇ તે પુસ્તક જે ધર્મશાસ્ત્ર અનઇ આચારાંગાદિક જે સમ્યક્‌શાસ્ત્ર છઇ તે તઉ તે ન હુઇ. તઉ જોઉનઇ, તે કૂણ ધર્મશાસ્ત્ર છઇ? જઉ શ્રુતધર્મશાસ્ત્ર હુઇ તઉ તેહમાહિ દહ વાવી હથીયાર પ્રમુખ જે વાનાં પૂજ્યાં તે પૂજવા ન કલ્પઇ. એણઈ કારણઈ તે શ્રુતધર્મ શાસ્ત્ર ન હુઇ. ડાહૂ હુઇ તે વિચારી જોજ્યો. ઇતિ સૂરિઆભાધિકાર : એક દસમુ બોલ."

વિવરણ : હવે દસમો બોલ લખીએ છીએ. શ્રી સિદ્ધાંતમાં શ્રી વીતરાગદેવે સાધુને શ્રાવકને સમ્યગ્દૃષ્ટિને ક્યાંય પ્રતિમા આરાધ્ય કહી નથી અને જ્યારે પ્રતિમાના સ્થાપકને પૂછીએ છીએ ત્યારે સૂર્યાભદેવતાનો અધિકાર દેખાડે છે. શ્રી લોંકાશાહ સૂર્યાભદેવતાએ મોક્ષના હિત માટે પ્રતિમા પૂજી નથી એમ કહીને તેનો અધિકાર લખે છે : જ્યાં સૂર્યાભદેવે શ્રી વીતરાગદેવને વાંદ્યા છે ત્યાં તેણે એમ કહ્યું છે કે આ મારા આત્માના આલોક તથા પરલોક (પરભવ)ના હિત માટે, સુખ માટે, શાંતિ માટે, કલ્યાણ માટે ઉપયોગી થશે અને તેથી મોક્ષની પ્રાપ્તિ માટે મદદ કરશે' એમ કહ્યું છે અને જ્યાં સૂર્યાભદેવે પ્રતિમાની પૂજા કરી છે ત્યાં એમ કહ્યું છે 'પાછળથી યા પહેલાં મારા હિત માટે, સુખ માટે, કલ્યાણ માટે દારિદ્ય હરવા માટે ઉપયોગી થશે' આ પાઠ ઢાંકીને શ્રી લોંકાશાહ

દલીલ કરે છે કે તો જુઓ જ્યાં વીતરાગ વાંદ્યા ત્યાં 'પેચ્ચા' એટલે પરભવમાં હિત માટે, સુખ માટે કહ્યું અને જ્યાં પ્રતિમા પૂજી ત્યાં 'પુવ્વિ પચ્છા' એટલે પહેલાં ના પછી કહ્યું પણ 'પરભવમાં' ન કહ્યું. સિદ્ધાંતમાં જ્યાં દેવતાઓ અથવા મનુષ્યે શ્રી વીતરાગને વાંદ્યા છે ત્યાં 'પેચ્ચા હિયાએ' આત્માનાં પરભવમાં હિત માટે અથવા આ ભવ અને પરભવમાં હિત માટે કહ્યું; પણ ક્યાંય 'પુવ્વિપચ્છા' પહેલાં અને પછીના હિત અને સુખ માટે ન કહ્યું અને જ્યાં પ્રતિમા પૂજી ત્યાં 'પુવ્વ પચ્છા'–પહેલાં અને પછીના હિત માટે સુખ માટે કહ્યું પણ ક્યાંય 'પેચ્ચા' એટલે પરભવમાં હિત માટે, સુખ માટે ન કહ્યું અને એ જ કારણથી પ્રતિમા મોક્ષ માટે કહી નથી. શ્રી ભગવતીસૂત્રના બીજાં શતક ઉદ્દેશ પહેલામાં ખંધકના આલાવામાં બન્ને અધિકારે જુદા જુદા કહ્યાં છે તે લખાએ છીએ.

ભગવતીસૂત્રના પાઠનો અર્થ : જ્યાં શ્રમણ ભગવંત મહાવીર બિરાજતા હતા ત્યાં ગયા અને જઈને શ્રમણ ભગવંત મહાવીરને તિખુત્તો આયાહિણં પયાહિણં કરે છે અને કરીને નમસ્કાર કરી વંદણા કરી એમ બોલ્યા : હે ભગવાન, આ લોક જરા અને મરણથી સળગી રહ્યો છે. જેવી રીતે કોઈ ગૃહસ્થ પોતાનાં ઘરને અગ્નિથી બળતું જોઈને ઘરમાં થોડા ભારવાળી અને મૂલ્યવાન કિંમતી વસ્તુ હોય તે બહાર કાઢી લે છે અને એકાન્ત સ્થાનમાં રાખે છે અને એમ વિચારે છે કે આ અગ્નિમાંથી બચાવી કાઢેલી વસ્તુ પાછળથી મારા હિત, સુખ, કલ્યાણ અને દારિદ્રય દૂરકર્તા થશે એ જ પ્રકારે–રીતે હે દેવાનુપ્રિય, મારા આત્મારૂપી એક બહુમૂલ્ય પદાર્થ ઈષ્ટકારી, પ્રિયકારી, મનોજ્ઞ, મનોરમ, ધૈર્યરૂપ, વિશ્વાસરૂપ, સ્થિરરૂપ છે, સંમત છે, અનુમત છે બહુમત છે અને આભૂષણોથી ભરપૂર કરંડિયા સમાન છે, એને મને શીત, ઉષ્ણ, ક્ષુધા, તરસ, ચોર, સર્પદંશ, મશક, વાતપિત્ત, કફ, સન્નિપાત આદિ મારણાન્તિક રોગો, ઉપસર્ગ અને પરિસહથી મને બચાવવા માટે મારા આત્માને જન્મ, જરા અને મરણરૂપે દુઃખના અગ્નિમાં બળતા સંસારરૂપી ઘરમાંથી બહાર કાઢી લઉં તો તે મારા માટે પરલોકમાં હિતકારક, સુખકારક, ક્ષેમકારક, કલ્યાણકારી નીવડશે અને પરંપરા પણ કલ્યાણકારક થશે. તો હે દેવાનુપ્રિય, આપ પોતે જ દીક્ષા આપો.' અહીં ખંધક શ્રી મહાવીર ભગવાનને એમ કહ્યું કે જેમ એક ગૃહસ્થ તેના ઘરમાં આગ લાગી હોય ત્યારે તે ઘરમાંથી ઘણી સાર વસ્તુ કાઢે છે અને એમ કહે છે આ સાર, ભંડાર, વસ્તુ કાઢવાથી મને હવે પાછળથી હિતરૂપ, સુખરૂપ આદિ થશે અને હું જે ચારિત્ર લઉં છું તે મને પરલોકમાં હિતરૂપ, સુખરૂપ ઈત્યાદિ થશે. હવે

મુનિઓને–પ્રભુને વાંદવાના અને ચારિત્ર લીધાના શબ્દના કેટલા ફેર–તફાવત છે? 'હિયાએ સુહાએ ખમ આણુગામીએ' આ શબ્દો તો બન્ને અધિકારમાં કહ્યા છે. પણ લક્ષ્મી લાધી ત્યાં 'પચ્છા પુરા' એમ કહ્યું છે અને ચારિત્ર લીધું ત્યાં 'પરલોગસ્સ' એમ કહ્યું. તો જુઓ કે સૂર્યાભદેવના અધિકારમાં જ્યાં પ્રતિમા પૂજી ત્યાં 'પુચ્વિં પચ્છા' અને જ્યાં વીતરાગ વાંદ્યા ત્યાં 'પેચ્છા' કહેલ છે. આટલો શબ્દનો ફેર છે. આ આલાવાને–અધિકારને મેળવી જોતાં–વિચારી જોતાં–સમજતાં સૂર્યાભદેવતાએ પ્રતિમા પૂજી અને પ્રતિમા પાસે નમોત્થુણંનો પાઠ કહ્યો તે જુદી વાત અને શ્રી વીતરાગને વાંદ્યા એ જુદી વાત. વળી જેમ પ્રતિમા પૂજી ત્યાં 'પુચ્વિં પચ્છા' કહ્યું છે તેમ દાઢની પૂજા કરી ત્યાં પણ 'પુચ્વિં પચ્છા' કહ્યું છે. આ બન્ને અધિકારો એક બાજુ છે.

ભાવાર્થ : શ્રી લોંકાશાહ એમ કહેવા માગે છે કે પ્રતિમા પૂજી અને દાઢની પૂજા કરી એ બન્ને એક બાજુ રાખીએ એક સરખાં એક જ પ્રકારની ક્રિયામાં ગણાય અને વીતરાગ વાંદ્યા એ બીજી જાતની ક્રિયામાં ગણાય.

તથા કેટલાક એમ કહે છે કે અરમાંકાળાએ તીર્થંકરના દાઢ છે. ત્યાં મૈથુન ન સેવે. તેથી દાઢ સમ્યકત્વ ખાતે થઈ તો જુઓને, સમકિતને ખાતે હોય તો 'પુચ્વિં પચ્છા' કેમ કહે?

નોંધ : અને 'ધમ્મિઅં વવસાયં' 'પુચ્વિં પચ્છા' એ શબ્દો તો પરલોકના હિત માટેની ન હોય તેવી ક્રિયા માટે લખાય છે એમ કહેવા, સમજાવવા માગે છે.

વળી શ્રી ઠાણાંગસૂત્રમાં ત્રીજા ઠાણે વ્યવસાય ત્રણ પ્રકારના કહ્યા છે.

ઠાણાંગ સૂત્રના પાઠનો અર્થ : કાર્યસિદ્ધિ માટે ક્રિયા કરવી તેને વ્યાપાર કહે છે. ત્રણ પ્રકારના વ્યાપાર કહ્યા છે : (૧) ધર્મ વ્યાપાર એટલે સાધુના આચાર (૨) અધર્મ વ્યાપાર એટલે અસંયતિનો (૩) ધર્માધર્મ વ્યાપાર એ દેશ વિરતિ શ્રાવકનો. વળી ત્રણ પ્રકારના વ્યાપાર કહ્યા છે : (૧) પ્રત્યક્ષ–અવધિ, "મન પર્યવ", કેવળરૂપ (૨) પ્રત્યય–ઈન્દ્રિય જ્ઞાનરૂપ (૩) આનુમાનિક–અનુમાનથી જાણવું તે. વળી ત્રણ પ્રકારના વ્યાપાર કહ્યા છે : (૧) આ લોક સંબંધી (૨) પરલોક સંબંધી (૩) આ લોક અને પરલોક બંને સંબંધી.

હવે ત્રણ વ્યાપાર સંબંધી શ્રી લોંકાશાહ વિવેચન કરે છે કે, તે ધર્મ વ્યાપાર

સાધુનું, ધર્મઅધર્મ વ્યાપાર શ્રાવકનું અને બાકીના બાવીશ દંડક અધર્મ વ્યવસાય-વ્યાપાર કહ્યા છે. હવે જુઓને-સમજોને કે શ્રી વીતરાગ દેવે દેવતાના વ્યવસાય-વ્યાપાર-ક્રિયાને અધર્મ વ્યવસાયમાં ગણ્યા છે. અને જ્યાં સૂર્યાભ-દેવતાએ પ્રતિમા, દ્રહ (સરોવર) વાવ ઈત્યાદિ પૂજવાનું આવ્યું છે તેથી એમ કહ્યું છે કે આ ક્રિયાને ધમ્મિય વ્યવસાયમાં ગણવી જોઈએ. આ પ્રતિમા દ્રહ, વાવ વગેરે પૂજાની ક્રિયાને 'ધમ્મિઅં વવસાઇઅ'' કેમ કહી છે તે બાબતમાં ખુલાસામાં શ્રી ઠાણુંગસૂત્રનો આધાર ટાંકે છે. શ્રી ઠાણુંગસૂત્રના દશમા ઠાણે ધર્મ દશ પ્રકારના કહ્યા છે. 'દસવિહે ધમ્મે પન્નત્તે' : (૧) ગામધમ્મે (૨) નગરધમ્મે (૩) રટ્ઠધમ્મે (૪) પાસંડધમ્મે (૫) કુલધમ્મે (૬) ગણધમ્મે (૭) સંઘધમ્મે (૮) સુઅધમ્મે (૯) ચરિત્તધમ્મે (૧૦) અત્થિકાયધમ્મે. ઉપરના ઠાણુંગના પાઠનો અર્થ આ પ્રમાણે થાય છે : (૧) ગામનો ધર્મ એટલે ગામનો આચાર (૨) નગરનો આચાર (૩) દેશનો આચાર (૪) ૩૬૩ પાખંડીના ધર્મનો આચાર (૫) કુળનો આચાર (૬) ગણધર્મ એટલે ગણનો આચાર (૭) સંઘધર્મ એટલે ચતુર્વિધ સંઘનો આચાર (૮) શ્રુત ધર્મ એટલે સૂત્રધર્મ (૯) ચારિત્રધર્મ એટલે પાંચ મહાવ્રત રૂપ ધર્મનો આચાર (૧૦) અસ્તિકાય ધર્મ એટલે ધર્માસ્તિકાય વગેરે ધર્મ. આ દશ પ્રકારના ધર્મ કહ્યા; તેમાં 'ધમ્મિયં વવસાઇયં'નો કુલધર્મમાં સમાવેશ થાય છે અને કેટલાક એમ કહે છે કે શ્રુતધર્મમાં ધમ્મિય વ્યવસાયનો સમાવેશ કરવો જોઈએ. ડાહ્યા હોય તે વિચારી જોજો કે ધમ્મિય વ્યવસાયનો શ્રુતધર્મમાં સમાવેશ થાય છે? શ્રી લોંકાશાહ દલીલ કરી પૂછે છે કે સૂર્યાભદેવે પ્રતિમા દ્રહ, વાવિ, હથિયાર વગેરે ઘણી વસ્તુઓની પૂજા કરી છે તેને 'ધમ્મિય વ્યવસાય' તો સમુચ્ચય રીતે કહેલ છે. હવે જો સૂર્યાભદેવના આ 'ધમ્મિઅં વવસાઇઅ''ને શ્રુતધર્મ ગણીએ તો દ્રહ, હથિયાર, વાવ વગેરે જેટલાં વાનાં વસ્તુઓ પૂજે તે પણ સર્વે શ્રુતધર્મ થાય પણ સૂર્યાભના અધિકારમાં તો તે ક્રિયાઓને શ્રુતધર્મમાં ગણાવેલ નથી. વળી પ્રતિમાની પૂજાને નમોત્થુણં એમ શ્રુતધર્મમાં દલીલ ખાતર ગણો અને દ્રહ, હથિયાર, વાવ ઈત્યાદિની પૂજાને કુલધર્મમાં ગણો. સૂર્યાભના અધિકારે તો આ બધી ક્રિયાને સમુચ્ચય પદે 'ધમ્મિઅં વવસાઅ'' કહી છે. પ્રતિમા નમોત્થુણં દ્રહ, વાવ, હથિયાર પ્રમુખ સર્વને કહ્યાં છે. ડાહ્યા હોય તે વિચારી જોજો.

નોંધ : ઠાણુંગસૂત્રમાં દશ પ્રકારના ધર્મ કહ્યા છે. ત્યાં ધર્મની વ્યાખ્યા અરિહંત ભગવાનના પરૂપેલ ધર્મ મુજબ નથી. અરિહંત ભગવાનના પરૂપેલ ધર્મની વ્યાખ્યામાં આ દશ પ્રકારના ધર્મોનો સમાવેશ થતો નથી અને કરી શકાય

[illegible]
યોગ્ય નથી. શ્રી અરિહંત દેવો [illegible] છે. [illegible]
શ્રી અરિહંત દેવની પ્રતિમા [illegible] પ્રતિમા શ્રી
અરિહંત દેવની ન હોય પણ બીજા દેવોની હોય. [illegible] દેવની
પ્રતિમા ત્યાં હતી. આ ઉપરથી એમ ફલિત થાય છે કે [illegible] પ્રતિમા અરિહંત
જિનની નહીં પણ લૌકિક જિન, કામદેવ યા નાગરાજની [illegible]. વળી
જીવાભિગમ સૂત્રમાં ગંગા સિંધુનાં પાણી તથા માગધ, વરદામ, પ્રભાસ તીર્થોની
માટી પૂજા માટે મંગાવ્યાનું વર્ણન છે. આ બતાવે છે કે મૂળ પ્રતિમા
અરિહંત જિનની નહીં પણ કામજિનની હતી. સુધર્મસભા બીજી સભાઓ
ચૈત્ય, સ્તંભ, સિંહાસન સ્તૂપ, દ્વાર, ધજા, શસ્ત્ર, મુખમંડપ, નંદાપુષ્કરણી,
ચૈત્યવૃક્ષ, પુસ્તક, દહ, મણિપીઠિકા, [illegible]; રાજધાનીના જુદા જુદા રસ્તાઓ
આ બધાની પૂજા, [illegible] વિજયદેવતાએ કરી એવું વર્ણન છે.

૧૧.

પૂર્વભૂમિકા :- અગિયારમાં બોલનું નામ 'જંઘાચારણ વિદ્યાચારણના પ્રત્યુત્તર' છે. શાસ્ત્રોમાં મનુષ્યોત્તર પર્વત વગેરે સ્થળે 'ચૈત્ય' એટલે પ્રતિમા વાંદી એવી પ્રતિમાની ધારણાવાળાની દલીલ છે. તે દલીલનો શ્રી લોંકાશાહ ઘણાં શાસ્ત્રોના આધાર ટાંકી બતાવે છે કે 'ચૈત્ય' નો અર્થ 'વિદ્યમાન અરિહંત ભગવાન' થાય છે. પરંતુ 'પ્રતિમા' થતો નથી. આ બોલની શ્રી લોંકાશાહની ચર્ચા બહુ જ મનન કરવા યોગ્ય છે.

દેવઈ ઇત્યાદિ ગ્રંથ લિખીઇ છઇ. તથા ચૈત્યશબ્દિ પ્રતિમા કહઈ છઈ. તે સાધુ
ચારિત્રીયાનઈ વિદ્યાચારણ જંઘાચારણ મુનિ ઉપજઇ છઇ. તે સમવસરણ પ્રમાણઈ.
નંદીશ્વરદ્વીપપર્વતઈ ચૈત્યશબ્દઈ પ્રતિમા વાંદી તેહના પરતરે શ્રીસીદ્ધ શ્રીવીતરાગ
ને માનુષોત્તરપર્વતઈ આદિ કૂટ કહ્યાં. પણિ સિદ્ધાયતનકૂટ ન કહિઉં.
સિદ્ધાંતમાહિ માનુષોત્તરપર્વતઈ કૂટ છઇ તિહાં કૂટની વર્ણવના કરતાં
અનઇ અનેરે પર્વતે તિહાં સિદ્ધાયતન કૂટ કહ્યા છઇ. અનઇ જે ઇંહાં પર્વતઇ સિદ્ધાયતન
સિદ્ધાયતનકૂટ પણિ માહઈ કહ્યા, તિહાં સિદ્ધાયતનકૂટ ન કહિઉં.
કૂટ નથી. તે તિહાં જે પર્વતનાં કૂટ કહ્યાં તે લિખીઇ છઇ. 'માનુષોત્તરસ્સ
હવઈ શ્રી ઠાણાંગમાહિ માનુષોત્તરકૂટ કહ્યાં તે. ગાથા ૧, રયણુચ્ચયે ૨,
પુવ્વપચ્ચિમે ચઉદિસિ [illegible] ૪.' તુ દેવઈ ઇંહાંઇ શાશ્વતી પ્રતિમા નથી,
સવ્વરયણુપરે ૩. [illegible] અનઇ શ્રી અરિહંત તુ તિહાં કેહા વાંદીઇ,
તુ ચૈત્યશબ્દઈ શું વાંદ્યું ? [illegible]
તિહાંથી વંદાઇ.

અનઇ ચૈત્યશબ્દઇ અરિહંત તુ પણિ કહિ કહ્યા છઇ. તે ઠામ લિખીઇ છઇ.
'તં ગચ્છામો ણં દેવાણુપ્પિયા સમણં ભગવં મહાવીરં વંદામો ણમંસામો
સક્કારેમો સમ્માણેમો કલ્લાણં મંગલં ચેઇઅં પજ્જુવાસામો. એયં ણં પેચ્ચભવે
ઇહભવિય હિયાએ સુહાએ ખમાએ નિસ્સેસાએ આણુગામિયત્તાએ ભવિસ્સતીતિ
ક્ષ'–શ્રીઉવવાઇઅમધ્યે શ્રી અરિહંત. વિદ્યમાનના ચૈત્ય–૧. 'તં ગચ્છામો ણં
દેવાણુપ્પિયા સમણં ભગવં મહાવીરં વંદામો ણમંસામો જાવ પજ્જુવાસામો.
એયં ણં ઇહભવિય પરભવિયઃ હિયાએ સુહાએ ખમાએ નિસ્સેસાએ આણુ-
ગામિયત્તાએ ભવિસ્સતીતિ.' શ્રીભગવતીમધ્યે શતક ૯. 'તં ગચ્છામિ ણં
દેવાણુપ્પિયા સમણં ભગવં મહાવીરં વંદામિ ણમંસામિ, સક્કારેમિ સમ્માણેમિ.
કલ્લાણં મંગલં ચેઇઅં દેવયં પજ્જુવાસામિ'. રાયપસેણીમધ્યે. એ અરિહંત,
વિદ્યમાનનાં ચૈત્ય–૨. 'અમ્હે ણં ભંતે સૂરિઆભસ્સ દેવસ્સ આભિયોગા દેવાણુ-
પ્પિયાણં વંદામો ણમંસામો. સક્કારેમો સમ્માણેમો, કલ્લાણં, મંગલં, દેવયં ચેઇઅં
પજ્જુવાસામો.' રાયપસેણીઉપાંગમધ્યે. એ અરિહંત વિદ્યમાન તેહનાં ચૈત્ય–૩,
'અહણ્ણં ભંતે સૂરિઆભે દેવે દેવાણુપ્પિયં વંદામિ ણમંસામિ જાવ
પજ્જુવાસામિ.' રાયપસેણીઉપાંગમધ્યે. એ અરિહંત વિદ્યમાન તેહનાં ચૈત્ય–૪,
'ણં મહામાહણે ઉપ્પન્નણાણદંસણધરે તીય પડુપ્પન્નમણાગયજાણએ અરહા જિણે કેવલી સવ્વણ્ણૂ સવ્વદરિસી. તેલોક્કમહિયપૂજિતે સદેવમણુઆસુરસ્સ
લોગસ્સ અચ્ચણિજ્જે વંદણિજ્જે પૂઅણિજ્જે સક્કારણિજ્જે સમ્માણણિજ્જે
કલ્લાણં મંગલં દેવયં ચેતિઅં પજ્જુવાસણિજ્જે.' શ્રી ઉપાસગદશાંગ મધ્યે.

અધ્યયન ૭. એ અરિહંત વિદ્યમાનનાં ચૈત્ય–૫. ઇત્યાદિક ઘણે ઠામઈં ચેઇઅશબ્દઈં અરિહંત કહ્યા છઈ. જઉ માનુષોત્તરપર્વતઈ રહ્યા અરિહંત વાંદ્યા તુ ઇમ જાણજ્યો. જે સઘલઇ અરિહંત વાંદ્યા. ડાહ્યુ હુઇ તે વિચારી જોજ્યો.

તથા કોઈ ઇમ કહસિઇ. નંદીસરવરઈં ચેઇઅશબ્દઈં સ્યું વાંદ્યું. તેહના ઉત્તર પ્રીછઉ. જઉ માનુષોત્તરઈ ચેઇઅશબ્દઈ અરિહંત વાંદ્યા. તઉ નંદીસરવરપ્રમુખ સઘલઇ ચેઇઅશબ્દઈં અરિહંત જ વાંદ્યા. માનુષોત્તરઈં અનઇ નંદીસરવરઈં શબ્દના ફેર કોઈ જઇ નથી. બેહુ ઠામઈં સરિખા શબ્દ છઈ. તથા રૂચકદ્વીપઈં પણિ શાશ્વતી પ્રતિમા વાંદ્યા કિહાંઇ નથી કહિઉં. તથા જંઘાચારણનઈ આલાવઈ બીજા ઘણા અન્તર છઈ. પણિ જઉ માનુષોત્તરઈ શાશ્વતી પ્રતિમા નથી. તઉ બીજા પ્રશ્નોત્તરનઉ સ્યું કામ? ડાહ્યુ હુઇ તે વિચારી જોજ્યો. ૭. બોલ [illegible]

"[illegible]"

નમસ્કાર આદિ આ ભવમાં તથા પરભવમાં હિત માટે, સુખ માટે, ક્ષમા માટે, ભાગ્યોદય માટે જન્મજન્માંતરમાં સુખ માટે થશે.

નોંધ ચંપાનગરીમાં ભગવાન મહાવીર પધાર્યા ત્યારે તે ખબર જાણી ત્યાંના શેઠો ઉપર પ્રમાણે વિચાર કરવા માંડયા. આ પાઠમાં 'ચેઈઅ' શબ્દ શ્રી ભગવાન મહાવીરને ઉદ્દેશીને કહ્યો છે.

શ્રી ભગવતી સૂત્રના પાઠનો અર્થ : માટે હે દેવાનુપ્રિય! તેમના પાસે જઈએ, ત્યાં જઈને શ્રમણ ભગવાન મહાવીરને વંદના કરીએ, નમસ્કાર કરીએ, સત્કાર કરીએ. સન્માન કરીએ. કલ્યાણકારક, મંગળ, દેવાધિદેવના પ્રભાવયુક્ત, કેવળ-જ્ઞાનયુક્ત એવા શ્રી મહાવીર સ્વામીની સેવા કરીએ. એક ભગવાનને વંદના અને નમસ્કાર આદિ આ ભવમાં તથા પરભવમાં હિત માટે, ક્ષમા માટે, ભાગ્યોદય માટે. જન્મજન્માંતરમાં સુખ માટે થશે. રાયપસેણી સૂત્રના પાઠનો અર્થ–હે દેવાનુપ્રિય! હું શ્રમણ ભગવાન મહાવીર પાસે જાઉં અને વંદના કરું, નમસ્કાર કરું, સત્કાર કરું, સન્માન કરું એ ભગવાન અરિહંત કલ્યાણકારી, મંગળરૂપ, દેવરૂપ કેવળજ્ઞાન સ્વરૂપ છે તેથી તેની સેવા ઉપાસના કરું એક અરિહંત વિદ્યમાનના ચૈત્ય.

રાયપસેણી સૂત્રમાં સૂર્યાભદેવનો પાઠ છે તેનો અર્થ–હે ભગવાન, અમે સૂર્યાભ દેવતાના અભિયોગિક દેવો, (સેવક દેવો) અમે વંદન કરીએ, નમસ્કાર કરીએ છીએ, સત્કાર કરીએ છીએ, સન્માન કરીએ છીએ. આપ કલ્યાણકારી, મંગળસ્વરૂપ, દેવસ્વરૂપ, કેવળજ્ઞાન સ્વરૂપ છો તેથી અમે આપની સેવા, ઉપાસના કરીએ છીએ.

નોંધ : સૂર્યાભદેવના હુકમથી તેના સેવક દેવતા શ્રી મહાવીર ભગવાન પાસે ગયા ત્યારે તેમણે ઉપર પ્રમાણે વંદના કરી છે.

રાયપસેણીસૂત્રમાં સૂર્યાભદેવ શ્રી મહાવીર પાસે ગયેલા તે પાઠનો અર્થ–હે, ભગવાન! હું સૂર્યાભદેવ, આપ દેવાનુપ્રિયને વંદન કરું છું યાવત્ સેવા ઉપાસના કરું છું.

નોંધ : સૂર્યાભદેવ પોતે ભગવાન પાસે ગયેલા તે વખતે ઉપર પ્રમાણે તેણે વંદના કરી છે.

એક અરિહંત વિદ્યમાનના ચૈત્ય

શ્રી લોંકાશાહ સમજાવે છે કે [illegible]
અરિહંત માટે [illegible]
અરિહંત ભગવાન કરેલા હોય છે. તો [illegible]
વાંચા એમ કહેતા હો તો સમજો [illegible]
હોય તે વિચારી જોજો. શ્રી લોંકાશાહ [illegible] એમ કહે છે કે [illegible]
ઉકાળી કહેશે કે નંદિસૂત્રમાં 'ચૈત્ય' શબ્દથી [illegible]
સમજો કે અનુયોગદ્વારમાં 'ચૈત્ય' શબ્દથી અરિહંત ભગવાન કહ્યા છે [illegible]
નંદિસૂત્રમાં અને સઘળે સઘળે 'ચૈત્ય' શબ્દથી શ્રી અરિહંત જ [illegible]
અનુયોગદ્વારમાં અને નંદિસૂત્રમાં શબ્દમાં કાંઈ ફેર નથી. [illegible]
(વર્ણનના પાઠમાં) સરખા શબ્દ છે તથા ચૈત્યદ્વારે પણ શાશ્વતી પ્રતિમા [illegible]
ક્યાંય કહી નથી. જંઘાચારણના અધિકારે બીજી ઘણી બાબતોના મુદ્દા[illegible]
પ્રત્યુત્તર આપી શકાય તેમ છે પણ જેમ અનુયોગદ્વારમાં શાશ્વતી પ્રતિમા ન[illegible]
એમ સાબિત માનો તો બીજી મુદ્દાસર બાબતોના જવાબ આપવાની શું જ[illegible]
છે? ડાહ્યા હોય તે વિચારી જોજો. અધિકારમાં બોલ પૂરા થયા.

આ બધું બતાવે છે કે આ કોઈ આત્મકલ્યાણની ધાર્મિક ક્રિયા માત્ર ન[illegible]
પણ દેવની મકાન સુખસાહ્યબી બતાવનારી મકાન આરંભ સમારંભવાળ[illegible]
ક્રિયાઓ છે તે જિન અરિહંતના ધર્મની નથી પણ દેવોના લૌકિક વ્યવહાર[illegible]
ક્રિયાઓ છે.

[illegible] શ્રી ભગવતીસૂત્રમાં [illegible]

[illegible]

[illegible] અરિહંત [illegible] વિચારી [illegible]

[illegible] શ્રી ભગવતીસૂત્રમાં [illegible] પ્રમાણે [illegible] અનુસાર [illegible]

ભવિતાત્માનો આશ્રય લઈને ઊંચે સૌધર્મ દેવલોક સુધી જઈ શકે છે. આ પાઠનો આધાર લઈ કેટલાક એવી દલીલ કરે છે કે 'અરિહંત ચેઈયાણિ' શબ્દનો અર્થ અરિહંતની પ્રતિમા થાય છે અને તે પ્રતિમાની નિશ્રાએ આશ્રયે અસુરકુમાર જઈ શકે. શ્રી લોંકાશાહ આ દલીલનો પ્રત્યુત્તર એવો આપે છે કે જો પ્રતિમાની નિશ્રા–આશ્રય લેવાનો હોય તો અસુરકુમાર ચમરેન્દ્ર ભરતક્ષેત્ર સુધી શા માટે આવે. શાશ્વતી પ્રતિમા તો ચમરેન્દ્રની નજીકમાં હતી અને પ્રતિમાની ગરજથી; આશ્રયથી તેનું કામ સરતું હોય–આશ્રય મળતો હોય તો ભરતક્ષેત્ર લગી શા માટે આવે? વળી સૌધર્મ ઇન્દ્રે વજ્ર બાણ મૂક્યું ત્યારે ચમરેન્દ્ર ભયભીત થઈને ભરતક્ષેત્ર સુધી શા માટે આવ્યો? જો પ્રતિમાથી રક્ષણ મળતું હોત તો ત્યાં શાશ્વતી પ્રતિમા નજીક હતી. અને તેના શરણે ગયો હોત. પણ જેના શરણથી ભયમુક્ત થાય–રક્ષણ મળે તેના શરણે આવ્યો દેખાય છે. વળી સૌધર્મેન્દ્રે વજ્ર મૂક્યા પછી તેને એમ વિચાર આવ્યો કે ચમરેન્દ્રને પોતાને અહીં લગી આવવાની શક્તિ નથી પરંતુ શ્રી અરિહંત અરિહંત ચેઇય એટલે છદ્મસ્થ અણગારની નિશ્રાએ–શરણું લઇ તે આવી શકે. સૌધર્મ ઇન્દ્રએ તેથી વિચાર કર્યો કે મેં તો વજ્ર છોડ્યું છે તેથી શ્રી અરિહંત ભગવાનની અણગારની આશાતના લાગી, તેનું મને મહાદુઃખ, મહાપાપ લાગ્યું. શ્રી લોંકાશાહ સૌધર્મ ઇન્દ્રની ઉપર મુજબની ચિંતવના ઉપરથી એમ દલીલ કરે છે કે જુઓને, શ્રી અરિહંત ભગવંત અણગારની આશાતના થયાનું કહ્યું પણ પ્રતિમાની આશાતના થયાનું ન કહ્યું: એટલે સૌધર્મેન્દ્રે 'અરિહંત' અને 'ચેઇય' શબ્દનો અર્થ 'ભગવંત' કર્યો છે. પણ પ્રતિમા ન કહી તેથી અરિહંત ચેઇયનો અર્થ અહીં ભગવંત કર્યો છે. અને વૃત્તિમાં પણ અરિહંત એવો અર્થ કર્યો છે. પણ પ્રતિમા એવો અર્થ કર્યો નથી. ડાહ્યા હોય તે વિચારી જોજો. આ બારમો બોલ પૂરો થયો.

ભાવાર્થ : આ અધિકારમાં સ્પષ્ટ કર્યું છે કે ચમરેન્દ્ર મહાવીર ભગવાનનું શરણું લઇને સૌધર્મેન્દ્ર પાસે ગયો હતો અને મહાવીર ભગવાનના શરણના બળે તે સૌધર્મ સભામાં જવા શક્તિમાન થયો હતો. વળી ચમરેન્દ્ર, સૌધર્મેન્દ્ર કોપિત થતાં વજ્ર છૂટતાં ભયભીત થઈ શ્રી મહાવીર દેવના શરણે ગયો ને મહાવીરના બન્ને પગ વચ્ચે પડી ગયો અને સૌધર્મ ઇન્દ્ર પણ શ્રી મહાવીર પાસે આવ્યા અને એમની ક્ષમા માગી. આ તમામ હકીકત નિર્વિવાદ રીતે સાબિત થાય થાય છે કે 'ચેત્યયા ચેઇઅં' શબ્દ પ્રતિમાના અર્થમાં અહીં વપરાયો નથી જ. શ્રી મહાવીર દેવ આ બનાવ વખતે છદ્મસ્થ હતા, ચાર કર્મ ખપાવી કેવળ-

જ્ઞાન થયું નહોતું તેથી 'અરિહંત ચેઇઆં' શબ્દ યથાર્થ રીતે વાપરવામાં આવ્યો છે.

૧૩.

પૂર્વભૂમિકા : તેરમા બોલનું નામ 'અંબડ શ્રાવકના પ્રત્યુત્તર' છે શ્રી ઉવવાઈ-સૂત્રમાં શ્રી અંબડ શ્રાવકના અધિકારમાં 'અરિહંત ચેઇયાણિ' શબ્દ છે તેનો અર્થ શ્રી અરિહંત ભગવાન થાય એમ આધાર સહિત શ્રી લોંકાશાહ સમજાવે છે.

"હવઇ તેરમુ બોલ લિખીઇ છઇ. તથા શ્રી ઉવવાઈઉપાંગમધ્યે અંવડશ્રાવકનઈ અધિકારઈ એહવા શબ્દ છઈ જે 'નન્નત્થ અરિહંતે વા. અરિહંતચેઇયાણિ વા.' તિહાં કેતલાએક ઈમ કહઈ છઈ જે 'અરહંતચેઈશબ્દઈ પ્રતિમા'. તેહના પ્રત્યુત્તર લિખીઈ છઈ. 'અરિહંતચેઇયાણિ વા' એ બેહૂ શબ્દઈ અરિહંત જ જાણિવા. કેતલાએક ઈમ કહસ્યઈ જે 'અરિહંતનઈ બિહૂ શબ્દઈ કાં કહીઈ? વા શબ્દઈ તુ વિકલ્પ હુઇ.' તઉ જોઉનઈ સિદ્ધાંતમાહિ ઠામિ ઠામિ ઇમ કહિઉ જે 'સમણં વા. માહણં વા.' એક સાધુનઈ બેહૂ નામ કહ્યાં. તથા વા શબ્દ

ચેઇશબ્દઈ અરિહંત કહ્યા છઈ. તે પૂર્વલી પેરઈ જાણિવા.

તથા કેતલાએક ઇમ કહઈ છઈ. જે વૃત્તિકારઈ ઉઘાડા માટઈ ન ફેલાવ્યા. તઉ તઉ જોઉનઈ ચેઇશબ્દ ઉઘાડઉ કે અરિહંતશબ્દ ઉઘાડઉ. જઉ ઉઘાડઉ શબ્દ ન ફેલાવઈ, તઉ ઇહાંઈ અરિહંતશબ્દ ફેલાવ્યઉ જોઇઇ. નહીં. ડાહા હુઇ તે વિચારી જોજ્યો. એઉ તેરમું બોલ."

વિવરણ : હવે તેરમો બોલ લખીએ છીએ. વળી શ્રી ઉવવાઇઉપાંગમાં શ્રી અંબડ શ્રાવકના અધિકારમાં 'નન્નત્થ અરિહંતે વા અરિહંત ચેઇયાણિ વા' શબ્દ છે તે સંબંધમાં કેટલાક એમ દલીલ કરે છે કે ત્યાં 'અરિહંતચેઇ' શબ્દ છે તેનો અર્થ અરિહંતની પ્રતિમા થાય છે. શ્રી લોંકાશાહ આ દલીલનો એવો પ્રત્યુત્તર આપે છે કે 'અરિહંત ચેઇયાણિ વા' એ બંને શબ્દનો અર્થ અરિહંત જ જાણવો–કરવો જોઇએ. શ્રી લોંકાશાહ ફરીથી કહે છે કે કેટલાક એમ કહેશે કે આ બન્ને શબ્દનો અરિહંત શા માટે થાય? 'અરિહંતે વા અરિહંત ચેઈયાણિ વા' આ બંને શબ્દો વચ્ચે 'વા' શબ્દ છે. તેનો અર્થ તો 'વિકલ્પ' થાય, બંને શબ્દોનો એક જ અર્થ થાય નહીં. આ શંકાનું સમાધાન કરતાં શ્રી લોંકાશાહ એમ કહે છે કે જુઓને સિદ્ધાંતમાં તો ઠેકાણે ઠેકાણે એમ કહેલ છે જે 'સમણં વા માહણં વા' લખ્યું છે ત્યાં એક સાધુને બન્ને નામથી સંબોધ્યા છે અને ત્યાં બન્ને નામ વચ્ચે 'વા શબ્દ છે. પોતાની આ દલીલની પુષ્ટિમાં શ્રી લોંકાશાહ શ્રી સૂયગડાંગ સૂત્રના ૧૭માં પુંડરીક અધ્યયનમાં એક સાધુનાં તેર નામો કહ્યાં છે તે તેર નામો વચ્ચે 'વા' શબ્દ પણ લખ્યો છે તે લખીએ છીએ. (૧) શ્રમણ, શત્રુમિત્ર પર સમભાવ રાખનાર (૨) માહણ, (આમાણ) પ્રાણી માત્રને મા હણો બોલનાર (૩) ક્ષમાવંત (૪) ઇન્દ્રિયોનું દમન કરનાર (૫) ત્રણ ગુપ્તિના પાળનાર (૬) મુક્તિ એટલે નિર્લોભી, મુક્ત. (૭) ઋષિ, વિશેષ તપશ્ચર્યા સહિત જીવની રક્ષા કરનાર (૮) મુનિ, જગતની ત્રિકાલ અવસ્થાના સ્વરૂપને જાણનાર (૯) પરમાર્થ થકી પંડિત જેનું સર્વ કોઇ કીર્તન કરે તેવા કૃતકૃત્ય. (૧૦) કરી વિદ્યા સહિત વિદ્વાન. (૧૧) નિર્દોષ આહારપાણી લેનાર ભિક્ષુ (૧૨) લુખા અંતપ્રાંત આહારી (૧૩) સંસારના તીર રૂપ જે મોક્ષ તેના અર્થી, મુમુક્ષુ. આ જ પ્રકારે એક વસ્તુનાં ઘણાં ઘણાં નામો આવે છે. [illegible] પણ 'અરિહંત વા અરિહંત વા અરિહંત ચેઇયાણી વા'નો અર્થ 'અરિહંત' જ કર્યો છે. શ્રી લોંકાશાહ વિશેષમાં કહે છે કે સૂત્રોમાં [illegible] ઠેકાણે 'ચેઇયાઇં' શબ્દ 'અરિહંત' એ અર્થમાં વપરાયો છે. દા. ત. 'તં'

લગી ૪૧ પાના ઉપર નીચેની ટીકા ધ્યાન ખેંચે છે :

એશિયાટિક સોસાયટી કલકત્તાના રૂડોલ્ફ હોરનલ સાહેબે ઉપાસક દશાંગસૂત્રની આઠ પ્રતો તપાસી છે તેમાં ત્રણ પ્રતોમાં 'અનઉત્થિય પરિગ્ગહિયાણિ ચેઇયાઇ' એવો પાઠ છે બે પ્રતોમાં 'અન્ન ઉત્થિય પરિગ્ગહિયાણિ અરહંત ચેઇયાઇં' એવો પાઠ છે અને બાકીની ત્રણ પ્રતમાં 'અન્ન ઉત્થિય પરિગ્ગહિયાણિ' એટલો પાઠ છે. રૂડોલ્ફ હોરનલ સાહેબ લખે છે કે પાંચ પ્રતોમાં 'ચેઇયાઇ' અથવા 'અરિહંત ચેઇયાઇ' એવો પાઠ છે જે વધારે જણાય છે. તે અર્થનો વિશેષ ખુલાસો કરવા ટીકા ઉપરથી દાખલ કરેલ જણાય છે. જો મૂળ પાઠમાં એ શબ્દ હોય તો ખરેખર 'અરિહંત ચેઇયાઇ'ને બદલે 'અરિહંત ચેઇયાણિ' હોવું જોઇએ. 'ચેઇઅ'નું સંસ્કૃત 'ચૈત્ય' શબ્દ થાય. તેનો અર્થ (૧) મંદિર (૨) પવિત્ર દેવાલય (૩) બગીચો (૪) યક્ષનાં દેરાં (૫) જ્ઞાનવંત (૬) જ્ઞાનવંત સાધુ થાય છે. દશ શ્રાવકોના અધિકારમાં ક્યાંય જૈન તીર્થંકરના મંદિરનું વર્ણન નથી. સૂત્રોમાં યક્ષના મંદિરનું વર્ણન વારંવાર આવે છે. આ તમામ ટીકા ધ્યાનમાં લેતાં એમ જણાય છે કે શ્રી આણંદ શ્રાવકના અધિકારમાં (૧) અન્ય તીર્થોના સાધુ (૨) અન્ય તીર્થના દેવ (૩) અન્ય તીર્થે ગ્રહણ

કરેલ જ્ઞાનવંત પણ ભ્રષ્ટ થયેલ જૈન સાધુ એ ત્રણેને આણંદ શ્રાવકે વંદન નમસ્કાર કરવા કલ્પે નહીં.

૧૫.

પૂર્વભૂમિકા : પંદરમા બોલનું નામ 'ચેઈઅટ્ઠે નિજ્જરટ્ઠેનઉ પ્રત્યુત્તર' છે. આ બોલમાં શ્રી લોંકાશાહ પ્રશ્નવ્યાકરણના ત્રીજા સંવરદ્વારમાં 'ચેઈઅટ્ઠે નિજ્જરટ્ઠે' પાઠ છે તેનો ખુલાસો કરી સમજાવે છે કે સાધુને જે આહારપાણીનું દાન મળે તેમાંથી બીજા સાધુઓનો ભાગ પાડવાનો છે અને તેમાં 'ચેઅટ્ઠે' શબ્દ આવે છે તેનો અર્થ જ્ઞાનના અર્થી સાધુને ભાગ આપવાના વિવેકનો છે. અહીં પ્રતિમાનો સવાલ છે જ નહીં.

"હવઇ પનરમુ બોલ લિખીઇ છઇ. તથા શ્રીપ્રશ્નવ્યાકરણમધ્યે ત્રીજઇ સંવરદ્વારઇ 'ચેઈઅંટ્ઠે નિજ્જરટ્ઠે' જે એહવા શબ્દ છઇ, તિહાં કેતલાએક ઈમ કહઇ છઇ જે–'સાધુ ચારિત્રીઉ પ્રતિમાનું વેઆવચ્ચ કરઈ.' તેહના પ્રત્યુત્તર પ્રીછઉ. તિહાં તઉ એહવા અધિકાર છઈ. જે સાધુ ચારિત્રીઉ ગૃહસ્થના ઘર થકી ઉપધિ ભાત પાણી આણઈ. અનઇ આણીનઇ અનેરા સાધુનઈ આપઈ. તે પ્રીછઉ જે 'ચેઇઅટ્ઠે'=ચિત્યર્થી જ્ઞાનાર્થી એતલઇ જ્ઞાનનઇ અર્થઇ, તથા નિજ્જરાર્થઇ આપઇ. તથા એહજિ સૂત્રમધ્યે ઘણુ વિસ્તાર છઇ જે 'અપ્રીતિકારિયાં ઘરમાહિ ન પઈસઈ. અપ્રીતિકારિયાનું ભાત પાણી ઉપધિ ન લીઈ.' વલી ઇમ કહ્યું જે 'પીઢ ફલગ સિજ્જા સંથારગ વત્થ પાય કંબલ દંડગ રજોહરણ નિશિજ્જા ચોલપટ્ટય મુહપોત્તીય પાયપુંછણાદિ ભાયણ ભંડોવહિ ઉવગરણ.' એતલાં વાનાં માહિલું પ્રતિમાનઈ સ્યું કાજિ આવઈ? અનઇ સાધુનઈ તુ એ સઘલાં વાનાં કાજઈ આપઈ. ઈહાંઈ તઉ દાનનઉ અધિકાર છઈ. જે દાતારનું દીધું લેવું. ડાહ્યુ હુઇ તે વિચારી જોજ્યો. એહ પનરમુ બોલ."

વિવરણ : 'હવે પંદરમો બોલ લખીએ છીએ, શ્રી પ્રશ્નવ્યાકરણના ત્રીજા

અધ્યયન સંવરદ્વારમાં 'ચેઈઅટ્ઠે, નિજ્જરટ્ઠે' જે શબ્દોનો કેટલાક એમ અર્થ કરે છે કે ચારિત્રવાન સાધુએ પ્રતિમાની વૈયાવચ્ચ કરવી. શ્રી લોંકાશાહ આનો પ્રત્યુત્તર આપે છે કે આ અધ્યયનમાં તો એવો અધિકાર છે કે ચારિત્રવાન સાધુ જે ગૃહસ્થના ઘરેથી ઉપધિ ભાત પાણી લાવે તે લાવીને બીજા સાધુને આપે. 'ચેઇઅટ્ઠં' શબ્દનો અર્થ જ્ઞાનના અર્થ માટે અને 'નિજ્જરટ્ઠે' એટલે નિર્જરાના અર્થ માટે આપે. આ અધ્યયનમાં જ અપ્રીતિકારીનાં ઘરમાં સાધુએ દાખલ પ્રવેશ થવું નહીં અને અપ્રીતિકારીના આહારપાણી લેવાં નહીં એમ ઘણા વિસ્તારથી કહ્યું છે. વળી એ જ પાઠમાં એમ કહ્યું છે કે પાટ, પાટિયું, શય્યા, સંસ્તારક વસ્ત્ર, પાત્ર, કંબલ, દંડ, રજોહરણ, બેસવાનો પાટલો, ચોલપટો, મુહપત્તિ, પદલૂછણું, ભોજન, વસ્ત્રાદિ ઉપકરણ આપવાં. આ પૈકીની કોઇ ચીજ પ્રતિમાને શું કામ આવે? સાધુને તો આ ચીજો કામ આવે. આ અધિકાર તો દાનનો છે. દાતાર જે આપે તે લેવું એ બાબતનો વિશેષ આ અધ્યયનમાં છે. ડાહ્યા હોય તે વિચારી જોજ્યો. પંદરમો બોલ પૂરો.'

ભાવાર્થ : શ્રી પ્રશ્નવ્યાકરણમાં સંવરદ્વારનો ત્રીજો ત્રવિકાર છે સાધુને આહાર પાણી આદિનું દાન મળે તે બાબતનો છે તે જે આહારપાણી વગેરે મળે તેમાંથી બીજા સાધુઓને ભાગ આપવાનો જેનો ધર્મ છે તે પૈકી જ્ઞાનના અર્થે સાધુને આપવાનો તેનો ધર્મ છે. અહીં 'ચેઇઅ' શબ્દ 'જ્ઞાન' અર્થમાં વાપર્યું છે. પ્રતિમાને સાધુએ વહોરેલાં અન્નપાણી આદિ આપવાનો અધિકાર (વિષય) નથી.

૧૬.

પૂર્વભૂમિકા : શ્રી લોંકાશાહે સોળમા બોલનું નામ 'પ્રતિમા અધર્મદ્વારમાંહિ કહી, મંદબુદ્ધીયાના ઉતર' આપ્યું છે. શ્રી પ્રશ્નવ્યાકરણના પહેલા આશ્રવદ્વારનો આધાર લઈ શ્રી લોંકાશાહ, એમ સાબિત કરે છે કે પ્રતિમા, પ્રાસાદો, દેવમંદિરો બનાવનારને આશ્રવ-પાપ લાગે છે તથા તે અધર્મદ્વારમાં ગણ્યા

અનુ તે કાર્યને સંવરદ્વારમાં મૂકીને ધર્મનિર્દેશ થાય એમ જણાયું નથી માટે પ્રતિમાનો નિષેધ શ્રી અરિહંત દેવે કર્યો છે.

"હવઇ સોલમૂ બોલ લિખીઇ છઇ. તથા પ્રશ્નવ્યાકરણમાંહિ પહિલઇ આશ્રવદ્વારઇ હિંસાદ્વારનઇ અધિકારઇ. 'ઘર પીઢણી આવાસ ઘર હાટ પ્રતિમા પ્રાસાદ સભા ઇત્યાદિ કરઇ કારણઇ પૃથ્વીકાયનઇ હણઇ.' તે શ્રી વીતરાગઇ અધર્મદ્વારમાંહિ ઘાલ્યું. ઇહાં તઉ પ્રતિમાના નિષેધ દીસઇ છઇ. બહુ શ્રુત તે વિચારી જોજ્યો.

તથા કેતલાઇક ઇમ કહઇ છઇ જે ઇહાંઇ તઉ ઇમ કહ્યું 'જે પુષ્પાદિ સંતિ તે મંદબુદ્ધિયા', મંદબુદ્ધી શબ્દઇ મિથ્યાત્વી કહીઇ. એ અર્થ સૂત્રસ્યું મિલઇ નહીં. તે કેતલા ભણી જે, પાંચમા અધર્મદ્વારમાંહિ પરિગ્રહનઇ અધિકારઇ ચક્રવર્તિ બલદેવ વાસુદેવ અનુત્તરવિમાનવાસી દેવતા ઇત્યાદિ ઘણા કહીનઇ આગલિ કહ્યું જે 'મંદબુદ્ધિ હુંતા પરિગ્રહનઉ સંચઉ કરઇ' તઉ જોઉનઇ જિ કેઇ કહઇ છઇ—'મંદબુદ્ધી શબ્દઇ મિથ્યાત્વી' તે અર્થ જૂઠા, સૂત્ર વિરુદ્ધ દીસઇ છઇ. બહુ શ્રુત તે વિચારી જોજ્યો. એ સોલમુ બોલ."

વિવરણ : હવે સોળમો બોલ લખીએ છીએ. પ્રશ્નવ્યાકરણમાં પહેલા આશ્રવદ્વારના પૃથ્વીકાયના અધિકારે ઘર, પીઢણી, આવાસ ઘર, હાટ, પ્રતિમા, પ્રાસાદ, સભા ઇત્યાદિ અનેક પ્રકારના કારણે પૃથ્વીકાયની હિંસા કરે તેને શ્રી વીતરાગદેવે અધર્મદ્વારમાં મૂક્યા છે. અહીં તો પ્રતિમાનો નિષેધ કર્યો દેખાય છે. બહુશ્રુત હોય તે વિચારી જોજો.

ભાવાર્થ : શ્રી લોંકાશાહ, એમ કહેવા માગે છે કે પ્રતિમા મંદિર બનાવવાના કાર્યને આશ્રવદ્વારમાં મૂક્યું છે... તે બતાવે છે કે તે ધર્મદ્વારમાં—સંવરદ્વારમાં આવતું નથી. જો શ્રી વીતરાગે પ્રતિમાને ધર્મકાર્યમાં મૂકી હોત તો પ્રશ્નવ્યાકરણમાં પ્રતિમાના સ્થાપનાકાર્યને હિંસાકાર્યમાં મૂક્યું ન હોત યા તો તે માટે કોઈ અપવાદ બતાવ્યો હોત.

વળી કેટલાક એમ કહે છે કે આ પાઠમાં 'જે પુષ્પાદિ સંતિ તે મંદબુદ્ધિયા'માં મંદબુદ્ધિ શબ્દ મિથ્યાત્વી માટે કહેલ છે 'મંદબુદ્ધિયા'નો અર્થ મિથ્યાત્વી કરવો. આવો અર્થ આ સૂત્રમાંથી નીકળતો નથી. તે એટલા માટે શ્રી પ્રશ્નવ્યાકરણના પાંચમા અધર્મદ્વારમાં પરિગ્રહના અધિકારે ચક્રવર્તી બલદેવ વાસુદેવ અનુત્તર વિમાનના દેવતા ઇત્યાદિક ઘણા કહીને આગળ કહ્યું છે જે 'મંદબુદ્ધિ' હોવાથી

પરિગ્રહનો સંચય કરે છે. તો આ ઉપરથી જુઓને—સમજોને કે જે કોઇ એમ કહે છે કે 'મંદબુદ્ધિ' શબ્દનો અર્થ મિથ્યાત્વી થાય છે, તે અર્થ જૂઠો સૂત્રવિરુદ્ધ દેખાય છે. ડાહ્યા હોય તે વિચારી જોજો. આ સોળમો બોલ પૂરો થયો.'

૧૭.

પૂર્વભૂમિકા : શ્રીમાન લોંકાશાહે સત્તરમા બોલનું નામ 'દયાઇ ધર્મ કહિઉ, આજ્ઞા દયામઇ કહી' આપ્યું છે. શ્રી લોંકાશાહ આગમોના આધારો બતાવી કહે છે કે જીવ-દયા એ જ ધર્મ છે. વળી કેટલાક એમ દલીલ કરે છે કે વીતરાગદેવની આજ્ઞા એ જ ધર્મ છે. તેના ઉત્તરમાં શ્રીમાન લોંકાશાહ, સૂત્રોના આધારોથી સાબિત કરે છે કે શ્રી વીતરાગની આજ્ઞા સાધુનાં પાંચ મહાવ્રત અને શ્રાવકોનાં બાર વ્રત છે. આ મહાવ્રતો અને અણુવ્રતોમાં પણ જીવ-દયા પરોવેલ છે.

"હવઇ સત્તરમુ બોલ લિખીઇ છઇ. તથા કેતલાએક ઇમ કહઇં છઇં જે—'આજ્ઞાઇં ધર્મ કહીઇ. પણિ દયાઇ ધર્મ ન કહીઇ.' દયાઈ ધર્મ કહિઉ છઇ તે લિખીઇ છઇ—

'તુલિઆવિસેસમાદાય દયાધમ્મસ્સ ખંતીએ.
વિપ્પસીઇજ્જ મેહાવી તહાભૂએણ અપ્પણા' (૧) ઇતિ

શ્રી ઉત્તરાધ્યયનના પંચમાધ્યયને. તથા

'દયાવરં ધમ્મ દુગંછમાણે વહાવહં ધમ્મ પસંસમાણે.
એગંતજં ભોયયતિઅસીલં નિવોનિસંજાતિકઓ સુરેહિં.'

ઇતિ શ્રીસૂયગડાંગઅધ્યયન બાવીસમાનેં ગાથા (૪૫). 'ધમ્મો મંગલમુક્કિટ્ઠં' અહિંસા સંજમો તવો.

દેવા વિ તં નમંસંતિ જસ્સ ધમ્મે સયા મણો.' (૧)

ઇતિ શ્રીદશવૈકાલિકસૂત્રપ્રથમાધ્યયને. તથા સે બેમિ જે અઈયા જે અ પડુપ્પન્ના જે અ આગમિસ્સા અરિહંતા ભગવંતો તે સવ્વે એવમાઇક્ખંતિ. એવં ભાસંતિ. એવં પણ્ણવિંતિ એવં પરૂવિંતિ સવ્વે પાણા સવ્વે ભૂયા સવ્વે જીવા સવ્વે સત્તા ન હંતવ્વા ન અજ્જાવેયવ્વા. ન પરિઘિત્તવ્વા. ન પરિયાવેયવ્વા. ન ઉદ્દવેયવ્વા. એસ ધમ્મે સુદ્ધે ઇતિ શ્રીઆચારાંગ સૂત્રે ચતુર્થાધ્યયને.

તથા શ્રીવીરપ્રભુએ કહ્યું છે શ્રી ઉત્ત સૂત્ર ને વિષે કહ્યું.

'અપ્પા કત્તા વિકત્તા ય દુહાણ ય સુહાણ ય.

અપ્પા મિત્તમમિત્તં ચ દુપ્પટ્ઠિય સુપટ્ઠિઓ. (૧).
ઇતિ શ્રીઉત્તરાધ્યયન અધ્યયને ગાથા. (૩૭)

તથા શ્રી વીરપ્રભુ શ્રીમુખેથી શ્રીઉત્તરાધ્યયન સૂત્ર ને વિષે કહ્યું.

'ન તં અરી કંઠછિત્તા કરેઇ. જં સે કરે અપ્પણિયા દુરપ્પા.
સે નાહિઇ મચ્ચુમુહં તુ પત્તે. પચ્છાણુતાવેણ દયાવિહૂણો.' (૨)

ઇતિ શ્રીઉત્તરાધ્યયન ૨૦ મે ગાથા ૪૮. તથા આનંદ શ્રાવક જ્યાં 'તમેવ ધમ્મં દુવિહં આઇક્ખંતિ. તંજહા. અગારધમ્મં ચ. અણગારધમ્મં ચ. ઇહ ખલુ સવ્વઓ સવ્વત્તાએ મુંડે ભવિત્તા અગારાઓ અણગારિયં પવ્વતિ. સવ્વાઓ પાણાઇવાયાઓ વેરમણં. મુસાવાય. અદત્તાદાણ. મેહુણ. પરિગ્ગહ રાઇભોયણાઓ વેરમણં. અયમાઉસો અણગાર સામાઇએ ધમ્મે પણ્ણત્તે. એયસ્સ ધમ્મસ્સ સિક્ખાએ ઉવટ્ઠિએ નિગ્ગંથે વા. નિગ્ગંથી વા. વિહરમાણે. આણાએ આરાહએ ભવતિ.

'અગારધમ્મં દુવાલસવિહં' આઇક્ખઇ. તંજહા. પંચાણુવ્વયાઇં. તિણ્ણિ ગુણવ્વયાઇં. ચત્તારિ સિક્ખાવયાઇં. પંચ અણુવ્વયાઇં. તંજહા. થૂલાઓ પાણાઇવાયાઓ વેરમણં. થૂલાઓ મુસાવાયાઓ વેરમણં. થૂલાઓ અદિણ્ણા-દાણાઓ વેરમણં. સદારસંતોસે. ઇચ્છાપરિમાણે. તિણ્ણિ ગુણવ્વયાઇં તંજહા. અણત્થદંડવેરમણં. દિસિવ્વયં. ઉવભોગપરિભોગપરિમાણં. ચત્તારિ સિક્ખાવયાઇં. તંજહા. સામાઇઅં. દેસાવગાસિઅં. પોસહોવવાસે. અતિહિસંવિભાગો.

જાસુતી. પૂઆ. વિમલપણાસાય. નિગ્ગલતરુસિ. એવ માહીહિ નિપયગુણુનિમ્મિયાઈ મજ્ઝવનામાહિ હોંતિ અહિંસાભગવતીએ.' એ ભગવંતઈ પ્રરુપી. 'સા ભગવતી અહિંસા. જા સા ભીયાણું પિ વ સરણ. પક્ખીણું પિવ ગયણું. તિસિયાણું પિવ સલિલં. ખુહિઆણું પિવ અસણું. સમુદ્દમજ્ઝે પોતવહણું. ચઉપ્પયાણું વ આસમપયં દુહદ્દિયાણં વ ઓસહિબલં. અટવીમજ્ઝે વ સત્થગમણું. એત્તો વિસિટ્ઠતરિઆ અહિંસા. જા સા પુઢવિજલઅગણિમારુઅવણપ્ફતિબીજહરિય જલચરથલચરતસથાવરસવ્વભૂઅખેમકારી. એસા ભગવતી અહિંસા' એહવી જીવદયા શ્રીવીતરાગઈ સાર પ્રધાન કહી. એહવી જીવદયા શ્રીવીતરાગના માર્ગનઈ વિષઈ છઈ. પણિ અનેરે ઠામિ નથી. જેહની મિથ્યામતિ છઈ. તેહનઈ કહણ છઈ. પણિ રહણ નથી. એહ સતરમુ બોલ."

વિવરણ : હવે સતરમો બોલ લખીએ છીએ. કેટલાક એમ કહે છે કે 'આજ્ઞા એ જ ધર્મ કહ્યો છે પણ દયાને ધર્મ કહ્યો નથી.' આનો ઉત્તર શ્રી લોંકાશાહ આપે છે કે દયા એ જ ધર્મ કહ્યો છે. તેના દાખલા સૂત્રસહિત આપીને લખું છું.

બુદ્ધિમાન સાધુ બન્ને મરણોને સરખાવીને વિશેષતાવાળાનો સ્વીકાર કરી ક્ષમા વડે દયાધર્મની વિશેષતા સમજીને તે પ્રકારની ઉત્તમ આત્મસ્થિતિએ પહોંચીને વિશેષ પ્રસન્ન થાય. (ઉત્તરાધ્યયન સૂત્ર–અધ્યયન ૫) વળી પ્રાણી માત્ર ઉપર દયા રાખનારો શ્રેષ્ઠ ધર્મ છે તેને નિંદનારા, પ્રાણીઓના વધને જે ચાહે તેવા હિંસકધર્મને પ્રશંસનારા છે તેમાંનો એક પણ જે વ્રત નિયમ ન પાળે તેવા અશીલ–દુરાચારીને છ જીવનિકાયનો વધ કરીને જમાડે, વધારે તો દૂર રહ્યું, તો તે જમાડનારો રાજા કે બીજા, તેમાં ધર્મ માનનારા આત્માને હણનારા કોઈ પણ હોય તે રાંકડો, રાત્રિ માફક અંધકારવાળી નરક ભૂમિમાં જાય છે. તેવાને દેવગતિ તો દૂર રહી પણ અધમ અસુરદેવોમાં પણ ગતિ ક્યાંથી મળે? વળી બ્રાહ્મણો જ ઉચ્ચ એવો જાતિમદ ન કરવો કારણ કે કર્મના વશથી આ જીવને વિચિત્ર જાતિમાં જવું પડે છે. અને તે જાતિ પણ કાયમ રહેતી નથી. (સૂયગડાંગસૂત્ર–અધ્યયન ૨૨, ગાથા ૪૫)

ધર્મ એ પરમ મંગળ છે. અહિંસા સંયમ અને તપરૂપી ધર્મમાં જેનું મન સદા લાગેલું છે તેને દેવો પણ નમસ્કાર કરે છે. (દશવૈકાલિકસૂત્ર–અધ્યયન ૧, ગાથા ૧).

વળી હું કહું છું કે ભૂતકાળમાં જે તીર્થંકરો થઇ ગયા. વર્તમાનકાળમાં જે

શ્રી તીર્થંકરો કહે છે કે આત્મા [illegible] છે તેના આચારમાં [illegible] છે કે શ્રી પ્રભુએ આ માર્ગ બે પ્રકારનો કહ્યો છે : (૧) ગૃહસ્થનો માર્ગ (૨) મુનિનો માર્ગ. અણગારનો માર્ગ તે જ કલ્યાણ કરે છે કે જેમાં સર્વ પ્રકારથી હિંસાથી તથા સર્વ પ્રકારે વૈરાગ્ય સંપન્ન થઈ જાય છે. આ મુંડિત અવસ્થા દ્રવ્ય તથા ભાવના ભેદ બે પ્રકારની છે કેશલુંચન કરવું એ દ્રવ્ય મુંડન છે. તેમ જ કષાયોનો ત્યાગ કરવો એ ભાવ મુંડન છે. મુંડિત થઈ જે પોતાના ઘરનો ત્યાગ કરી સાધુની દીક્ષાથી દીક્ષિત થઇ જાય છે તેનું નામ અણગાર છે. આ અણગાર અવસ્થા કૃત, કારિત, અનુમોદના તેમ જ મન, વચન, કાયા એ પ્રકારે ત્રિકરણ અને ત્રિયોગથી પ્રાણાતિપાત આદિ પાપોનો સર્વથા ત્યાગ કરાય છે. પ્રાણાતિપાતનો ત્યગ કરવો એનું નામ પ્રાણાતિપાત વિરમણ છે. પ્રાણ શબ્દથી પ્રાણવાળા પ્રાણીઓની હિંસાથી વિરક્ત, સર્વથા દૂર રહેવું એનું નામ પ્રાણાતિપાત વિરમણ–અહિંસા મહાવ્રત છે. એવી જ રીતે ત્રણ યોગ અને ત્રણ કરણથી મૃષાવાદથી વિરક્ત થવું એનું નામ મૃષાવાદ વિરમણ–સત્ય મહાવ્રત છે. દેવગુરુ ભૂપ સાધર્મિક તેમજ ગાથાપતિ દ્વારા અદત્તનું ગ્રહણ કરવું તેનું નામ અદત્તાદાન છે, તેથી નિવૃત્ત થવું અદત્તાદાન વિરમણ મહાવ્રત છે. ત્રણ કરણ ત્રણ યોગથી, મૈથુનથી નિવૃત્ત રહેવું એનું નામ મૈથુન વિરમણ મહાવ્રત છે. જેના ગ્રહણથી જન્મ, જરા, મરણ આદિદુઃખોથી ઘેરાઇ જાય છે તેનું નામ પરિગ્રહ છે. ધર્મોકરણ સિવાય અન્ય બધાં ધન ધાન્ય આદિની ગણના પરિગ્રહમાં થાય છે કેમ કે પ્રાણીઓને એમાં મમત્વ ભાવ છે. એ પરિગ્રહથી વિરક્ત થવું એ પરિગ્રહ મહાવ્રત છે. રાત્રિમાં ભોજન ન કરવું એનું નામ રાત્રિભોજન વિરમણ વ્રત છે.

એ આયુષ્યમાન સિદ્ધાંતમાં સાધુઓના આચારજન્ય આ ધર્મનું પ્રતિપાદન કરેલ છે. સાધુના આ ધર્મના પાળવામાં તત્પર, ચાહે તે નિર્ગ્રંથ સાધુ હોય કે ચાહે તે નિર્ગ્રંથી સાધ્વી હોય—જે આવે આચરણમાં લાવે તે પ્રભુસર્વજ્ઞની આજ્ઞાના આરાધક મનાય છે. આ પ્રકારે અણગાર ધર્મની પરૂપણા કરીને પ્રભુએ કહ્યું કે ગૃહસ્થનો ધર્મ શું છે તેની પરૂપણા આ પ્રકારે કરી છે. ૫ અણુવ્રત, ૩ ગુણવ્રત તેમ જ ૪ શિક્ષાવ્રત. હવે પાંચ અણુવ્રત આ છે: સ્થૂલ પ્રાણાતિપાતથી વિરક્ત થવું તે અહિંસા અણુવ્રત છે. સ્થૂલ મૃષાવાદથી વિરક્ત થવું, સ્થૂલ અસત્ય વચનો કહેવાથી દૂર રહેવું તે સત્ય અણુવ્રત છે. સ્થૂલ અદત્તાદાનથી વિરમણ થવું તે અચૌર્ય અણુવ્રત છે. પોતાની સ્ત્રીમાં જ સંતોષ રાખવો તે સ્વદાર સંતોષ અણુવ્રત છે. ધન, ધાન્ય આદિ અભિલાષારૂપ ઇચ્છાનું પરિમાણ કરવું, મર્યાદા બાંધવી, આ ઇચ્છા પરિમાણ નામનું અણુવ્રત છે. ગુણવ્રત ત્રણ છે: અનર્થદંડ વિરમણ વ્રત, દિગ્વ્રત, ઉપભોગ પરિભોગ પરિમાણવ્રત. શિક્ષાવ્રત ચાર છે: સામાયિક, દેશાવગાસિય વ્રત, પોષધવ્રત, અતિથિ સંવિભાગવ્રત, મરણના સમયે સંલેખનાવ્રત ધારણ કરાય છે. આ પ્રકારે હે આયુષ્યમાન, આ ગૃહસ્થના ધર્મ સિદ્ધાંતમાં છે. આ ધર્મની શિક્ષામાં ઉપસ્થિત ચાહે શ્રમણનો ઉપાસક ગૃહસ્થ શ્રાવક હોય, ચાહે શ્રમણની ઉપાસક શ્રાવિકા હોય, જે કોઈ આ વ્રતોની આરાધના કરે છે તે તીર્થંકર પ્રભુની આજ્ઞાના આરાધક મનાય છે. અહીં પાંચ મહાવ્રત અને બાર શિક્ષાવ્રત પ્રભુની આજ્ઞા કહી. આમાં તો કાંઈ હિંસા નથી આવતી. આ પ્રમાણે ઉવવાઈ સૂત્રમાં કહેલ છે.

અર્થ: (૧) સત્ય (૨) અસત્ય (૩) મિશ્ર—સત્ય, અસત્ય. (૪) ન સત્ય ન અસત્ય એ ચાર ભાષા—વાણીના પ્રકાર છે. એમાંથી મિશ્ર ભાષા જેમાં પોતાને પશ્ચાતાપ કરવો પડે એવી ભાષા બોલે નહીં તથા હિંસાકારી વચન બોલે નહીં. એ શ્રી તીર્થંકર દેવની આજ્ઞા છે. (સૂયગડાંગસૂત્ર—અધ્યયન ગાથા ૨૬)

નોંધ: શ્રી લોંકાશાહના બોલ ૧માં જે ગાથા છે તથા સૂયગડાંગ સૂત્રમાં જે પાઠ છે તેમાં જરા પાઠાંતરે ફેર છે પરંતુ અર્થ બન્નેનો એક જ થાય છે.

વિવરણ: આ પ્રમાણે ઘણા અધિકાર છે. 'દયા એ ધર્મ' આ વાત સૂત્રમાં ઘણાં ઠેકાણે કહી છે.

વળી કેટલાક એમ દલીલ કરે છે કે વીતરાગની આજ્ઞાને ધર્મ કહેવાય અને તે આજ્ઞા અમારે વધારે પ્રમાણ—કબૂલ છે. ડાહ્યા હોય તે વિચારી જુઓ કે

(૪૭) ઉત્તમગુણનો આશ્રય (૪૮) અભયદાન (૪૯) અપ્રમાદ (૫૦) આશ્વાસન (૫૧) વિશ્વાસ (૫૨) અભય (૫૩) સર્વ જીવોનો અનાઘાત–અમારક (૫૪) ચોખ્ખાઈ, મનની (૫૫) પવિત્રતા, ચિત્તની (૫૬) અતિશય શુચિતા (૫૭) ભાવપૂજા (૫૮) વિમલતા (૫૯) પ્રભા (૬૦) અત્યંત નિર્મળતા. એ પ્રકારે નિજ આત્માના ગુણે કરી નિર્મિત અહિંસા ભગવતીના પર્યાય નામો છે. એ ભગવતી અહિંસા ભયભીત જીવોને શરણના સ્થાનરૂપ છે. પક્ષીઓને આકાશના આધારરૂપ છે. તરસ્યાંને પીવાના પાણીરૂપ છે. ભૂખ્યાંને ભોજનરૂપ છે. સમુદ્રની વચમાં વહાણરૂપ છે. ગાય ભેંસાદિ ચોપદ જીવોને આશ્રય રૂપ છે. રોગથી પીડાતાં પ્રાણીઓને ઔષધ છે. અટવીમાં, વગડામાં ભૂલા પડેલાને સાથીરૂપ છે. એવી વિશિષ્ટતા એ અહિંસા છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બીજ, હરિતકાય, જળચર, સ્થળચર, ખેચર, ત્રસ, સ્થાવર સર્વ જીવોને ક્ષેમકારિણી, સુખ કરનારી અહિંસા છે. એ પ્રકારનીજ અહિંસા ભગવતી છે, અન્યથા નથી. સત્તરમો બોલ પૂરો.

૧૮.

પૂર્વભૂમિકા : અઢારમા બોલનું નામ 'ચઉવ્વિહે સચ્ચે નામસચ્ચે ઠવણસચ્ચે ઇત્યાદિક(ના) ઉત્તર' છે. શ્રી ઠાણાંગસૂત્રના ચોથા ઠાણે ચાર સત્ય કહ્યાં છે તેમાં ત્રીજું 'સ્થાપના સત્ય' આવે છે. કેટલાક મતવાદીઓ એમ દલીલ કરે છે કે સ્થાપના સત્યનો અર્થ પ્રતિમા સત્ય એવો થાય છે. શ્રી લોંકાશાહ આ દલીલનો ખુલાસો એવો કરે છે કે આ ચાર સત્ય ભાષા ઉપર છે પણ આ ચાર સત્યો આરાધના યોગ્ય કહ્યાં નથી. પોતાની દલીલની પુષ્ટિમાં શ્રી ઠાણાંગસૂત્રના દશમા ઠાણે દશ પ્રકારનાં સત્ય કહ્યાં છે તે પણ ભાષા ઉપર છે, પણ તે દશ સત્ય આરાધ્ય નથી.

"હવઈ અઢારમુ બોલ લિખીઇ છઇ. તથા શ્રી ઠાણાંગમાહિં ઇમ કહિઉં 'ચઉવ્વિહે

સચ્ચે પંન્નત્તે. તં. નામસચ્ચે. દવ્વસચ્ચે. ઠવણસચ્ચે. ભાવસચ્ચે'. ઈહાં કેતલાએક ઈમ કહઈ છઈ. જઉ વીતરાગે સ્થાપનાસત્ય કહી. તઉ સ્થાપના આરાધ્ય નથી. તેહના પ્રત્યુત્તર પ્રીછઉ. એ ચ્યાર સત્ય કહ્યાં. તે ભાષા ઊપરિ છઈ. પણિ આરાધ્ય ઊપરિ નથી. એહ ઠાણાંગમધ્યે દશમઇ ઠાણઇ દશ સત્ય કહ્યાં છઈ. તઉ તે કાંઇ દસઇ સ્યું આરાધ્ય છઈ. તે તઉ ભાષા ઊપરિ છઇ. તે લિખીઇ છઈ. 'દસવિહે સચ્ચે પં.તં. જણવયસચ્ચે. સંમયસચ્ચે. ઠવણાસચ્ચે. નામસચ્ચે. રૂવસચ્ચે. પડુચ્ચસચ્ચે. વિવહારસચ્ચે. ભાવસચ્ચે. જોગસચ્ચે. ઉવમ્મસચ્ચે.' તથા શ્રીપન્નવણામધ્યે દસવિહે સચ્ચે ભાષાપદમધ્યે કહ્યાં છઈ. તઉ જોઉનઇ તે મધ્યે ઠવણસચ્ચે કહિઉં. તે ભાષાસત્ય કહીઇ. પણિ આરાધ્ય નહી. ડાહ્યુ હુઈ તે વિચારી જોજ્યો.

ઈહાંઈ સચ્ચે શબ્દ કહિઉ તે એતલા ભણી. જે જેહનઉ જેહવું નામ હુઈ. તેહનઇ તેહવઇ નામિઇ બોલાવતાં જૂઠું નહી. જિમ કોએકનું નામ કુલવર્દ્ધન હુઇ. અનઈ તેહ જણ્યા પછી કુલક્ષય થયું હુઇ. તેહ પણિ તેહનઇ કુલવર્દ્ધન કહી બોલાવતાં જૂઠું નહી. તથા ચીતારઇ હાથી આલેખિઉ હુઈ. અનઇ તેહનઈ હાથી કહતાં જૂઠું નહી. તથા ઘીનુ ઘડુ હુઈ. અનઇ તેહમાહિંથી ઘી ઠાલવ્યું હુઇ. અનઇ તેહ ઘડાનઇં ઘીનુ ઘડુ કહીઈ. તઉ તેહનઈ [ઘીનુ ઘડુ] કહતાં જૂઠું નહી. ઈત્યાદિક ભાષા ઊપરિ છઈ. ઈહાં આરાધ્યવિશેષ કાંઈ નથી. ડાહા હુઈ તે વિચારી જોજ્યો. એહ અઢારમુ બોલ."

વિવરણ : હવે અઢારમો બોલ લખીએ છીએ. શ્રી ઠાણાંગસૂત્ર ઠાણું ૪, ઉદ્દેશ ૨માં એમ કહ્યું છે કે ચાર પ્રકારે સત્ય પરૂપેલ છે તે આ પ્રમાણે : (૧) નામ સત્ય (૨) દ્રવ્ય સત્ય (૩) સ્થાપના સત્ય (૪) ભાષા સત્ય. આ ચાર પ્રકારનાં સત્યનો આધાર લઈ કેટલાક એમ દલીલ કરે છે કે શ્રી વીતરાગદેવે સ્થાપના સત્ય કહ્યું છે. તે સ્થાપના આરાધ્ય નથી? શ્રી લોંકાશાહ એમ કહે છે કે આ પ્રશ્નનો પ્રત્યુત્તર આ પ્રમાણે જાણો. આ ચાર સત્ય કહ્યાં તે ભાષા ઉપર કહ્યાં છે પણ આરાધ્ય ઉપર કહ્યાં નથી. એ જ ઠાણાંગસૂત્રમાં દશમા ઠાણે દશ પ્રકારનાં સત્ય કહ્યાં છે તો તે કાંઈ આ દશ પ્રકારનાં સત્ય શું આરાધ્ય છે? આ દશ પ્રકારનાં સત્ય તો ભાષા ઉપર છે. તે દશ સત્ય લખીએ છીએ. દશ પ્રકારનાં સત્ય આ પ્રમાણે છે : (૧) જનપદ સત્ય (૨) સંમત સત્ય (૩) સ્થાપના સત્ય (૪) નામ સત્ય (૫) રૂપ સત્ય (૬) બીજી વસ્તુનો આશ્રય લઈ પ્રતીતિ કરવી તે પ્રતીત્ય સત્ય

(૭) વ્યવહાર સત્ય (૮) ભાવ સત્ય (૯) જોગ સત્ય (૧૦) ઉપમા સત્ય.
શ્રી લોંકાશાહ, વિશેષમાં દલીલ કરે છે કે શ્રી પન્નવણા સૂત્રમાં ભાષાપદ
અધ્યયનમાં દશ પ્રકારનાં સત્ય કહ્યાં છે. તેમાં જુઓને સ્થાપના સત્ય કહ્યું છે,
તે ભાષા સત્ય કહેવાય પણ આરાધ્ય નથી. ડાહ્યા હોય તે વિચારી જુઓ.

નોંધ : શ્રી પન્નવણાસૂત્રમાં ૧૧મા અધ્યયન 'ભાષાપદ'માં પણ, ઉપર ઠાણાંગ-
સૂત્રના દશમા ઠાણે જે દશ સત્યનાં નામ છે તે જ પ્રમાણે, દશ સત્યનાં નામ
આપ્યાં છે. ઠાણાંગસૂત્રમાં ચોથા ઠાણે ચાર પ્રકારનાં સત્ય કહ્યાં. ઠાણાંગના
દશમા ઠાણે દશ પ્રકારનં સત્ય કહ્યાં છે. આ ત્રણ સૂત્રોનાં ત્રણ દૃષ્ટાંતમાં
'સ્થાપના સત્ય' છે. તે ભાષા સંબંધમાં છે. પણ સ્થાપના સત્ય એટલે 'સ્થાપના
આરાધ્ય' છે એમ શ્રી વીતરાગે કહ્યું નથી. આ જ વિષય બાબતમાં શ્રી
લોંકાશાહ વિશેષ રીતે સમજાવે છે કે અહીં 'સત્ય' શબ્દ કહ્યો છે. તે એટલા
માટે જે જેનું નામ હોય તેને તેવા નામથી બોલાવવામાં જૂઠું, અસત્ય બોલતા
નથી પણ સત્ય બોલીએ છીએ. જેમ કે, કોઈનું નામ કુલવર્દ્ધન હોય અને
તેના જન્મ પછી તેના કુળનો નાશ થયો હોય તો પણ તેને કુલવર્દ્ધન કહીને
બોલાવવામાં આપણે જૂઠું બોલતાં નથી; તેવી જ રીતે ચિત્રકારે હાથીનું ચિત્ર
કાઢ્યું હોય અને તે ચિત્રને હાથી કહીએ તો તે જૂઠું નથી. તેમ જ ઘીનું
ઠામ હોય તેમાંથી ઘી કાઢી લીધું હોય ને તે ઠામને ઘીનું ઠામ કહીએ તો
પણ જૂઠું બોલતા નથી. આ બધા દાખલા ભાષા ઉપર છે. આ કોઈ વિશેષ
કરીને કાંઈ આરાધ્ય નથી. ડાહ્યા હોય તે વિચારી જુઓ. આ અઢારમો બોલ.

૧૯.
'સ્થાપના આવશ્યકનઉ ઉત્તર' એ ઓગણીસમા બોલનું નામ છે.
પૂર્વભુમિકા : શ્રી લોંકાશાહ સમજાવે છે કે શ્રી અનુયોગદ્વારમાં ચાર આવશ્યક કહ્યાં છે :
(૧) નામ આવશ્યક (૨) સ્થાપના આવશ્યક (૩) દ્રવ્ય આવશ્યક (૪) ભાવ

(૧) નામ આવશ્યક (૨) સ્થાપના આવશ્યક (૩) દ્રવ્ય આવશ્યક (૪) ભાવ આવશ્યક. શ્રી લોંકાશાહ આવશ્યકના આ ચાર નિક્ષેપા ધ્યાનમાં રાખી કહે છે કે અહીં તો આવશ્યકના ચાર નિક્ષેપા કહ્યા છે. નામ આવશ્યક તેને કહીએ કે જે કાંઈ જીવ અથવા અજીવનું નામ આવશ્યક દીધું હોય તે નામ આવશ્યક. સ્થાપના આવશ્યક તેને કહીએ જે સાધુ અથવા સાધ્વીજી, શ્રાવક શ્રાવિકા જેમ આવશ્યક આકાર કોઈ કરે અથવા અસદ્ભાવ કાષ્ઠાદિકને કહે જે એ આવશ્યક તે સ્થાપના. તથા સ્થાપના આવશ્યકના ઘણા ભેદ કહ્યા છે.

નોંધ : સ્થાપના આવશ્યકના (૧) સદ્ભાવ સ્થાપના (૨) અસદ્ભાવ સ્થાપના એમ બે ભેદ કહ્યા છે અને આ બે સ્થાપના આવશ્યકના દરેકના ૨૦ ભેદ કહ્યા છે. બન્ને મળીને એમ ૪૦ ભેદ સ્થાપના આવશ્યકના કહ્યા છે. પુરુષ આદિના આકાર, રૂપ જુદી જુદી વસ્તુઓ બનાવે તે આકાર–રૂપને સ્થાપના આવશ્યક કહ્યું છે. (૧) કાષ્ઠ–લાકડું કોતરીને આકાર, રૂપ બનાવે તે. (૨) ચિત્ર રંગીને આકાર, રૂપ બનાવે તે (૩) કપડામાંથી આકાર બનાવે તે (૪) ચૂના વગેરેના લેપથી આકાર બનાવે તે (૫) સૂતર વગેરે ગૂંથીને આકાર બનાવે તે (૬) શંખલાદિનો આકાર બનાવે તે. (૭) ધાતુ ગાળીને આકાર બનાવે તે. (૮) કપડના ટૂકડા એકત્ર કરીને, સાંધીને આકાર બનાવે તે. (૯) પાસા વગેરેથી બનાવેલો આકાર (૧૦) કોડી પ્રમુખ નાખીને કરેલા આકાર. આ દશ પ્રકારની સ્થાપના થઈ. એકરૂપની દશ સ્થાપના અને અનેકરૂપ આકારની દશ સ્થાપના મળી ૨૦ સદ્ભાવ સ્થાપના થાય છે. એ જ રીતે ૨૦ પ્રકારની અસદ્ભાવ સ્થાપના થાય તે મળીને ૪૦ ભેદ સ્થાપનાના થાય છે હવે ત્રીજું દ્રવ્ય આવશ્યક કહીએ છીએ. દ્રવ્ય આવશ્યકના ઘણા ભેદ છે (૧) 'જ્ઞ' શરીર દ્રવ્ય આવશ્યક (૨) ભવ્ય શરીર દ્રવ્ય આવશ્યક, ઈત્યાદિ. લોકો બિછાનામાંથી ઊઠી મોં ધોઈને લુગડાં પહેરી તંબોલ વાપરી ખાય ઈત્યાદિક એ દ્રવ્ય આવશ્યક કહીએ. અનુયોગદ્વારના એ જ આવશ્યકની ગાથા ૧૯માં 'અમંણુગુણ મુક્ક જોગી જાવ આવસ્સય' ચિટ્ઠઈ' એ પણ દ્રવ્ય આવશ્યક કહીએ. 'અમણગુણ મુક્કજોગી' એટલે ક્ષમા આદિ સાધુના ગુણોથી રહિત, સકાય આદિની અનુકંપા રહિત, ઘોડા જેવા ઉન્મત્ત, હાથી જેવા નિરંકુશ, શૃંગારિત હોઠવાળા, શુભ્ર, સ્વચ્છ કપડાં પહેરવાવાળા, અરિહંતોની આજ્ઞાનું ઉલ્લંઘન કરી સ્વચ્છંદે વિચરનારા બન્ને કામમાં આવશ્યક વિષે સાવધાન હોય. આ પણ લોકોત્તર દ્રવ્ય આવશ્યક કહીએ. ઈત્યાદિ ઘણા બોલ કહ્યા છે.

આ પૈકીના કોઈ પણ આપણને કાંઈ જ આરાધ્ય નથી. આપણને તો લોકોત્તર ભાવ આવશ્યક આરાધ્ય છે.

શ્રી લોંકાશાહ, એમ કહેવા માગે છે કે અનુયોગદ્વારમાં ચાર જાતનાં આવશ્યક કહ્યાં છે તેમાં પહેલાં ત્રણ આરાધવા લાયક નથી. ફક્ત ભાવ આવશ્યક એક જ આરાધવા લાયક છે અને ભાવ આવશ્યકમાં પણ લોકોત્તર ભાવ આવશ્યક આપણને આરાધવા યોગ્ય છે. લોકોત્તર ભાવ આવશ્યક એટલે શુદ્ધ ભાવ ઉપયોગ સહિત જિનપ્રણિત વચનમાં ધર્મમાં પ્રેમ અનુરાગથી રંગાયેલાં જે સાધુસાધ્વી, શ્રાવકશ્રાવિકા બે વખત ભાવ આવશ્યક કરે, પ્રતિક્રમણ કરે એ લોકોત્તર ભાવ આવશ્યક છે. ડાહ્યા હોય તે વિચારી જોજો.

અહીં સૂત્રમાં ભાવ આવશ્યક કરવા માટે સ્થાપના કરવાનું કહ્યું નથી. સૂત્રમાં અહીં પણ ચાર નિક્ષેપા કહ્યા છે. તથા સ્કંધ આદિ ઘણા બોલ-નિક્ષેપા કહ્યા છે. એકલા આવશ્યક ઉપર તે નિક્ષેપા કહ્યા નથી. ડાહ્યા હોય તે વિચારી જોજો. આ ઓગણીસમો બોલ પૂરો.

૨૦.

પૂર્વભૂમિકા : વીસમા બોલનું નામ 'નાહ્યા, ઘોડાહાથી લેઈ ગયાનઉ ઉત્તર' છે. કેટલાક મતવાદીઓ એવી દલીલ કરે છે કે શાસ્ત્રોમાં એવું વર્ણન આવે છે કે શ્રી અરિહંતદેવને વાંદવા રાજા ગયા ત્યારે નાહીને ગયા, હાથીઘોડા ઉપર બેસીને ગયા વગેરે ઘણી ક્રિયાઓ કરીને ગયા. તો આ ક્રિયાનો શો ઉત્તર છે? શ્રી લોંકાશાહ આ શંકાનો એવો ખુલાસો કરે છે કે શ્રાવકની જે ક્રિયા વિરતિની હોય તે ધર્મ પક્ષમાં આવે ને જે ક્રિયા અવિરતિની હોય તે અધર્મ-પક્ષમાં જાય. શ્રી સૂયગડાંગ સૂત્રના આધાર લઈ શ્રી લોંકાશાહ એમ સમજાવે છે કે શ્રી અરિહંત ભગવાનને વાંદવા જતાં રાજાએ નાહવાની, ઘોડા હાથીની સવારી વગેરેની ક્રિયા કરી તે અધર્મપક્ષમાં ગણાય, ધર્મપક્ષમાં ગણાય નહીં.

"હવઈ વીસમુ બોલ લિખીઈ છઇ. તથા કેતલાએક ઇમ કહઈ છઈ જે–'રાજન
વાંદવા ગયા તે સ્યું? ઘોડા હાથી લેઇ ગયા તે સ્યું? નગર કુટરાં કરાયાં તે સ્યું?
તથા મલ્લિનાથઈ મોહનઘર કરાવ્યું તે સ્યું? તથા સુબુદ્ધિમંત્રીઈ ફરસ્યા ઉદનું
પાણી મંગાવ્યું તે સ્યું?' ઇત્યાદિ ઘણા બોલ કહઈ છઈ. તેહના પ્રત્યુત્તર
લીખીઈ. શ્રી સૂયગડાંગ મધ્યે અઢારમઈ અધ્યયનઈ ક્રિયાઠાણઇ શ્રી વીતરાગઈ
ત્રિણિ પક્ષ કહ્યા. તિહાં ધર્મપક્ષ તે સર્વઇ સર્વવિરતિ કહી. અનઈ બીજઉ
અધર્મપક્ષ તે સર્વઇ અવિરતિ કહી. અનઈ ત્રીજઉ મિશ્રપક્ષ તે કાંઇ વિરતિ
કાંઈ અવિરતિ કહી. ઇમ ત્રિણ પક્ષ કહીઇ. સરવાલઈ બે થોક કીધા. એક
ધર્મ બીજઉ અધર્મ શ્રાવકની જેતલી વિરતિ તેતલી ધર્મમાહિ ઘાલી. અનઈ
જેતલી અવિરતિ તે અધર્મમાહિ ઘાલી. હવઈ જોઉનઈ જે નાહ્યા ઘોડા હાથી
લેઇ ગયા ઇત્યાદિ સર્વ તે તેહની વિરતિ કે અવિરતિ? નાહ્યા ઘોડા હાથી
લેઈ ગયા ઇત્યાદિ સર્વ તે તેહની અવિરતિ છઇ. અનઇ અવિરતિ તઉ શ્રી
વીતરાગે અધર્મમાહિ કહી. અનઇ વિરતિ તે ધર્મમાહિ કહી. જુ સાધુનઇ વિરતિ
છઇ તુ સાધુ નાહઇ નહી. ઘોડઇ હાથીઇ ચઢઇ નહી. તથા શ્રાવકનઈ જુ
પોસહમાંહિ વિરતિ છઇ, તઉ પોસહ લીધઇ નાહઇ નહી. ઘોડઇ હાથીઇ ચઢઇ
નહી. ઇહૂ બુદ્ધિ તે વિચારી જોજ્યો. એ વીસમુ બોલ."

વિવરણ : હવે વીસમો બોલ લખીએ છીએ. કેટલાક એમ પ્રશ્ન કરે છે કે રાજા
પ્રભુને વાંદવા ગયા તે શું? ઘોડા, હાથી લઇને વાંદવા ગયા તે શું? નગર
સુંદર સ્વચ્છ કરાવ્યાં તે શું? શ્રી મલ્લિનાથે મોહનઘર કરાવ્યું તે શું? તથા
સુબુદ્ધિમંત્રીએ ફરસ્યા ઉદક સરોવરનું પાણી મંગાવ્યું તે શું? આવા ઘણા પ્રશ્નો
કરે છે. આ પ્રશ્નોના ઉત્તર શ્રી લોંકાશાહ એમ આપે છે કે શ્રી સૂયગડાંગસૂત્રના
અઢારમા અધ્યયનના ક્રિયા ઠાણે શ્રી ભગવાને ક્રિયાઠાણાના ત્રણ પક્ષ કહ્યા. ત્યાં
ધર્મપક્ષ તે સર્વ વિરતિને કહ્યો. બીજો અધર્મપક્ષ તે સર્વ અવિરતિને કહ્યો
અને ત્રીજો મિશ્રપક્ષ તે કાંઇક વિરતિ અને કાંઇક અવિરતિને કહ્યો. સરવાળે,
ટૂંકમાં બે થોક ભાગ કહ્યા. એક ધર્મ અને બીજો અધર્મ, શ્રાવકની જેટલી વિરતિ
ક્રિયા તેટલી ધર્મમાં નાખી ગણાવી. અને શ્રાવકની જેટલી અવિરતિ ક્રિયા તે અધર્મમાં
ગણાવી. હવે સમજો કે નહાવાની ક્રિયા, ઘોડાહાથી આદિ લઇને ગયા તે સર્વ
ક્રિયા એની અવિરતિની ક્રિયા છે. અવિરતિની ક્રિયા તો શ્રી વીતરાગે અધર્મમાં
ગણી અને વિરતિની ક્રિયા તો ધર્મમાં ગણી. જે સાધુ વિરતિ છે તે સાધુ
નાહે નહીં. હાથીઘોડા ઉપર બેસે નહીં તથા જે શ્રાવકને પોષધવ્રત હોય તે
વિરતિ છે તેથી પોષધવ્રત દરમ્યાન તે શ્રાવક નહાવાની ક્રિયા કરે નહીં, તે

૨૧.

પર્યાલોચન : 'આધાકર્મી આહાર લેનારે તો કાયની દયા ન કરી' એ ઓળીનામા બોલનું નામ છે. શ્રી ભગવતીજીનો આધાર ટાંકી શ્રી જિનહર્ષે એમ સમજાવ્યું છે કે ચારિત્રવાન સાધુ આધાકર્મી આહાર કરે તો તેની આ ક્રિયા ખોટી. કારણ કે કર્મનાં બંધન થાય છે અને તે ક્રિયાને ધર્મની ક્રિયા ન ગણી. સંયમના પાલન માટે સાધુ આહાર લે છે પરંતુ આધાકર્મી આહાર લે તો તેમાં દયાનું પાલન થતું નથી. તેથી તે ક્રિયાને ધર્મની ગણી નથી પરંતુ કર્મબંધનની ક્રિયા ગણી છે.

"હવઈ એકવીસમૂ બોલ લિખીઇ છઇ. તથા શ્રીભગવતીમધ્યે શતક પહિલઈ ઉદ્દેસઇ નવમઇ એહવૂં કહિઉં. જે શ્રમણ નિર્ગ્રંથ આધાકર્મી આહાર ભોગવઈ. તેહ કહઈ છકાયની દયા ન હુઇ. તુ જેહનઈ તેહ કહઈ છકાયની દયા નુહિ, તે સ્યુંઉ ધર્મ કિમ કહીઇ ! કાઇ હુઇ તે વિચારી જોજ્યો.

તે આલાવઉ લિખીઈ છઈ–'આહાકમ્મે ણં ભુંજમાણે સમણે નિગ્ગંથે કિં બંધઇ ! કિં પકરેઈ ? કિં ચિણઈ ? કિં ઉવચિણઈ ! ગો. આઉઅવજ્જાઓ સત્ત કમ્મપગડીઓ સિઢિલબંધણબદ્ધાઓ ધણિઅબંધણબદ્ધાઓ પકરેઈ. જાવ અણુપરિયટ્ટઇ. સે કેણટ્ઠેણં જાવ આહાકમ્મે ણં ભુંજમાણે અણુપરિયટ્ટઈ. ગો. આહાકમ્મે ણં ભુંજમાણે આયાએ ધમ્મં અઇક્કમમાણે પુઢવિકાએ ણાવકંખઇ. જાવ તસકાય ણાવકંખઇ. જેસિં પિય ણં જીવાણં શરીરઇં આહારમાહરેઈ. તે વિ જીવે નાવકંખઇ. તેણટ્ઠેણં ગોઅમા એવં વુચ્ચઇ. આહાકમ્મે ણં ભુંજમાણે આઉઅવજ્જાઓ સત્ત કમ્મપગડીઓ જાવ અણુપરિયટ્ટઇ. ફાસુએસણિજ્જં ભંતે

[illegible]

[illegible]

કદાચ આયુષ્ય કર્મ બાંધે, કદાચ આયુષ્યકર્મ ન બાંધે યાવત્ સંસારનો વ્યતિક્રમ કરે, સંસાર તરી જાય. આ એકવીસમો બોલ પૂરો.

ભાવાર્થ : શ્રી લોંકાશાહ એમ કહેવા માગે છે કે સાધુએ સંયમના પાલન માટે આહાર લેવાનો છે અને આહાર દેનારે સંયમના પાલનમાં મદદ કરવા માટે આહાર આપવાનો છે. આ બન્નેની ક્રિયા ધર્મ અર્થે છે છતાં આધાકર્મી આહાર લેનાર અને દેનારની ક્રિયાને સાવદ્ય દોષ લાગે એમ કહ્યું છે. ગાઢાં કર્મબંધનનું કારણ કહ્યું છે. આધાકર્મી આહાર કરવામાં આરંભ સમારંભ થતો હોય તો પણ શ્રી વીતરાગે ધર્મની ક્રિયા કહી નથી પણ મહાબંધનની ક્રિયા કહી છે. જ્યારે પ્રતિમા, મંદિર બનાવવાની ક્રિયામાં તો મહાઆરંભ મહાસમારંભ થાય છે તો તેને શ્રી વીતરાગ દેવ કયા ન્યાયે ધર્મકાર્યમાં ખતવે ? બિલકુલ નહીં, તે મહાગાઢાં બંધનના કારણમાં જ ગણી શકાય.

સ્થિતિ દીસઈ છઈ. તથા માગધ વરદામ પ્રભાસ ૧૦૨ તીર્થોદક તીર્થની માટી લ્યાવઈ છઈ. તથા ગંગા સિંધુ આદિ દેઈ નદીનઈ વિષય જઈ જલઈ લ્યાવઈ છઈ. તથા દ્રહનું ઉદક લ્યાવઈ છઈ. એ આદિ દેઈનઈ દેવતાની ગાઢી ઘણી અત્ર સ્થિતિ દીસઈ છઈ. કેતલીએક લિખીઈ. જોઉનઈ ગંગાનાં ગંગોદક ગંગાનાં માટી દ્રહનાં ઉદક આણ્યા માટઈ. તથા માગધ પ્રમુખ તીર્થનાં તીર્થોદક તીર્થની માટી આણ્યા માટઈ. કાંઈ ગંગા. અથવા દ્રહ, અથવા એક તીર્થ મોક્ષનઈ ન પાતઈ ન થયાં. ઈમ દેવતાની સ્થિતિ ઘણીઈ છઈ. ડાહૂ હુઈ તે વિચારી જોજ્યો. એ બાવીસમુ બોલ."

વિવરણ : હવે બાવીસમો બોલ લખીએ છીએ. શ્રી જીવાભિગમસૂત્રમાં નંદીશ્વર દ્વીપના અધિકારમાં એમ કહ્યું છે કે શ્રી તીર્થંકર દેવના જન્મ કલ્યાણક આદિ કરવા માટે ઘણા દેવતાઓ ભેગા થાય અને મળીને ક્રીડા કરે એ રીતે અષ્ટાહ્નિકા મહોત્સવ કરે. આટલી દેવતાની સ્થિતિ દેખાય છે. માગધ, વરદામ, પ્રભાસ વગેરે ૧૦૨ તીર્થનાં પાણી; તીર્થની માટી લાવે છે. તથા ગંગા, સિંધુ આદિ નદીઓએ જઈ પાણી લાવે છે તથા દ્રહનું ઉદક લાવે છે. આ વગેરે દેવતાની ઘણી ઘણી હકીકત વર્ણનસૂત્રમાં દેખાય છે. તે પૈકી અમુક લખીએ (ચર્ચા કરીએ) છીએ. જુઓને, સમજોને, ગંગાનાં પાણી, ગંગાની માટી, દ્રહ સરોવરના ઉદક લાવ્યા તેથી તથા માગધ વગેરે તીર્થનાં પાણી, તીર્થની માટી લાવ્યા તેથી કાંઈ ગંગા અથવા સરોવર અથવા માગધ તીર્થ મોક્ષના હેતુ ન થયા. આ પ્રમાણે તો દેવતાની ઘણી હકીકત કહી છે. ડાહ્યા હોય તે વિચારી જોજો.

ભાવાર્થ : શ્રી લોંકાશાહ એમ સમજાવવા માગે છે કે શ્રી તીર્થંકરના મહોત્સવો દેવતા કરે અને તેમાં ગંગા વગેરેનાં પાણી, માટી, સરોવરનાં પાણી, માગધ વગેરે તીર્થનાં પાણી, માટી લાવે તેથી ગંગા વગેરે નદી, સરોવર તથા માગધ વગેરે તીર્થ આરાધ્ય ન ગણાય, મોક્ષના હેતુ માટે આરાધ્ય માની ન શકાય. એ બધાં લૌકિક હેતુ માટે છે. લોકોત્તર હેતુ માટે નથી. આ બાવીસમો બોલ પૂરો.

૨૩.

પૂર્વભૂમિકા : શ્રી લોંકાશાહે ત્રેવીસમા બોલનું નામ 'પ્રતિમાની અવસ્થા તથા ગુણઈ વંદનીક કિહાં કહી?' આપ્યું છે. શ્રી લોંકાશાહ આ બોલમાં એમ સમજાવે છે કે કોઈને વાંદતાં પહેલાં તેના ગુણની ખાત્રી કરી જોઈએ અને પછી વંદના કરવામાં આવે. આગમોમાં 'ગુણ' વંદનીક ગણાય છે. લિંગ-અવસ્થા વંદનીક નથી. હવે પ્રતિમાને તો ફૂલ, પાણી, આભૂષણ વગેરે ઘણી વસ્તુઓ દેખાય છે. ચારિત્ર્યવાન સાધુને ફૂલ, પાણી, ઘરેણાં તો કલ્પે નહીં એ જોતાં આવી પ્રતિમા મોક્ષના હેતુ માટે વંદનીક ન ગણાય ને તેથી તેને વંદના કરાય નહીં.

"હવઈ ત્રેવીસમુ બોલ લિખીઇ છઇ. તથા પ્રતિમાના થાપક કહઈ પૂછીઇ છઇ જે 'પ્રતિમા કેહી અવસ્થાની કરી માંડી છઇ?' શ્રી મહાવીર તઉ પહિલું ૩૦ વરસ ગૃહસ્થપણઇ હતા. પછઇ વરસ ૪૨ ચારિત્રીઆ હતા. તે હવઇ પૂછીઇ છઇ– 'જિકો શ્રી મહાવીરની પ્રતિમા કરી માંડઇ છઇ, તે કેહી અવસ્થાની કરી માંડઇ?' જઉ ઇમ કહઇ જે 'અમ્હે ગૃહીની અવસ્થા કરી માંડઉ છઉ.' તઉ ચારિત્રીયાનઈ વંદનીક ટલઇ. ગૃહીનઇ તઉ ચારિત્રીઉ વાંદઇ નહીં. અનઇ જે ઇમ કહઇ જે– 'અમ્હે ચારિત્રીયાની અવસ્થા કરી માંડઉ છઉ.' તઉ જોઉનઇ એ પ્રતિમામાહિં ચારિત્રીયાનું સ્યું લક્ષણ છઇ. ચારિત્રીયાનઇ તઉ ફૂલ પાણી આભરણ એકૂ ન કલ્પઇ. અનઇ પ્રતિમા તઉ ફૂલ પાણી આભરણ ઈત્યાદિ ઘણાં વાનાં સહિત દીસઇ છઇ. ડાહા હૂઇ તે વિચારી જોજ્યો.

જેહનઇ વંદના કીજઇ તેહનઇ વિણઓલખિઇ કિમ વાંદીઇ. મોક્ષમાર્ગઇ તુ આરાધ્ય ગુણ છઇ. પણિ મોક્ષમાર્ગઇ આકાર આરાધ્ય નથી. જિમ ચારિત્રીઓ ગુણવંત હુઇ. અનઇ સહૂ શ્રાવકાદિક તે ચારિત્રીયા ગુણવંતનઇ વાંદઇ. કદાચિત કર્મયોગિઇ ચારિત્ર ભ્રષ્ટ થયું હુંતઉ. સીતોદક સચ્ચિત્તાદિક સેવઇ. અનઇ લિંગ હુઇ. તઉ હઇ. પણિ તેહનઇ કો ડાહુ હુઇ તે વાંદઇ નહી. એતલા ભણી જે ગુણહીણ થયુ. તઉ જોઉનઇ 'જેહમાહિં જ્ઞાનદર્શન ચારિત્રનુ એકુ ગુણ નહી તેહનઇ કિમ વાંદીઇ?' સિદ્ધાંતમાહિં મોક્ષમાર્ગઇ વંદનીક ગુણ છઇ. વિવેકી હુઇ તે વિચારી જોજ્યો. એઉ ત્રેવીસમુ બોલ."

વિવરણ : હવે ત્રેવીસમો બોલ લખીએ છીએ. પ્રતિમાના શ્રાવકને અમે પૂછીએ છીએ કે આ પ્રતિમા કઇ અવસ્થાની કરીને બેસાડી છે. શ્રી મહાવીર તો પહેલાં ૩૦ વરસ ગૃહસ્થપણે હતા પછી ૪૨ વરસ ચરિત્ર્યવાન સાધુ હતા. તો હવે

પૂછીએ છીએ: 'જેણે શ્રી મહાવીરની પ્રતિમા કરી બેસાડી છે તેણે કઇ અવસ્થાની કરી બેસાડી છે?' જો એમ જવાબ આપે જે અમે ગૃહસ્થ અવસ્થાની પ્રતિમા કરી માંડી છે તો ચારિત્ર્યવાન સાધુ તે ગૃહસ્થ અવસ્થાની પ્રતિમા વંદનીક તરીકે ટાળે (બાદ કરે), કારણ કે ગૃહસ્થને ચારિત્ર્યવાન સાધુ વાંદે નહીં અને જો એમ કહે કે અમે સાધુ ચારિત્ર્યવાન અવસ્થાની પ્રતિમા કરી માંડી છે તો જુઓને, એ પ્રતિમામાં ચારિત્ર્યવાન સાધુનું શું લક્ષણ છે? ચારિત્ર્યવાન સાધુને ફૂલ, પાણી, ઘરેણાં એ પૈકી એક પણ વસ્તુ કલ્પે નહીં. અને પ્રતિમા તો ફૂલ, પાણી, ઘરેણાં વગેરે ઘણી વસ્તુઓ વાળી દેખાય છે. ડાહ્યા હોય તે વિચારી જોજો. શ્રી લોંકાશાહ પ્રશ્ન કરે છે કે જેને આપણે વંદના કરીએ તેને ઓળખ્યા વિના કેમ વાંદીએ? જેને આપણે વંદના કરવી હોય તેની પ્રથમ આપણને ઓળખાણ થાય પછી જ તેને વંદના થાય. ઓળખાણ થાય એટલે તેના ગુણની ઓળખાણ થાય પછી જ તેના ગુણને વંદના કરવાની છે. શ્રી લોંકાશાહ વિશેષ એમ દલીલ કરે છે કે મોક્ષમાર્ગમાં તો ગુણ આરાધ્ય છે, ગુણને વંદના કરવાની છે. મોક્ષમાર્ગમાં આકાર ફક્ત આરાધ્ય, વંદના યોગ્ય નથી. ચારિત્ર લીધેલ સાધુ સાધુના ગુણ સહિત હોય તો સર્વ શ્રાવક આદિ તે ગુણવંત સાધુને વાંદે. કદાચિત કર્મયોગને લઇ સાધુનું ચારિત્ર (સંયમ) ભગ્ન હોય, ઓણે સંયમનો ભંગ કરેલ હોય તો દાખલા તરીકે કંડુ પાણી, સચિત્ત અન્ન વગેરે તે સેવતા હોય તો તે સાધુના લિંગમાં જ હોય ને સાધુના ગુણમાં ન હોય, તો તે માત્ર લિંગધારી સાધુના વેશવાળાને ડાહ્યા, સમજુ, વિવેકી વાંદે નહીં. એટલા માટે જે ગુણહીન, ગુણ વિનાનું થયું તો જુઓને, જેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર પૈકી એક પણ ગુણ નથી તેને કેમ વંદના કરીએ? સિદ્ધાંતમાં તો મોક્ષમાર્ગમાં વંદનીક ગુણ છે. વિવેકી—સાચું, ખોટું પારખવાની શક્તિવાળા હોય તે વિચાર કરી જોજો. આ ત્રેવીસમો બોલ પૂરો.

પૂર્વભૂમિકા : 'પ્રતિમા સિહાની (શેની) કરાવવી કહી છઇ?' એ ચોવીસમા બોલનું નામ છે. પ્રતિમાના પક્ષકારોને શ્રી લોંકાશાહ પ્રશ્ન પૂછે છે કે પ્રતિમા કઇ ધાતુની કરાવવી એમ સૂત્રોમાં ક્યાંય બતાવ્યું નથી. તેથી પ્રતિમાને તીર્થંકર ભગવાને આરાધ્ય કહેલ નથી.

"હવઇ ચઉવીસમુ બોલ લિખીઇ છઇ. તથા શ્રી વીતરાગઇં સિદ્ધાંતમાહિં પ્રતિમા આરાધ્ય ન કહી. અનઇ જિ કો પ્રતિમા આરાધ્ય કહઇ છઇ. તેહ કન્હઇ એહવા એહવા બોલ પૂછીઇ છઇ. તે બોલ લિખાઇ છઇ–'પ્રતિમા સ્યાહની કરાવવી કહી છઇ? ચંદ્રકાંતની? સૂર્યકાંતની? વૈડૂર્યની? પાષાણની? સપ્ત ધાતની? કાષ્ટની? લેપની? ચીતારાની? સિદ્ધાંતમાહિં કેહવી કહી છઇ?' એહ ચઉવીસમુ બોલ."

વિવરણ : હવે ચોવીસમો બોલ લખીએ છીએ. શ્રી વીતરાગદેવે સિદ્ધાંતમાં ક્યાંય પ્રતિમા આરાધ્ય કહી નથી. અને જે લોકો પ્રતિમા આરાધ્ય છે એમ કહે છે તેને અમે એવા એવા જે બોલ પૂછીએ છીએ તે બોલ લખીએ છીએ. પ્રતિમા શેની બનાવવાનું સિદ્ધાંતમાં કહ્યું છે? ચંદ્રકાન્ત મણિની? સૂર્યકાન્ત મણિની? વૈદૂર્ય મણિની? પત્થરની? સાત ધાતુની? લાકડાની? લેપની? ચિત્રની? સિદ્ધાંતમાં કઇ જાતની બનાવવાનું કહ્યું છે? ચોવીસમો બોલ પૂરો.

૨૭.

પૂર્વભૂમિકા : સત્તાવીસમા બોલનું નામ 'દિગંબર કહઇ પ્રતિમા નગ્ન કીજઇ' છે. દિગંબર જૈનો કહે છે કે પ્રતિમા નગ્ન અવસ્થાની કરવી. સિદ્ધાંતમાં આધાર હોય તો બતાવો.

"હવઇ સત્તાવીસમુ બોલ લિખઇ છઇ. દિગંબર ખમણા કહઇ-પ્રતિમા નગ્ન કીજઇ; શ્વેતાંબર કહઇં-'નગ્ન ન કીજઇ' સિદ્ધાંતમાહિં કિમ કહિઉ છઇ ? તે દેષાડુ, એહ સત્તાવીસમુ બોલ."

વિવરણ : હવે સત્તાવીસમો બોલ લખીએ છીએ. દિગંબર સાધુ કહે છે કે પ્રતિમા નગ્ન અવસ્થાની કરવી. શ્વેતાંબર કહે છે કે નગ્ન અવસ્થાની ન કરવી, સિદ્ધાંતમાં શું કહ્યું છે ? કહ્યું હોય તો દેખાડો. સત્તાવીસમો બોલ પૂરો.

૨૮.

પૂર્વભૂમિકા : 'તીર્થંકર મોક્ષ પુહતા અણુસણ કીધાં તે આકાર લેઇ પૂજઇ' એ અઠ્ઠાવીસમા બોલનું નામ છે. શ્રી લોંકાશાહ પ્રશ્ન કરે છે કે તીર્થંકર મોક્ષ પધાર્યા ત્યારે ભગવાન કયા આસને બેઠા હતા તેનો શાસ્ત્રોમાં આધાર હોય તો બતાવો.

"હવઈ અઠાવીસમુ બોલ લિખીઇ છઇ. તીર્થંકર જિ વારઈ મોક્ષ પુહતા તિવારઈ અણુસણ (આસણ) કીધાં. પાલઠી વાલી પર્યંકાસન. ઊભા કાઉસગ્ગિ. નિસિજ્જા આસણ હવઈ. એકમાહિ પ્રતિમા કેહુઇ પ્રકારઈ કીજઈ. સિદ્ધાંતમાહિ કિમ કહિઉ છઇ! તે દેખાડઉ. એહ અઠાવીસમુ બોલ."

વિવરણ : હવે અઠ્ઠાવીસમો બોલ લખીએ છીએ. શ્રી તીર્થંકર દેવ મોક્ષ પધાર્યા ત્યારે અમુક આસને બિરાજતા હતા. પલાંઠીવાળી પર્યંક આસને, કાઉસ્સગ્ગ કરી ઊભા, નિસિજ્જા આસને હતા? હવે આ આસનો પૈકી પ્રતિમા કયા પ્રકારના આસનની કરવી! સિદ્ધાંતમાં આ વિષે શું કહ્યું છે તે દેખાડો. આ અઠ્ઠાવીસમો બોલ પૂરો.

૨૯.

પૂર્વભૂમિકા : પ્રતિમા ત્રિણિ કાલિમાંહિ કીહઇ (કયે) કાલિ?' એ ઓગણત્રીસમા બોલનું નામ છે. શ્રી લોંકાશાહ કહે છે કે પ્રતિમા કયા કાળે પૂજવી તે વિષે સિદ્ધાંતમાં શું કહ્યું છે.

"હવઈ ઓગણત્રીસમુ બોલ લિખીઇ છઈ. પ્રતિમા ત્રિણિ કાલમાહિં કેહઈ કાલિ પૂજઈ? સિદ્ધાંતમાહિ કિમ કહિઉ છઈ? એહ ઓગણત્રીસમુ બોલ."

વિવરણ : હવે ઓગણત્રીસમો બોલ લખીએ છીએ. પ્રતિમા ત્રણ કાળ પૈકી કયા કાળે પૂજવી? સિદ્ધાંતમાં શું કહ્યું છે? આ ઓગણત્રીસમો બોલ પૂરો.

કરઈ, અનઈ પીતળ પ્રતિમાનઈ હાથ કરઈ. મૂલનાયકની પ્રતિમા મોટી થઇ કરિ. પીતળ પ્રતિમા પાખતી કરઈ. મૂલનાયકની પ્રતિમા ઉંચઇ આસનિ બઇસારીઇ. તીર્થંકર આપણા સરખા છુ એવડુ અંતર કાંઈ કરઉ? એક ત્રીસમુ બોલ."

વિવરણ : હવે એકત્રીસમો બોલ સમજીએ છીએ. ચોવીસ તીર્થંકરોની ચોવીસ પ્રતિમા બેસાડો તો કઈ પ્રતિમા મૂળનાયકની કરવી? કઈ પ્રતિમા મોટી અને કઈ પ્રતિમા નાની કરવી? મૂળનાયકની પ્રતિમાને ઘરેણાં, દાગીના, હાર, ફૂલ ઘણાં ચઢાવવામાં આવે છે. પીતળ પ્રતિમાને થોડાં ચડે છે. મૂળનાયકની પ્રતિમા મોટી (ઉંચી) થઈ જાય, પીતળ પ્રતિમા નાની હોય. મૂળનાયકની પ્રતિમા ઊંચા આસને બેસાડી છે. તીર્થંકર આપણા સરખા છે તો આટલું બધું અંતર, ભેદ શા માટે રાખવામાં આવે છે?

ભાવાર્થ : શાસ્ત્રોમાં બધા તીર્થંકરને કહ્યા છે. બધાને જ્ઞાન વગેરે સરખા ગુણો છે. ત્યારે તેમની મૂર્તિમાં આટલો ભેદ કેમ પાડવામાં આવ્યો? આ ભેદ બતાવે છે કે પાછળથી આચાર્યોએ પ્રતિમાની સ્થાપના કરીને લૌકિક વ્યવહારમાં મોટાનાનાના ભેદ છે તે તીર્થંકરની પ્રતિમામાં પણ દાખલ કર્યો.

૩૨.

પૂર્વભૂમિકા : 'તીર્થંકરનું શરીર કિસ્યું, પ્રતિમા કિસી કેવડી કીજઈ?' એ બત્રીસમા બોલનું નામ છે. પ્રતિમા કયા માપની કરવી તે વિષે શાસ્ત્રમાં કોઈ આધાર છે? એમ શ્રી લોંકાશાહ પ્રશ્ન કરે છે.

"હવઇ બત્રીસમુ બોલ લિખાઇ છઇ. તીર્થંકરનું શરીર કિસ્યઉ. જઘન્યઇ સાત હાથ પ્રમાણ. ઉત્કૃષ્ટઇ પાંચસઇ ૫૦૦ ધનુષ પ્રમાણ એહ પ્રમાણમાહિ પ્રતિમા કેહઇ પ્રમાણિ કરાવીઇ? કિમ કરિઇ છઇ? એ બત્રીસમુ બોલ."

૩૩. 'પ્રતિમા પ્રતિષ્ટી અણપ્રતિષ્ટીનઉ સ્યુ (=શું) વિશેષ?' એ

પૂર્વભૂમિકા : 'પ્રતિમા પ્રતિષ્ટી અણપ્રતિષ્ટીનઉ સ્યુ (=શું) વિશેષ?' એ તેત્રીસમા બોલનું નામ છે. આ બોલમાં એવી ચર્ચા કરવામાં આવે છે કે પ્રતિષ્ઠા કરેલી પ્રતિમા અને પ્રતિષ્ઠા કર્યા વિનાની પ્રતિમા એ બેના ગુણમાં શું ફેર છે.

"હવઇ તેત્રીસમુ બોલ લિખીઇ છઇ. પ્રતિમા અણપ્રતિષ્ટી પૂજતાં સ્યું હુઇ? અનઇ પ્રતિષ્ટયા પૂઠઈ પૂજતાં સ્યું હુઇ? પ્રતિષ્ટી પ્રતિમામાહિં કીહા ગુણ આવ્યા જ્ઞાનના, દર્શનના, ચારિત્રના, તપના? પૂજનીક તઉ ગુણ બોલ્યા છઈ. પ્રતિમા પ્રતિષ્ટયા પૂઠઈ કેહા ગુણ આવ્યા? જેહવી અણપ્રતિષ્ટી હતી તેહવી દીસઇ છઇ. એહ તેત્રીસમુ બોલ."

વિવરણ : હવે તેત્રીસમો બોલ લખીએ છીએ. પ્રતિષ્ઠા કર્યા વિનાની પ્રતિમા પૂજતાં શું થાય? પ્રતિષ્ઠા કરેલી પ્રતિમા પૂજતાં શું થાય? પ્રતિષ્ઠા કરેલી પ્રતિમામાં કયા ગુણ આવ્યા? જ્ઞાનના, દર્શનના, ચારિત્રના, તપના ગુણ આવ્યા? શાસ્ત્રોએ તો ગુણ પૂજનીક કહ્યા છે. પ્રતિમાની પ્રતિષ્ઠા થયા પછી તેમાં કયા ગુણ આવ્યા. અમને તો પ્રતિષ્ઠા થયા પહેલાં પ્રતિમા જેવી હતી તેવી જ પ્રતિષ્ઠા થયા પછી પણ દેખાય છે. આ તેત્રીસમો બોલ પૂરો.

નોંધ : બત્રીસમા બોલની છેલ્લા ભાગમાં જે નોંધ લખી છે તે આ બોલ બાબતમાં ધ્યાનમાં લેવી.

૩૪. 'પ્રતિમા આગલિ ઢોઈઇ (=ધરાય) છઈ તે સ્યા (=શા) માટિ?

પૂર્વભૂમિકા : 'પ્રતિમા આગલિ ઢોઈઇ (=ધરાય) છઈ તે સ્યા (=શા) માટિ?' એ ચોત્રીસમા બોલનું નામ છે. આ બોલમાં પ્રતિમા જે વસ્તુઓ મૂકવામાં આવે છે તેનું શું કરવું એવો પ્રશ્ન શ્રી લોંકાશાહ પૂછે છે.

"હવઈ ચઉત્રીસમુ બોલ લિખીઈ છઈ. પ્રતિમા આગલિ ઢોઈ છઈ–ધાન ફલ વસ્ત્ર સોનાં રૂપાં બલિ બાકુલા પકવાન. તેહ માલીનઈ આપીઈ. કે નાપીઈ. તેહ દ્રવ્ય સ્યું કીજઈ ? વ્યાજઈ દીજઈ ? કે વ્યવસાય કીજઈ ? કિમ કરી વધારીઈ ? સિદ્ધાંતમાહિં કિમ કહિઉં છઈ ? એહ, ચઉત્રીસમુ બોલ."

વિવરણ : હવે ચોત્રીસમો બોલ લખીએ છીએ. પ્રતિમા આગળ ધરાય છે ધાન. ફળ, વસ્ત્ર. સોનું. રૂપું, બલિ. બાકળા પકવાન, આ વસ્તુઓ પૂજારીને અથવા માળીને આપવી કે ન આપવી? આ દ્રવ્યનું શું કરવું? આ દ્રવ્ય વ્યાજે ધીરધારમાં દેવું? અથવા એનો વ્યવસાય, વેપાર કરવો? આ દ્રવ્ય કેમ કરી વધારવું? આ આગમમાં, સિદ્ધાંતમાં શું કહ્યું છે? આ ચોત્રીસમો બોલ પૂરો.

આ [illegible] નામ 'અઢારી સનાથ (=સ્નાત્ર)નું [illegible]'
[illegible] સ્નાત્રની વિધિ ક્યાં શાસ્ત્રમાં આપી છે તે બતાવો.
[illegible]

[illegible] અઢારી સનાત્રની વિધિ. [illegible] સિદ્ધાંતમાહિં [illegible] તિહાં કાંઈ પૂજા કરવી કહી [illegible] બોલ."

[illegible] અઢારી સ્નાત્રની વિધિ, [illegible]

૩૭.

પૂર્વભૂમિકા : 'ઠવણુહારીનુ પૂઠવઉ' એ સાડત્રીસમા બોલનું નામ છે. ઠવણીની પ્રતિષ્ઠા કરી સ્થાપવામાં આવે છે. ઠવણીમાં આચાર્યના ગુણ નથી.

"હવઇ સાંત્રીસમુ બોલ લિખીઇ છઇ. ઠવણુહારિ લાકડાનુ સૂર્યક્રાંતિનુ અક્ખિનુ વરાડનુ–એહની પ્રતિષ્ટા કરીનઇ થાપનાચાર્ય કરી થાપઇ છઈ. આચાર્યના ગુણ છત્રીસ. અથવા વલી જ્ઞાનદર્શન ચારિત્ર તપ. એહનુ તુ એકઇ ગુણ ઠવણુહારિમાહિં દીસતો નથી. જિ વારઈ ન હતુ પ્રતિષ્ટયઉ તિવારઈ જેહવુ હતુ અનઇ પ્રતિષ્ટિઉ પણિ તેહવુ દીસઇ છઇ. ઠવણુહારીમાહિં પહિલું અનઇ પછઇ ગુણ દીસતા નથી. થાપનાચાર્ય થાપીનઇ તેહ આગલિ અનુષ્ટાન કરઇ છઇ. ખમાસમણ દેઇનઇ વાંદઇ છઇ. અનઇ વલી તેહ જિ ઠવણુવારીનઇ પૂઠિ દેઇનઇ બઇસઇ છઇ. તુ તે આશાતના નથી હતી. તેહનઇ પૂઠિ દેઇનઈ કિમ બઇસાઇ! એહ તુ વિપરીત ઊપરાહૂ દીસઇ છઇ. એહ સાંત્રીસમુ બોલ."

વિવરણ : હવે સાડત્રીસમો બોલ લખીએ છીએ. ઠવણી લાકડાની, સૂર્યકાંતિની, અક્ખાની, વરાડની બનાવીને એની પ્રતિષ્ઠા કરી સ્થાનાચાર્ય તરીકે તેની સ્થાપના કરવામાં આવે છે. શ્રી લોંકાશાહ એમ કહે છે કે આચાર્યના ગુણ છત્રીસ કહ્યા. અથવા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ એ ગુણો આચાર્યમાં હોવા જોઇએ. એ પૈકી એક પણ ગુણ ઠવણીમાં દેખાતો નથી. પ્રતિષ્ઠા કર્યા પહેલાં ઠવણી જેવી હતી તેવી જ પ્રતિષ્ઠા કર્યા પછી પણ દેખાય છે. ઠવણીમાં પ્રતિષ્ઠા કર્યા પહેલાં અને પ્રતિષ્ઠા કર્યા પછી કોઈ ગુણ દેખાતા નથી. ઠવણીને સ્થાનાચાર્ય તરીકે સ્થાપીને તેની પાસે અનુષ્ઠાન કરવામાં આવે છે. ખમાસમણાં દઈને વાંદવામાં આવે છે. અને વળી તે જ ઠવણીને પૂંઠ વાંસો દઈને બેસે છે. તો તેને આશાતના થતી નથી એમ ગણાય છે. તેને (ઠવણીને) વાંસો દઈ કેમ બેસી શકાય? એ તો ખરેખર વિપરીત દેખાય છે.

૧૦૦૦ શિષ્યના પરિવાર સાથે, શુક અણગારે ૧૦૦૦ શિષ્યના પરિવાર સાથે, સેલગરાજર્ષિ અણગારે ૫૦૦ શિષ્યના પરિવાર સાથે અને પાંચ પાંડવના કુમારે ચારિત્ર લઈ શેત્રુંજા ઉપર અનશન કર્યાં. પણ પહેલાં જ્યારે શેત્રુંજા પર્વત ઉપર ચડ્યા ત્યારે પ્રતિમા ન વાંદી, ચૈત્યવંદન ન કર્યું. પ્રતિમા આગળ ભાવપૂજા ન કરી. તો આ ઉપરથી એમ જાણજો કે તે વખતે ત્યાં પ્રતિમા, પ્રાસાદ, મંદિર નહોતાં. અને વળી કેટલાક એમ કહે છે કે શ્રી આદિનાથ ભગવાને નવાણું વાર શેત્રુંજા ઉપર ચડીને જાત્રા કરી હતી. શ્રી લોંકાશાહ તેમને પ્રશ્ન કરે છે કે આ વાત ક્યા આગમમાં કહી છે તે બતાવો.

હવે ઓગણ્યાશીમો બોલ લખીએ છીએ. કેટલાક એમ કહે છે કે શેત્રુંજા ઉપર ઘણા સિદ્ધ ભગવાન થયા તેથી તેને તીર્થ કહીએ છીએ. શ્રી લોંકાશાહ તેનો ઉત્તર આપે છે કે જે સ્થળે ઘણા સિદ્ધ થયા હોય તેને તીર્થ કહેવું હોય તો અઢીદ્વીપમાં પીસ્તાલીસ લાખ યોજનમાં એકેય સ્થાન એવું નથી જ્યાં અનંતા સિદ્ધ થયા ન હોય. 'જત્થ એગો સિદ્ધો તત્થ અનંતા સિદ્ધા'— એ વચનના પાઠના હિસાબે આખો અઢીદ્વીપ તીર્થ જાણવો. શેત્રુંજાને [illegible] તીર્થ કહ્યો નથી.

દેવરાયા કિં ભવસિદ્ધીએ, અભવસિદ્ધીએ, સમ્મદિટ્ઠી, મિચ્છદિટ્ઠી, પરિત્તસંસારી, અણંતસંસારી, સુલહબોહી દુલહબોહી, આરાહએ, વિરાહએ, ચરિમે, અચરિમે! ગોયમા! સણંકુમારે ભવસિદ્ધિ, સમ્મદિટ્ઠી, પરિત્તસંસારી, સુલહબોહી આરાહએ ચરમે. સે કેણટ્ઠેણં ભંતે એવં વુચ્ચઇ! ગોયમા. સણંકુમારે બહૂણં સમણાણં, બહૂણં સમણીણં, બહૂણં સાવયાણં, બહૂણં સાવિયાણં હિયકામએ સુહકામએ પત્થકામએ આણુકંપિએ ણિસ્સેયસિએ હિયસુહ અણુકંપિએ ણિસ્સેસકામએ. સે તેણટ્ઠેણં ગોયમા. સમ્મદિટ્ઠી, ભવસિદ્ધિ, પરિત્તસંસારી, સુલહબોહી, આરાહએ, ચરમે.' શ્રીવીતરાગે ઇમ ન કહિઉ જે 'પ્રતિમા પૂજતાં જીવ સમકિત લહઇ' અથવા કેણઇ લાધું હુઇ તઉ દેખાડુ. સાધુ ચારિત્રીયાનાં રૂપ દેખી ઘણે જીવે સમકિત લાધાં. અથવા પૂર્વભવનાં સમ્યક્ત્વ ઉદય આવ્યાં પરિત્તસંસાર કીધાં. અથવા વલી જીવના અનુકંપા થકી પરિત્તસંસાર કીધાં. તે જઘન્યઇ તઉ અંતર્મુહૂર્ત્તમાહિ સીઝઇ. તે ઉત્કૃષ્ટઇ તઉ અર્દ્ધ પુદ્ગલમાહિં સીઝઇ. હવઇ પ્રતિમા પૂજતાં કોણઇ જીવઇ સમ્યક્ત્વ લાધઉ, અથવા પરિત્તસંસાર કીધુ હુઇ, તે સિદ્ધાંતમાહિ દેખાડઉ. એહ ચ્યાલીસમુ બોલ."

વિવરણ : હવે ચાલીસમો બોલ લખીએ છીએ. શ્રી ભગવતીસૂત્રમાં શ્રી ગૌતમસ્વામીએ શ્રી ભગવાન મહાવીરને દેવલોકના ત્રીજા ઈન્દ્ર સનતકુમાર સંબંધમાં પ્રશ્ન પૂછયો કે હે ભગવાન, સનતકુમાર ઈન્દ્ર ભવસિદ્ધિક છે કે અભવસિદ્ધિક છે? સમ્યક્ત્વ દૃષ્ટિ છે કે મિથ્યા દૃષ્ટિ છે? પરિત સંસારી છે કે અનંત સંસારી છે? સુલભબોધિ છે કે દુર્લભબોધિ છે? આરાધિક છે કે વિરાધિક છે? ચરમ છે કે અચરમ છે? શ્રી મહાવીર ભગવાને ઉપરના પ્રશ્નનો જવાબ આપેલ છે કે હે ગૌતમ સનતકુમાર ઈન્દ્ર ભવસિદ્ધિક, સમ્યગ્દૃષ્ટિ, પરિત સંસારી, સુલભ બોધિ, આરાધક અને ચરમશરીરી છે. શ્રી ગૌતમ સ્વામીએ શ્રી મહાવીર ભગવાનને ફરી પ્રશ્ન પૂછયો કે એ કેવી રીતે? શ્રી ભગવાન મહાવીરે જવાબ આપ્યો કે હે ગૌતમ, સનતકુમાર ઈન્દ્રે ઘણા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાના હિતના કામી પથ્યના ઈચ્છુક અનુકંપાવાળા, મોક્ષના વાંછુક અને તે કારણે હિત, સુખ, મોક્ષના કામી છે એથી હે ગૌતમ, તે ભવસિદ્ધિક, સમ્યગ્દૃષ્ટિ, પરિત સંસારી, સુલભબોધિ, આરાધક અને ચરમશરીરી છે એમ હું કહું છું. શ્રી વીતરાગે એમ ન કહ્યું કે પ્રતિમા પૂજતાં જીવને સમકિત લાધે અથવા કોઇને પ્રતિમા પૂજતાં કોઇને સમકિત લાધ્યું હોય તો દાખલો દેખાડો પરંતુ સાધુ ચારિત્રવાનનાં રૂપ દેખીને ઘણા જીવે સમકિત લાધ્યું (પામ્યાં) અથવા પૂર્વભવના સંમકિત ઉદયમાં આવ્યાં, પરિત સંસાર કીધાં (થયા)

૪૧.

પૂર્વભૂમિકા : 'ભાવના રૂપ જિનરાજ યતિ મહિ ભાવિયા' એ એકતાલીસમા બોલનું નામ છે. આગમશાસ્ત્રોમાં સાધુનાં પાંચ મહાવ્રતોની પચીસ ભાવના કહી છે પરંતુ નિર્યુક્તિ અને વૃત્તિમાં પચીસ જિનરાજ તીર્થંકરની આદિ જન્મની ભૂમિની તથા શેત્રુંજય વગેરેની ભાવના કહીને તેમને તીર્થ ગણાવી વંદના કરવા યોગ્ય ગણ્યાં છે. શ્રી લોંકાશાહ એમ સમજાવે છે કે મૂળ આગમો વિરૂદ્ધ જઇને આ વધારાની ભાવના પાછળથી ઉમેરવામાં આવી છે.

"હવઈ એકતાલીસમુ બોલ લિખીઈ છઈ. શ્રી આચારાંગમૂલસૂત્રમાહિં સાધુ ચારિત્રીયાનઇં પાંચ મહાવ્રત કહ્યા છઇ. એકેકા વ્રતની પાંચ ભાવના બોલી છઈ. જિમ આચારાંગમાહિં તિમ શ્રીપ્રશ્નવ્યાકરણમાહિં વ્રતવ્રતની પાંચ ભાવના બોલી છઈ. અનઇ શ્રી આચારાંગનિર્યુક્તિ અનઈ વૃત્તિમાહિં કહિઉં જે 'સમકિતની ભાવના ભાવીઈ તેહ ભાવનાં લિખીઈ છઈ—તીર્થંકરની જન્મભૂમિ ચારિત્રભૂમિ, જ્ઞાન ઉપજવાની ભૂમિ, નિર્વાણ મોક્ષગયાની ભૂમિ, તથા વલી દેવલોક, તથા મેરુપર્વત, તથા નંદીસરવરદ્વીપાદ્દૌ, તથા શાશ્વતી પ્રતિમા, તથા વલી અષ્ટાપદ શત્રુંજ ગિરિનારિ, તથા અહિછત્તાયાં શ્રી પાર્શ્વનાથનઈ ધરણેંદ્રનઉ મહિમા, એવં તથા પર્વતઈ વયરસ્વામિનાં પગલાં, શ્રી વર્દ્ધમાનની ચમરેંદ્રઇ નિશ્રા કીધી તેહ ઠામઈ તીર્થ કહ્યાં, એતલાં સઘલાં તીર્થની ભાવના ભાવીઇ.' નિર્યુક્તિમાહિં વૃત્તિમાહિં કહિઉ. અનઈ શ્રી આચારાંગમાહિં નથી. તુ શ્રી આચારાંગની નિર્યુક્તિવૃત્તિમાહિં

૪૨.

પૂર્વભૂમિકા : 'શ્રાવકનઈ પરિગ્રહપરિમાણમાહિં ફેર' એ બેંતાલીસમા બોલનું નામ છે. આગમશાસ્ત્રોમાં શ્રાવકોના પરિગ્રહવ્રતના અધિકારો છે પરંતુ તેમાં પ્રતિમા પૂજવાના, પ્રતિમાને વસ્તુઓ ચડાવવાના નિયમો તે અધિકારમાં નથી. હાલમાં શ્રાવકોને પ્રતિમા પૂજવાની, તેની આગળ વસ્તુઓ મૂકવાની વગેરેની પ્રતિજ્ઞા આપવામાં આવે છે તે આગમશાસ્ત્રોના પરિગ્રહવ્રતની વિરુદ્ધ દેવામાં આવે છે.

"હવઇ બઇતાલીસમુ બોલ લિખીઇ છઇ. હવડાંના શ્રાવકનઇ પરિગ્રહપ્રમાણ દિઇ છઈ. તિહાં એહવા નીમ દિઈ છઈ–'પ્રતિમા વાંદ્યા પૂજ્યા પાપઇ જિમું તુ નીમ ભંગઈ એકાસણું કરૂં. અથવા વલી પ્રતિમાનઇ વરસ ૧ પ્રતિઈ આંગલુહણાં ૪ ચ્યારિ, સુકડિ સેર ૪ ચ્યારિ, સોપારી સેર ૪ ચ્યારિ, દીવેલ સેર ૧૦ દસ, ફૂલ લાખ ૧. નવું ધાન, નવું ફૂલ મુંહઈ ઘાલું, જુ પ્રતિમા આગલિ ઢોયું હોઈ.' એહવા નીમ શ્રાવકનઈ દિઈ છઈ. અનઇ શ્રી આણંદ-શ્રાવકનઈ પરિગ્રહપ્રમાણમાહિં પ્રતિમાનઇ વિહરઇ એહવા નીમ નહીં. તેહ સ્યું કારણ? તુ ઇમ જાણીઇ છઇ પ્રતિમા વીતરાગનઈ માર્ગઇ નથી. જુ શ્રીવીતરાગનઇ માર્ગઇ પ્રતિમા હુઇ તુ આણંદ શ્રાવકનઇ એહવા નીમ જોઇઇ. એહ બઇતાલીસમુ બોલ."

વિવરણ : હવે બેંતાલીસમો બોલ લખાએ છીએ. હાલના વખતમાં શ્રાવકને પરિગ્રહ પરિમાણ વ્રતના પચ્ચખાણ આપવામાં આવે છે. તે પચ્ચખાણમાં એવા નિયમોની બંધી, પ્રતિજ્ઞા દેવામાં આવે છે કે પ્રતિમાને વાંદ્યા, પૂજ્યા પછી ખાવું, જમવું, જો તે નિયમનો ભંગ કરે તો એકાસણું, એકટાણું કરવું. વળી પ્રતિમા માટે એક વરસમાં અંગલૂછણાં નંગ ચાર, સુખડી શેર ચાર, સોપારી શેર ચાર, દીવેલ શેર દશ, ફૂલ લાખ એક, આ પ્રમાણે વસ્તુઓનો પરિગ્રહ પરિમાણ વ્રતમાં નિયમ રાખવામાં આવે છે. વળી નવું ધાન, અનાજ અને નવું ફળ પ્રતિમા આગળ પ્રથમ ધરવામાં આવે ને પછી મોઢામાં ઘાલવાના, નાખવાના નિયમ પરીકે પચ્ચખાણ કરવામાં આવે છે. આ પ્રમાણે નિયમોની બંધી શ્રાવકોને આપવામાં આવે છે. અને શ્રી આણંદ શ્રાવકના પરિગ્રહ પરિમાણ વ્રતમાં પ્રતિમાને વસ્તુઓ ચડાવવાની બંધી, નિયમ નથી તો તેનું શું કારણ? એ શંકાનો જવાબ એ છે કે શ્રી વીતરાગના માર્ગમાં પ્રતિમા નથી. જો પ્રતિમા હોત તો શ્રી આણંદ શ્રાવકના અધિકારમાં તેના નિયમ હોત. આ બેંતાલીસમો બોલ પૂરો.

વિવરણ : હવે તેંતાલીસમો બોલ લખીએ છીએ. શ્રી ભગવતીજી સૂત્રમાં ઘણા શ્રાવક કહ્યા છે તે શ્રાવકે શું શું આગાર કરતા કહ્યા છે તે અધિકાર લખીએ છીએ "તે કાળે, તે સમયે તુંગિયા નામે નગરી હતી. નગરીનું વર્ણન. તે તુંગિયા નગરીમાં ઉત્તરપૂર્વ દિશામાં પુષ્પવતી નામે બગીચો હતો. બગીચાનું વર્ણન. તે તુંગિયા નગરીમાં ઘણા શ્રાવકો રહેતા હતા. તે શ્રમણોપાસકો ધનધાન્યથી પરિપૂર્ણ, બલવંત બહુ ભવન. શયન. આસન, યાન, વાહનયુક્ત, બહુ ધન, સુવર્ણ, રૂપાયુક્ત, આયોગપ્રયોગયુક્ત હતા. જેની ભોજનશાળામાં એટલો બધો આહાર, ભોજન બનાવવામાં આવતું હતું કે જે ખાધા પછી એટલો બધો ભોજનનો વધારો રહેતો હતો કે જેમાંથી ઘણા લોકોની આજીવિકા ચાલતી હતી. જેને બહુ જ દાસ, દાસીઓ, ગાયો, ભેંસો, ગાડર, બકરાં વગેરે હતાં, જેમની પાસે એટલી બધી રિદ્ધિ હતી જે બીજા ઘણા લોકો પાસે ન હતી. તે શ્રાવકો જીવ–અજીવના જાણકાર હતા. પુણ્ય, પાપ, આશ્રવસંવર નિર્જરા ક્રિયા અધિકરણ બંધ મોક્ષના જાણકાર હતા. દુઃખના સમયમાં દેવ, અસુર, નાગ, સુવર્ણયક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, ગરુડ, ગાંધર્વ મહોરગાદિની સહાયતા લેતા નહીં. પોતાનાં કરેલાં કર્મ ભોગવવાની મનોવૃત્તિવાળા હતા તેથી ઉપર જણાવેલ દેવો તેઓને નિર્ગ્રંથના પ્રવચનમાંથી ચલિત કરી શકતા નહીં. તેઓ જીવ વગેરે તત્ત્વો છે કે નહીં એવી શંકા, કાંક્ષા યા અન્ય દર્શનની વાંચ્છા રહિત હતા. જેમણે શાસ્ત્રોના અર્થ ગ્રહણ કર્યા હતા, જેમણે કોઈ પ્રકારની સંશય ઉત્પન્ન થતાં તેની પૂછણા–પ્રશ્ન પૂછીને નિર્ણય કરેલા અર્થને સમ્યક્ પ્રકારે ધાર્યા છે. નિર્ગ્રંથ પ્રવચન હાડોહાડ મીંજેમીંજે તેમને લાગ્યું છે. તેઓની સાથે વાર્તાલાપ કરવાનો પ્રસંગ આવે ત્યારે તેઓ એમ બોલતા કે હે આયુષ્યમાનો, આ નિર્ગ્રંથ પ્રવચન મોક્ષસાધનનો માર્ગ છે; એ અર્થરૂપ છે, પરમાર્થરૂપ છે, પરમ આદરણીય છે; એના સિવાય ધનપુત્રાદિ અનર્થ છે. મોક્ષના બાધક છે. એ શ્રાવકોનાં હૃદય સ્ફટિક, રત્ન સમાન નિર્મળ છે, જેમનાં ઘરનાં બારણાં દાન દેવા માટે સદા ય ખુલ્લાં રહેતાં. અંતઃપુરમાં પરગૃહમાં દાખલ થતા આ શ્રાવકો પ્રતીતિના પાત્ર થતા. આ શ્રાવકો બહુશીલવ્રત, અણુવ્રત, ગુણવ્રત, પ્રત્યાખ્યાન, પોષધ, ઉપવાસ વગેરે કરનાર હતા. ચૌદશ, આઠમ, અમાસ, પૂનમના પરિપૂર્ણ, પોષધવ્રત સમ્યક્ પ્રકારે કરનાર હતા. અન્ન, પાણી, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ, બાજોઠ, પાટ, શય્યા, સંથાર, ઔષધ આદિ શ્રમણ નિર્ગ્રંથને દેતા, તપ કર્મગ્રહણ કરી આત્માને ચિંતવતા, વીચરતા હતા. (ભગવતીસૂત્ર–શતક ૨, ઉદ્દેશ ૫)

૪૫.

પૂર્વભૂમિકા : 'સે આયણલે ણુાયબલે શ્રી આ. ૨ અ.' આ પિસ્તાલીસમા બોલનું નામ છે. શ્રી આચારાંગસૂત્રના બીજા અધ્યયનમાં અજ્ઞાની લોકો સાંસારિક કારણે હિંસા કરે એવું વર્ણન છે. પરંતુ ચારિત્રવાન સાધુ હિંસા કરે નહીં, કરાવે નહીં, અનુમોદના કરે નહીં તો પ્રતિમા, મંદિર, પૂજાની, મોટી હિંસાની અનુમોદના ચારિત્રવાન સાધુ કરે જ નહીં એમ શ્રી લોંકાશાહ આ બોલમાં કહે છે.

"હવઈ પિસ્તાલીસમુ બોલ લિખઇ છઇ. શ્રી આચારાંગના બીજા અધ્યનનઇ બીજઈ ઉદ્દેસઈ શ્રીવીતરાગે ઇમ કહિઉ. જે લોકઈ એતલઇ કારણઇં આરંભ કરઇ. અનઇ સાધુ ચારિત્રીઉ તુ એતલઈ કારણઇં આરંભ કરઇ નહી. કરાવઇ

૪૬.

પૂર્વભૂમિકા : 'શ્રી સાધુનઉ ઉપદેશ' એ છેંતાલીસમા બોલનું નામ છે. ધર્મપ્રાણ શ્રી લોંકાશાહ શ્રી આચારાંગસૂત્રના છઠ્ઠા અધ્યયનો આધાર લઈ જણાવે છે કે શ્રી વીતરાગદેવે કહ્યું છે કે ચારિત્રવાન સાધુ શ્રોતાઓને કેવો ઉપદેશ આપે, દયાનો ઉપદેશ આપે પણ મંદિર, પ્રતિમા, પૂજનો, હિંસાનો ઉપદેશ આપે નહીં.

"હવઇ છઈતાલીસમુ બોલ લિખાઇ છઇ. તથા શ્રી આચારાંગમાહિં અધ્યયન છઠાનઈ ઉદ્દેસઈ પાંચમઈ સાધુનઈ શ્રીવીતરાગે ઇમ કહિઉ જે 'શ્રોતારનઇ એહવુ ઉપદેશ દેજો' તે અધિકાર લિખાઈ છઈ–'પાઈણં પડીણં દાહિણં ઉદીચીનં. આઇખે વિભાયદિટ્ટે વેદવી સે ઉટ્ઠિએસુ અણુટ્ઠિએસુ વા સુસ્સમાણે સુપવદેજ્એ સંતિ વિરતિં ઉવસમં ણિવ્વાણં સોયવિયં અજ્જવિયં મદ્દવિયં લાઘવિયં અણઇવત્તિયં સવ્વેસિં પાણેરાં સવ્વેસિં ભુયાણં સવ્વેસિં જીવાણં સવ્વેસિં સત્તાણં આણુવીઈ ભિક્ખૂ ધમ્મમાઇક્ખેજ્જા. અણુવીઈ ભિક્ખૂ ધમ્મમાઇક્ખમાણે ણો અત્તાણે ણ આસાદેજ્જા નો અન્નાઇં પાણાઈં ભુયાઇં

[illegible] ... પણ હિંસાનો ઉપદેશ ન દિયે. [illegible]
[illegible]."

વિવરણ : [illegible] શ્રી આચારાંગ [illegible] [illegible] શાંતિ, વિરતિ, દયા, [illegible] [illegible] સર્વ પ્રાણીને, સર્વ ભૂતોને, સર્વ જીવોને, સર્વ સત્ત્વોને [illegible] ધર્મનો ઉપદેશ આપે. [illegible] [illegible] ન આપે. [illegible]

૪૭.

પૂર્વભૂમિકા : 'દયા ઉપરિ શ્રી સૂયગડાંગ (સૂત્રકૃતાંગ)ની ગાથા' એ સુડતાલીસમા બોલનું નામ છે. શ્રી સૂયગડાંગ સૂત્રનાં [illegible] અધ્યયનો ટાંકીને શ્રી લોંકાશાહ એમ સમજાવે છે કે ઉત્કૃષ્ટ દયાના ઉપદેશની પ્રરૂપણા ચારિત્રવાન સાધુ કરે પણ હિંસાનાં કાર્યોની પ્રરૂપણા કરે નહીં.

"અનુયં સામાયિકમ્ [illegible]
શ્રી [illegible]"

વિવરણ : જે સામાયિક [illegible]
ઉત્કૃષ્ટ [illegible]
આપ્યો છે તે અધિકાર [illegible].

'એવં તુ સમણા એગે મિચ્છદિટ્ઠી અણારિયા.
અસંકિયાઇં સંકંતિ સંકિયાઇં અસંકિણો. (૧)

ધમ્મપન્નવણા જા સા તં તુ સંકંતિ મૂઢગા.
આરંભાઇં સંકંતિ અવિયત્તા અકોવિયા. (૨)

ઇતિ શ્રીસૂયગડાંગે પ્રથમાધ્યાયને દ્વિતીયોદ્દેશે."

અર્થ : જેવી રીતે મૃગ પાશમાં પડે છે તેવી રીતે કેટલાક અનાર્ય મિથ્યાદૃષ્ટિ શ્રમણ અશંકિત જે ધર્મનાં અનુષ્ઠાન તેમાં શંકા કરે છે અને હિંસાદિક જે શંકાનાં સ્થાનો છે તેમાં જરા પણ શંકા કરતા નથી. કેટલાક મિથ્યાદૃષ્ટિ અનાર્ય શ્રમણો અજ્ઞાનવાદી, શંકાવાદી છે તેઓ ન શંકા કરવા યોગ્ય વસ્તુઓમાં શંકા કરે છે અને શંકા કરવા યોગ્ય વાતો અશંકિત રહે છે. આ મુગ્ધ વિવેકવિકલ તથા અપંડિત દશવિધ જતિધર્મની પરૂપણા કરવામાં શંકા કરે છે અને આરંભ આદિ પાપના કારણમાં શંકા કરતા નથી.

"એયં ખુ નાણિણો સારં જન્ન હિંસઇ કિંચણં.
અહિંસા સમયં ચેવ એત્તાવત્તં વિયાણિયા. (૧)

ઇતિ શ્રી સૂયગડાંગમધ્યે પ્રથમાધ્યયને ચતુર્થોદ્દેશે."

અર્થ : જ્ઞાની પુરુષોનો એ સાર છે કે કોઈ પ્રાણીનો ઘાત કરવો નહીં. એ રીતે અહિંસા અને સમતાને જાણવી. અર્થાત્ જે રીતે મને મરણનું દુઃખ અપ્રિય છે એવી જ રીતે સર્વ પ્રાણીને પણ એ દુઃખ અપ્રિય છે એમ જાણીને કોઈ જીવનો ઘાત કરવો નહીં.

"પાણાઇવાએ વટ્ટંતા મુસાવાએ અસંજયા,
અદિન્નાદાણે વટ્ટંતા મેહુણે ય પરિગ્ગહે. (૧)

એએસુ કાએણ ય આયદંડે,
એએસુ આવિજાણિયા મુવિતિ. (૨)

જાતિં ચ વુડ્ઢિં ચ વિણાસ યંતે,
વીયાઇ અસ્સંજય આયદંડે,
અહાહુસે લોએ અણજ્જધમ્મે,
ખીયાય જે હિંસતિ આયસાતે. (૩)

ઇતિ શ્રી સૂયગડાંગ અધ્યયન ૭ મધ્યે.

તથા જેહવી અવસ્થાઇં વર્તતી વનસ્પતી છેદઇ. તેહવા મરણ પામઇ. તે
લિખીઇ છઇ :

ગબ્ભાઇ મિજ્જંતિ બુઆ બુવાણા,
ણરા પરે પંચસિહા કુમારા,
જુવાણગા – મજ્ઝિમ – થેરગા ય
ચયંતિ તે આઉખએ પલીણા. (૪)

ઇતિ શ્રી સૂયગડાંગે સાતમઇ અધ્યયનઇ."

અર્થ : પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય એ ચારના સૂક્ષ્મ તથા બાદર એવા બે બે ભેદ; તૃણ, વૃક્ષ, બીજ, શાલિ પ્રમુખ વનસ્પતિકાય બે ઇન્દ્રિયાદિક ત્રસ પ્રાણી જેવાં કે અંડજ એટલે ઇંડામાંથી ઉત્પન્ન થતાં પક્ષીઓ વગેરે; જરાયુજ, ગાય, ભેંસ મનુષ્યાદિ; સ્વેદ જ એટલે માંકડ, જૂ વગેરે; રસજ એટલે રસમાંથી ઉત્પન્ન થતા સૂક્ષ્મ જીવો એ છકાય શ્રી તીર્થંકર દેવે પરૂપ્યા છે. આ છકાયના જીવો પણ સુખની વાંછના કરે છે એમ જાણી સમજો. આ જીવોનો જે મન, વચન અને કાયાથી ઘાત કરે છે એ જીવો એ જ કાયમાં, એ જ યોનિમાં પરિભ્રમણ કર્યા કરે છે, એ જ યોનિમાં જન્મમરણના ફેરા ફર્યા કરે છે.

મૂળ આદિ કંદમૂળ અને શાખાપ્રશાખા આદિ વનસ્પતિનો જે વિનાશ કરતો હોય તથા બીજાદિ એટલે તેનાં ફળનો વિનાશ કરતો હોય તેને અસંયત એટલે ગૃહસ્થ અથવા પ્રવ્રજિત અન્યલિંગી અથવા સ્વલિંગી આત્માનો દંડનાર કહીએ. તે જીવ, પ્રાણીના ઉપઘાતે પોતાના આત્માનો ઉપઘાત કરે છે. જે આત્મસુખને અર્થે હરિકાયને છેદે તેને લોકમાં અનાર્યધર્મી તીર્થંકર ગણધર

[illegible] ધર્મોપદેશી આત્મસુખને અર્થે બીજ આદિ વનસ્પતિ કાયને હણે, હણાવે તથા અનુમોદે તથા એવો ધર્મોપદેશ આપે તેને પાખંડી અનાર્ય જાણવો. (સૂયગડાંગ : અધ્યયન ૭)

વિવરણ : વનસ્પતિકાયની જે અવસ્થા તેના ઘાત વખતે હોય તે અવસ્થા વનસ્પતિનો ઘાત કરનાર જીવની થાય છે તે વિષે લખીએ છીએ. શ્રી લોંકાશાહ તે જાતના આરંભના આધારો આપે છે.

અર્થ : વનસ્પતિકાયનો નાશ કરનાર જીવ ઘણા જન્મ સુધી ગર્ભ આદિક અવસ્થાને વિષે વર્તતાં જ મરણ પામે તથા જન્મ થયા પછી બોલતાં અણબોલતાં થકી તથા અન્ય મનુષ્ય નાની ઉંમરે, કુમાર અવસ્થામાં મરે તથા જુવાન વય, તરુણ વય, મધ્યમ વય તથા સ્થવિર (વૃદ્ધાવસ્થા) વય એ સર્વ અવસ્થાને વિષે આયુષ્ય ક્ષય થયે સ્વકર્મ ભોગવતાં દીન, દુઃખી, ભૂખતરસ આદિ સહન કરતાં થકી તે પાપી જીવો શરીરનો ત્યાગ કરે.

"પુઢવિ આઉ અગણિ વાઉ, તણરુક્ખસ્સ બીઅગા,
અંડયા પોયયા જરાઉ, રસસંસેતઉબ્ભિઆ. (૧)
એએહિં છહિં કાએહિં, તવિજ્જં પરિજાણિયા,
માણસા કાયવક્કેણં, ણારંભી ણ પરિગ્ગહી. (૨)

અર્થ : પૃથ્વી કાય, અપકાય, તેઉકાય, વાઉકાય વનસ્પતિ તથા તૃણ, વૃક્ષ, બીજ, શાલિ પ્રમુખ એ પાંચમી વનસ્પતિ કાયની જાતિ એ સર્વ સ્થાવર જીવો જાણવા અને ઈંડાં થકી ઉપજે તે જેવાગુલિ પ્રમુખ હસ્તિઆદિક તથા મનુષ્યાદિક, કીટાદિક જૂ પ્રમુખ તીડ આદિ એ સર્વ ત્રસકાય જીવો વિદ્વાન પુરુષ જાણે, મન, વચન, કાયાથી આ જીવોને પીડા કરવાનો આરંભ ન કરે અને આ જીવોના પરિગ્રહને છોડે કારણ કે આરંભ અને પરિગ્રહથી આ છકાયના જીવોની વિરાધના થાય છે.

"તત્થિમા તત્તિઆ ભાસા જં વદિત્તા ણુતપ્પતિ,
જં છન્નં તં ન વત્તવ્વં, એસા આણા ણિયંઠિયા. (૩)
ઇતિ શ્રીસૂઅગડાંગે નૂમઈ અધ્યયનઇ."

અર્થ : (૧) સત્ય (૨) અસત્ય (૩) સત્ય–અસત્ય મિશ્ર (૪) ન સત્ય, ન અસત્ય. આ ચાર પ્રકારની ભાષા છે. એમાંથી ત્રીજા પ્રકારની ભાષા જેનાથી

પરમાનું પદે તે તથા હિંસાથી આત્મા [illegible] નહીં એમ ભગવાન તીર્થંકરની આજ્ઞા છે.

"પુઢવી જીવા પુઢો સત્તા, આઉજીવા તહાગણી.
વાઉજીવા પુઢોસત્તા, તણરુક્ખા સબીયગા. (૧)

અર્થ : પૃથ્વીકાય જીવ, તે પણ જુદા જુદા જાણવા તેમ જ અપકાયના જીવ પૃથક્ પૃથક્ જાણવા. અગ્નિકાયના પણ જીવો જુદા જુદા જાણવા. વાયુકાયના જીવ જુદા જુદા જાણવા. તૃણ, વૃક્ષ તથા બીજ તે શાલિ પ્રમુખ એ સર્વ વનસ્પતિકાયના જીવ જાણવા.

"અહાવરા તસા પાણા, એવં છક્કાય આહિયા.
ઈત્તાવએ વ જીવકાએ, નાવરે વિજ્જઈ કાએ. (૨)"

"અર્થ : ઉપર જે સ્થાવર જીવ કહ્યા તેથી અપર બીજા બે ઇંદ્રિયાદિક પ્રાણી તે ત્રસ જીવો જાણવા એમ શ્રી તીર્થંકર દેવે કહ્યું છે. આ સિવાય બીજા કોઈ જીવની નિકાય નથી.

"સવ્વાહિં અણુજુત્તીહિં, મયમં પડિલેહિયા,
સવ્વે અક્કંતદુક્ખાય, અતો સવ્વે અહિંસયા. (૩)"

અર્થ : સર્વ અનુકૂળ તર્ક વડે બુદ્ધિમાન પુરુષ, સાધુ પોતાના જીવ જેવો બીજાના જીવને સમજીને, સર્વે જીવોને દુઃખ અપ્રિય છે એમ જાણીને સર્વ જીવની હિંસા કરે; રક્ષા, દયા કરે.

"ઉડ્ઢં અહે અ તિરિઅં ચ, જે કેઈ તસથાવરા,
સવ્વત્થ વિ તહિં કુજ્જા, સંતિનિવ્વાણમીહિયં. (૪)"

અર્થ : ઊંચી, નીચી અને તીરછી દિશામાં જે ત્રસ તથા સ્થાવર જીવો છે તે સર્વ જીવોની હિંસાથી સર્વથા નિવૃત્તિ જાણવી અને સ્વીકારવી. જીવદયા એ જ નિર્વાણ કહ્યું છે. જીવદયાથી પોતાના તથા બીજાના જીવોને શાંતિ થાય અને તેથી જીવદયા કરનારથી બીજા જીવો ભય પામતા નથી. જીવદયા કરનારને અભયદાનથી બીજા ભવમાં ભય આવતો નથી, નિર્ભયતા મળે છે. અને પરિણામે નિર્વાણપદ મળે છે, સર્વથા વિરતિ થવાથી નિર્વાણ મળે છે.

આપ હિંસાને નિંદે છે.

> "દુહઓ વિ તે ણ ભાસંતિ અત્થિ વા નત્થિ વા પુણો,
> આયં રયસ્સ હેચ્ચાણં નિવ્વાણં પાઉણંતિ તે. (૨૧)
>
> ઇતિ શ્રી સૂયગડાંગ અગિયારમા અધ્યયન મધ્યે."

અર્થ : આવા દાનમાં પુણ્ય છે, આવા દાનમાં પુણ્ય નથી એવી બન્ને પ્રકારની ભાષા બોલે નહીં. આમ બોલવાથી કર્મરૂપ રજ આવે એમ જાણીને તે સાધુ મૌન રહે તો નિર્વાણ પ્રાપ્ત કરે.

"તથા કેતલાએક ઇમ કહઇ છઇ જે 'સાધુ ચારિત્રીઉ ધર્મનઇ સ્થાનકઇં. તથા સમ્યક્ત્વનઇ કારણઇં જિહાં આરંભ હુઇ તિહાં ઉપદેશ દિઇ, પણિ આદેશ ન દિઇ, લાભ દેખાડઇ પણિ કરાવઇ નહીં. તથા એણઇ દાનનઇ અધિકારઇ તુ શ્રી વીતરાગઇ ઇમ કહિઉં જે સાધુ ચારિત્રીઉ અણબોલિઉ રહઇ. હવઇ જે ડાહ્યુ હુઇ તે વિચારી જોજ્યો."

વિવરણ : કેટલાક લોકો એમ કહે છે કે સાધુ ચારિત્રવાન ધર્મના સ્થાનકમાં અને સમ્કત્વ તેને હોવાથી તે કારણે જ્યાં આરંભની ક્રિયા કરવાની હોય ત્યાં ઉપદેશ તે ક્રિયાનો આપી શકે પણ પોતે આદેશ આપી શકે નહીં. તે ક્રિયાનો લાભ દેખાડે પણ તે ક્રિયા કરાવે નહીં. આ દાનના અધિકારમાં ઉપરની જે ગાથાઓ કહી છે તેમાં શ્રી વીતરાગદેવે એમ કહ્યું છે કે ચારિત્રવાન સાધુ મૌન રહે. હવે જે ડાહ્યા હોય તે વિચારી જોજો.

> "તે ણેવ કુવ્વંતિ ણ કારવંત ભૂતાહિંસં કાએ દુગંછમાણો,
> સયા જણા વિપ્પણમંતિ ધીરા વિનત્તિ ધીરા ય હવંતિ એગે. (૧)
>
> ડહરે ય પાણે વઇઢે અ પાણે, તે આયઉ પાસંતિ સવ્વલોએ,
> ઉવહેતી લોગમિણં મહંતં, બુદ્ધપ્પમત્તેસુ પરિવ્વએજ્જા. (૨)
>
> ઇતિ શ્રી સૂયગડાંગ અધ્યયન બારમઇ."

અર્થ : ભૂત એટલે પ્રાણી તેની હિંસાની શંકાએ દુગંછીત એટલે પ્રાણીની હિંસાને નિંદતા થકા સાધુ સાવદ્ય અનુષ્ઠાનરૂપ પોતે હિંસા કરે નહીં અને અન્ય પાસે હિંસા કરાવે નહીં. સંયમને વિષે સદાકાળ યત્નવંત એટલે પાપથી નિવર્તે, સંયમને વિષે નમ્ર હોય, વિનયવંત હોય એવા ધૈર્યવંત સુભટ છે

અને પરિસહથી હટાય નહીં માટે વીર છે. નાના બીજા જીવ હોય યા વૃદ્ધ, મોટા જીવ હોય તે બધાને સાધુ આ લોકમાં પોતાના આત્મા સમાન દેખે.

"ઉડ્ઢં અહે અ તિરિઅં દિસાસુ, તસા ય જે અ પાણા,
સયા જએ તેસુ પરિવ્વએજ્જા, મણપ્પઓસં અવિકંપમાણે. (૧)
ઇતિ શ્રીસૂયગડાંગ અધ્યયનચઉદમઇ."

અર્થ : ઊંચી, નીચી, તીરછી દિશામાં એટલે સર્વ લોકમાં ત્રસ અને સ્થાવર જે જીવો છે તેને સર્વ કાળ રક્ષા કરતો, સંયમ પાળતો વિચરે, તેને વિષે મનથી પણ શુદ્ધ સંયમમાં અડોલ, નિશ્ચલ રહી દ્વેષ ન કરે.

"ભૂએહિં ન વિરુજ્ઝેજ્જા એસ ધમ્મે બુસીમઉ,
સાહૂ જગપરિન્નાય અસ્સિં જીવિતભાવણા. (૧)
ઇતિ શ્રી સૂયગડાંગ અધ્યયન પનરમઇ. એઉ સત્તાવીસમુ બોલ."

અર્થ : ત્રસ અને સ્થાવર જે ભૂતો એટલે પ્રાણી સાથે વિરોધ ન કરે, પ્રાણી માત્રને હણે નહીં એવો ધર્મ સંયમવંતનો જાણવો. સાધુ સર્વ લોકમાં ત્રસ અને સ્થાવર જીવોને રૂડી પેરે જાણીને શુદ્ધ ધર્મને વિષે ભાવના ભાવે. આ સુડતાલીસમો બોલ પૂરો.

૪૮.

પૂર્વભૂમિકા : 'આરંભ પરિગ્રહ પાડુઆ જાણઇ તુ ધર્મ લહઇ' એ નામે અડતાલીસમા બોલનું છે.

આરંભ અને પરિગ્રહ એ અનર્થનાં કારણ છે એમ જો જીવ સમજે તો કેવળી પરૂપેલ ધર્મરૂપ સમકિતરૂપ બોધબીજ તે જીવ લાભે, પામે છે એમ ઠાણાંગસૂત્રનો

પૂર્વભૂમિકા : 'કેવળીની ભાષા સંબંધી' એ બાવનમા બોલનું નામ છે. શ્રીભગવતીજી સૂત્રનો આધાર [illegible] કેવલી ભગવાન પાપ વિનાની અને બીજાને ઉપઘાત ન કરે તેવી નિરવદ્ય ભાષા બોલે. શ્રી વીતરાગ પ્રભુ નિરવદ્ય ઉપદેશ આપે પણ પ્રતિમા, પ્રસાદ, પૂજાનો પાપકારી ઉપદેશ આપે નહીં.

"હવઈ બાવનમુ બોલ લિખીઇ છઈ. તથા કેવલી કેહવી ભાષા બોલઈ તે લિખીઇ છઈ. 'રાયગિહે જાવ એવં વયાસિ. અન્નઉત્થિયાણં ભંતે એવં આઇક્ખંતિ. જાવ પરૂવેંતિ. એવં ખલુ કેવલી જક્ખાએસેણં આતિક્ખંતિ. એવં ખલુ કેવલી જક્ખાએસેણં આતિટ્ઠે સમાણે આહચ્ચ દો ભાસાઓ ભાસતિ. તં. મોસં વા. સચ્ચામોસં વા. સે કહમેયં ભંતે. એવં. ગો. જણ્ણં તે અણ્ણઉત્થિયા જાવ જે તે એવમાહંસુ મિચ્છં તે એવમાહંસુ. અહં પુણ ગોયમા એવમાઇક્ખામિ. નો ખલુ કેવલી જક્ખાએસેણં આઇસ્સંતિ. નો ખલુ કેવલી જક્ખાએસેણં આતિટ્ઠે સમાણે આહચ્ચ દો ભાસાઓ ભાસંતિ. તં. મોસં વા. સચ્ચામોસં વા. કેવલી ણં અસાવજ્જાઓ અપરોવઘાઈઆઓ આહચ્ચ દો ભાસાઓ ભાસંતિ. સચ્ચં વા. અસચ્ચામોસં વા.' ઇતિ શ્રીભગવતી અઢારમા શતકનું સાતમા ઉદ્દેસાનઇ વિષઇ. એહ બાવનમું બોલ."

વિવરણ : હવે બાવનમો બોલ લખીએ છીએ. કેવલી ભગવાન કેવા ભાષા બોલે તે લખીએ છીએ. 'રાજગ્રહી' નગરીમાં ભગવાન ગૌતમ સ્વામી યાવત્ આ પ્રમાણે બોલ્યા : હે ભગવાન, અન્ય તીર્થિકો આ પ્રમાણે કહે છે યાવત્ પરૂપે છે કે એ પ્રમાણે કેવલી ભગવાન યક્ષના આવેશથી આવિષ્ટ થઈને કદાચિત બે ભાષા બોલે છે તે આ પ્રમાણે : (૧) મૃષા ભાષા અને (૨) સત્ય મૃષા (મિશ્ર ભાષા). તો હે ભગવાન, એ પ્રમાણે કેમ હોઈ શકે? ભગવાન ઉત્તર આપે છે કે હે ગૌતમ, અન્ય તીર્થિકોએ યાવત્ એમ જે કહ્યું છે તે અસત્ય કહ્યું છે. હે ગૌતમ, હું એમ કહું છું યાવત પરૂપું છું કે એ પ્રમાણે કેવળીજ્ઞાની યક્ષના આવેશથી આવિષ્ટ થતા નથી અને યક્ષના આવેશથી આવિષ્ટ થઈને કેવલી બે ભાષા અસત્ય અને સત્યાસત્ય—મિશ્ર ભાષા—બોલતા પણ નથી. કેવલી તો પાપ વિનાના અને બીજાને ઉપઘાત ન કરે તેવી બે ભાષા બોલે છે. તે બે ભાષાઓ આ પ્રમાણે છે : (૧) સત્ય અને (૨) અસત્યમૃષા, એટલે સત્ય પણ નહીં અને અસત્ય પણ નહીં, એવી ભાષા તે વ્યવહાર ભાષા. (ભગવતીસૂત્ર : શતક ૧૮, ઉદ્દેશ ૭)

૫૪.

પૂર્વભૂમિકા : 'તીર્થયાત્રા આલંબન' એ ચેપનમા બોલનું નામ છે. આ બોલમાં શ્રી ભગવતીજી વગેરે સૂત્રોના જુદા જુદા આધારો સાથે શ્રી લોંકાશાહ એમ બતાવે છે કે તીર્થ, યાત્રા અવલંબન આવશ્યકાદિ ગુણરૂપ છે (એમ) સમજાવવામાં આવે છે.

"હવઈ ચેપનમૂ બોલ લિખીઈ છઈ. તથા શ્રીવીતરાગઈ જે તીર્થ કહિઉં. તથા જે આલંબન કહિયાં. તથા યાત્રા કહી. તે લિખીઈ છઈ. 'તિત્થં ભંતે તિત્થં. તિત્થંકરે તિત્થં'. ગો. અરહા તાવ નિયમા તિત્થંકરે. તિત્થં પુણ ચાઉવ્વણ્ણાઇન્ને સંઘે. તં જહા. સમણા. સમણીઓ. સાવયા. સાવિયાઓ.' ઇતિ શ્રી ભગવતી વીસમા શતકના આઠમા ઉદ્દેશાનઈ વિષઈ."

અર્થ : હવે ચેપનમો બોલ લખીએ છીએ. શ્રી વીતરાગદેવે જે તીર્થ કહ્યું તથા જે આલંબન કહ્યાં તથા યાત્રા કહી તે લખીએ છીએ. હે ભગવાન, તીર્થ એ તીર્થ છે કે તીર્થંકર તીર્થ છે? હે, ગૌતમ, અરિહંત ભગવાન તો અવશ્ય તીર્થ છે જ. ચાર પ્રકારના શ્રમણ પ્રધાન સંઘ (૧) સાધુ (૨) સાધ્વી (૩) શ્રાવક અને (૪) શ્રાવિકા તે તીર્થરૂપ છે. (ભગવતીસૂત્ર : શતક ૨૦, ઉદ્દેશ ૮)

"ધમ્મસ્સ ણં ઝાણસ્સ ચત્તારિ આલંબણા. પન્નત્તા તં જહા. વાયણા. પડિપુચ્છણા. પરિયટ્ટણા. ધમ્મકહા ઇતિ શ્રીભગવતીશતક ૨૫ ઉદ્દેસૂ સાતમૂ તે વિષઇ."

અર્થ : ધર્મધ્યાનનાં ચાર આલંબન છે : (૧) વાચના (૨) પ્રતિપૃચ્છના (૩) પુનરાવર્તન કરવું (૪) ધર્મકથા કરવી. (ભગવતીસૂત્ર : શતક ૨૫, ઉદ્દેશ ૭)

ભાવાર્થ : પ્રતિમા અવલંબન નથી એમ શ્રી લોંકાશાહ બતાવવા માગે છે.

"શ્રી મહાવીરઈ સોમિલબ્રાહ્મણનઈ જે યાત્રા કહી તે લિખીઇ છઇ. 'કઇણં ભંતે જત્તા. સોમિલા જં મે તવનિયમસંજમસજ્ઝાયજ્ઝાણાવસ્સગમાદીએસુ જોએસુ જયણા સે તં જત્તા.' ઇતિ શ્રીભગવતીશતક ૧૮ ઉદ્દેસુ દસમુ."

અર્થ : શ્રી મહાવીર ભગવાને સોમિલ બ્રાહ્મણને યાત્રા વિષે કહ્યું તે લખીએ છીએ. સોમિલ બ્રાહ્મણ શ્રી મહાવીરદેવને પ્રશ્ન પૂછે છે : હે ભગવાન, તમારે મતે યાત્રા શું છે? શ્રી મહાવીર સોમિલને ઉત્તર આપે છે કે હે સોમિલ! તપ, નિયમ સ્વાધ્યાય, ધ્યાન અને આવશ્યક આદિ યોગો જે મારી યતના પ્રવૃત્તિ છે તે મારી યાત્રા છે.

૫૪.

પૂર્વભૂમિકા : 'ફૂલના જીવ' એ ચોપનમા બોલનું નામ છે. આ બોલમાં શ્રી લોંકાશાહ એમ બતાવે છે કે ફૂલમાં જીવ છે અને ફૂલથી પૂજા કરવાથી પાપ લાગે છે.

"હવઇ ચઉપનમુ બોલ લિખીઇ છઇ. તથા ફૂલમાહિં જે જીવ શ્રીવીતરાગે કહિઆ તે લિખાઇ છઇ.

પુપ્ફા જલયા ય થલયા બિંટબદ્ધા ય ણાલબદ્ધા ય,
સંખેજ્જમસંખેજ્જા બોધવ્વણંતજીવા ય. (૧)
જે કેઇ નાલિઆબદ્ધા, પુપ્ફા સંખિજ્જજીવિઆભણિઆ,
નિહુઆ અણંતજીવા, જે અ વણ્ણે તહાવિહા. (૨)

પુપ્ફરુહં કાલિંગં તુંબં તંત એલવાલુંકં,
ઘોસાડયં પંડોલ, તિંદુગં ચેવ તેંદુસં (૩)
બિંટં મંસં કડાહે એયાઈ હવંતિ એગજીવસ્સ,
પત્તેયં પત્તીઈસ, કેસર સકેસરમિંજા (૪)

એહ ચઉપનમુ બોલ."

વિવરણ : હવે ચોપનમો બોલ લખાએ છીએ. ફૂલમાં શ્રી વીતરાગદેવે જીવ કહ્યા છે તે લખાએ છીએ. ફૂલના જીવ ચાર પ્રકારના કહ્યા છે. જલયા એટલે પાણીમાં ઉત્પન્ન થાય તેવાં ફૂલ : કમલ આદિ. થલયા એટલે પૃથ્વી ઉપર, જમીન ઉપર ઉત્પન્ન થાય તેવાં ફૂલ : ચંપક આદિ. આ બન્નેના પણ બે ભેદ : બીટવાળા ફૂલ અને નાલિબદ્ધ ફૂલ. એ પ્રમાણે ચાર ભેદ થયા. આ ફૂલોમાં સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા જીવો હોય છે. જાઈ, જૂઈ આદિ નાલિબદ્ધ ફૂલોમાં અસંખ્યાતા જીવો જાણવા. અને સ્નિગ્ધ ફૂલોમાં અનંતા જીવ જાણવા. પદ્મિનીકંદ, અંતરકંદ, જલ્લકાર એ બધામાં અનંતા જીવ જાણવા. એના મૃણાલમાં એક જીવ જાણવા. પઉલીકંદ, લહુમન-કંદ, કુટંબ વનસ્પતિ એ બધામાં પ્રત્યેક જીવ જાણવા. આ પ્રકારની અન્ય વનસ્પતિમાં પણ એ પ્રકારે જાણવું. પદ્મ, ઉત્પલ, નલિન, સુભગ સૌગંધિક, પૌંડરિક, અરવિંદ, કોકનદ, શતપત્ર, સહસ્રપત્ર એ બધી કમલની જાતિ છે. એના બીટમાં નીચે કર્ણિકાના પત્રના આધારભૂત એક જીવ છે. અંદરની પાંખડીઓમાં કેસરની વચ્ચેની મીંજમાં પ્રત્યેક જીવ જાણવા.

૫૫.

પૂર્વભૂમિકા : 'શુચિના ઉત્તર શુચિધર્મના ઉત્તર' એ પંચાવનમા બોલનું નામ છે. આ બોલમાં શ્રી લોંકાશાહ, શાસ્ત્રોના આધાર બતાવી એમ સમજાવે છે કે

હિંસા આદિ કાર્યોથી શુદ્ધિ થતી નથી અને એવાં શુદ્ધિનાં કાર્યો એ ધર્મકર્તવ્ય ગણાય નહીં.

"હવઇ પંચાવનમું બોલ લિખીઇ છઇ. તથા કેતલાએક ઇમ કહઇ છઈ ધર્મ-કર્ત્તવ્ય કીધું ઘટઈ નહીં. તે ઉપરિ લિખીઇ છઇ. 'તએ ણં થાવચ્ચાપુત્તે સુદંસણં એવં વયાસી. તુજ્ઝ ણં સુદસણા. કિંમૂલએ ધમ્મે પણ્ણત્તે. અમ્હાણં દેવાણુપ્પિયા સોઅમૂલધમ્મે પણ્ણત્તે. જાવ સગ્ગં ગચ્છંતિ. તએ ણં થાવચ્ચાપુત્તે સુદંસણં તં એવં વયાસી. સુદંસણા સે જહાણામએ કેઇ પુરિસે એગં મહં રુહિરકયં વત્થં રુહિરેણ ચેવ ધોએજ્જા. તએ ણં સુદંસણા તસ્સ રુહિરકયસ્સ વત્થસ્સ રુહિરેણ ચેવ પક્ખાલિજ્જમાણસ્સ અત્થિ કાય સોહી. ણો તિણટ્ઠે. સમટ્ઠે. એવામેવ સુદંસણા તુજ્ઝં પિ પાણાતિવાએણં જાવ મિચ્છાદસણસલ્લેણં નત્થિ સોહી. જહા તસ્સ રુહિરકયસ્સ વત્થસ્સ રુહિરેણ ચેવ પક્ખાલિજ્જમાણસ્સ ણ ત્થ સોહી.' ઇતિ શ્રીજ્ઞાતાધર્મકથાંગે પાંચમાધ્યયને.

'તએ ણં મલ્લી વિ ચોક્ખં પરિવ્વાઇયં એવં વયાસી. તુબ્ભણ્ણં ચોકિખ કિં મૂલધમ્મે. પન્નતે. તએ ણં સા ચોકિખ પરિવ્વાઇઆ મલ્લિ વિ એવં વયાસી. અમ્હાણં દેવાણુપ્પિએ સોઅમૂલધમ્મે. પન્નત્તે. જણ્ણં અમ્હં કિંચિ અસુઇ ભવતિ. તણ્ણં ઉવએણ મટ્ટિયાએ જાવ અવિગ્ઘેણં સિગ્ઘં ગચ્છામો. તએ ણં મલ્લી વિ ચોક્ખં પરિવ્વાયગં એવં વયાસી. ચોકખં સે જહાણામએ કેઇ પુરિસે રુહિરકય વત્થં રુહિરેણ ચેવ ધોવેજ્જા. અત્થિ ણં ચોક્ખી. તસ્સ રુહિરકયસ્સ વત્થસ્સ રુહિરેણ ધોવમાણસ્સ કાઈ સોહી. નો ઇણટ્ઠે સમટ્ઠે. એવામેવ ચોક્ખી તુબ્ભણ્ણં પાણાઇવાએણં જાવ મિચ્છાદંસણસલ્લેણં ણત્થિ કાય સોહિ.' ઇતિ શ્રીજ્ઞાતાધર્મકથાંગે અધ્યયન આઠમઇ. એહ પંચાવનમુ બોલ."

વિવરણ : હવે પંચાવનમો બોલ લખીએ છીએ. શ્રી લોંકાશાહ એમ કહે છે કે કેટલાકને મતે ધર્મકર્તવ્ય કરવામાં હિંસા વગેરે આશ્રવકારી કાર્ય કરીએ તો ધર્મકર્તવ્ય કર્યું ગણાય. તેના જવાબમાં શ્રી લોંકાશાહ એમ બતાવે છે કે એથી ધર્મકર્તવ્ય ઘટાવી શકાય નહીં, મનાવી શકાય નહીં. તેના આધારમાં સૂત્રના પાઠ લખીએ છીએ.

ત્યારે થાવચ્ચાપુત્ર અણગારે સુદર્શનને પૂછ્યું કે હે સુદર્શન, તમારા મતમાં ધર્મનું મૂળ ક્યાં છે? સુદર્શને થાવચ્ચાપુત્ર અણગારને જવાબ આપ્યો કે અહો દેવાનુપ્રિય, અમારા મતમાં શુચિ મૂળ ધર્મ છે. યાવત્ આ રીતે શુચિ

ઉપયોગ વગર ... છે. ત્યારે ... અનુસાર દર્શનને કહેવા લાગ્યા કે અહો શ્રાદ્ધજન, તમે કોઈ પુરુષ લોહીથી ખરડેલું વસ્ત્ર લોહીથી ધુએ તો લોહીથી ખરડેલા વસ્ત્રની શુદ્ધિ થાય ખરી? આ અર્થ યોગ્ય નથી. કારણ કે આ રીતથી શુદ્ધિ થતી નથી. એવી રીતે લોહીવાળા વસ્ત્રની શુદ્ધિ લોહીથી ધોવાથી થતી નથી. એવી રીતે તમારા મતમાં પ્રાણાતિપાત ક્રિયા યાવત્ મિથ્યાદર્શન શલ્યના સેવનથી આત્માની શુદ્ધિ કોઈ પ્રકારે થઈ શકતી નથી.

થાવચ્ચાપુત્રે સોમા સુદર્શનને એમ પૂછ્યું કે અહો સોમા, તમારા ધર્મનું મૂળ શું છે? એટલે સુદર્શને જવાબ આપ્યો કે અમારા ધર્મનું મૂળ શુદ્ધિ છે અથવા કોઈ વસ્તુમાં કોઈ વસ્તુની અશુદ્ધિ હોય તો પાણી માટીથી સાફ કરી શુદ્ધિ કરી અને સ્વર્ગમાં જાય છે. ત્યારે થાવચ્ચાપુત્રે એમ પૂછ્યું કે અહો સોમા, જેમ કોઈ પુરુષ લોહીથી ખરડેલ વસ્ત્રને લોહીથી ધુએ તો તે વસ્ત્રની શુદ્ધિ થાય? આ અર્થ બરાબર નથી. એટલે કે શુદ્ધિ થતી નથી. જેમ લોહીવાળા વસ્ત્રને લોહીથી ધોવાથી વસ્ત્રની શુદ્ધિ થતી નથી. એમ, તેમ તમારા મતમાં પ્રાણાતિપાત ક્રિયા વગેરે યાવત્ મિથ્યાદર્શન શલ્યના સેવનથી કોઈ પ્રકારે આત્માની શુદ્ધિ થતી નથી.

૫૬.

પૂર્વભૂમિકા : 'યક્ષનાં દેહરાં ઘણાં છઈ' એ છપ્પનમા બોલનું નામ છે. શ્રી લોંકાશાહ જુદાં જુદાં આગમશાસ્ત્રોના દાખલા ટાંકીને બતાવે છે કે જુદાં જુદાં શહેરોમાં યક્ષનાં મંદિર હતાં અને યક્ષનાં મંદિરમાં શ્રી ભગવાન મહાવીર બિરાજતા હતા. પણ શાસ્ત્રોમાં એક પણ દાખલો નથી કે જૈન મંદિર તે કાળે કોઈ શહેરમાં હતું.

"છપ્પનમું બોલ લિખાઇ છઇ. તથા શ્રી સિદ્ધાંતમાહિં ઘણે ઠામઇ યક્ષનાં

ઈશાન દિશામાં [illegible]

'તસ્સ ણં [illegible]
હોત્થા. [illegible]
[illegible] અધ્યયને.

અર્થ : [illegible] નગરીમાં [illegible] નામના યક્ષનું મંદિર હતું.

'તેણં કાલેણં તેણં સમએણં મિયગામે ણામં ણયરે હોત્થા. વણ્ણઓ. તસ્સ મિયગામસ્સ મિયગામણયરસ્સ બહિયા ઉત્તરપુરત્થિમે દિસીભાએ ચંદણપાયવે ણામં ઉજ્જાણે હોત્થા. સવ્વોઉય વણ્ણઓ. તત્થ ણં સુહમ્મસ્સ જક્ખસ્સ જક્ખાયયણે હોત્થા. ચિરાઈએ. જહા પુણ્ણભદ્દે.' ઇતિ શ્રીવિપાકપ્રથમાધ્યયને.

અર્થ : મિયગામ નગરમાં સુધર્મ યક્ષનું મંદિર હતું.

'તેણં કાલેણં તેણં સમએણં વાણિયગ્ગામં ણયરે હોત્થા. તસ્સ ણં વાણિયગ્ગામણયરસ્સ ઉત્તરપુરત્થિમે દિસીભાએ દૂતિપલાસે ણામં ઉજ્જાણે હોત્થા. તસ્સ ણં દૂઇપલાસે સુહમ્મસ્સ જક્ખસ્સ જક્ખાયયણે હોત્થા.' ઇતિ શ્રીવિપાકે દ્વિતીયાધ્યયને.

અર્થ : તે કાળે, તે સમયે વાણિજ્યગ્રામ નગરી હતી. તે વાણિજ્યગ્રામ નગરીની બહાર ઉત્તરપૂર્વ દિશાએ ઈશાનકોણમાં દૂતીપલાશ ઉદ્યાન હતું. તે દૂતીપલાશ ઉદ્યાનમાં સુધર્મ નામના વ્યંતર દેવતાનું મંદિર હતું.

'તેણં કાલેણં તેણં સમએણં પુરિમતાલે ણામં ણગરે હોત્થા. જાવ પચ્છિમદિસી એત્થ ણં. અમોહદંસી ઉજ્જાણે. તત્થ અમોહદંસિસ્સ જક્ખાયયણે હોત્થા.' ઇતિ શ્રીવિપાકે તૃતીયાધ્યયને.

અર્થ : તે કાળે, તે સમયે પુરિમતાલ નામનું નગર હતું. તે પુરિમતાલ નગરના ઈશાન કોણમાં અમોઘદર્શી નામનો બગીચો હતો. તે બગીચામાં અમોઘદર્શી નામના યક્ષનું મંદિર હતું.

'તેણં કાલેણં તેણં સમએણં સાહંજણી ણામં ણયરે હોત્થા. રિદ્ધિ ત્થિમિતા. તેસં ણં સાહંજણી બહિઆ ઉત્તરપુરત્થિમે દિસીભાએ. દેવરમણે ણામં ઉજ્જાણે હોત્થા. તત્થ ણં આમાહત્થસ્સ જક્ખસ્સ જક્ખયયણે હોત્થા.' ઇતિ શ્રીવિપાકે ચતુર્થાધ્યયને.

અર્થ : તે કાળે, સમયે શોભાંજની નામની નગરી હતી. તે રિદ્ધિસહિત હતી. તે શોભાંજની નગરીની બહાર ઈશાન કોણમાં દેવરમણ નામનું ઉદ્યાન હતું. તે બગીચામાં અમોઘ નામના યક્ષનું મંદિર હતું.

'તેણં કાલેણં સમએણં કોસંખી ણામં ણયરી હોત્થા. રિદ્ધિત્થિમિતા બાહિં ચંદોતરણા સિતભદ્દે જક્ખે. તત્થ ણં કોસંબીણયરીએ.' ઈતિ શ્રીવિપાકે પંચમાધ્યયને.

અર્થ : તે કાળે, સમયે કૌશાંબી નામની નગરી હતી. તે રિદ્ધિસિદ્ધિ સહિત હતી. તેના બહાર ચંદોત્તરણ નામનો બગીચો હતો તે બગીચામાં શ્વેતભદ્ર નામનો યક્ષ હતો વગેરે.

'તેણં કાલેણં તેણં સમએણં મહુરા ણગરી ભંડીરે ઉજ્જાણે. સુદરિસણે જક્ખ.' ઈતિ શ્રીવિપાકે ષષ્ઠાધ્યયને.

અર્થ : તે કાળે, તે સમયે મથુરા નામની નગરી હતી. તે નગરીમાં ભંડીર નામનો બગીચો હતો. તે બગીચામાં સુદર્શન નામનો યક્ષ હતો.

'તેણં કાલેણં તેણં સમએણં પાડલિસંગણગરે વાણસંડ ઉજ્જાણે ઉંબર જક્ખે.' ઈતિ શ્રીવિપાકે સપ્તમાધ્યયને.

અર્થ : તે કાળે, તે સમયે પાટલીખંડ નામની નગરી હતી. તેમાં વનખંડ બગીચો હતો. તે બગીચામાં ઉદુંબરદત્ત નામના યક્ષનું સ્થાન હતું.

'તેણં કાલેણં તેણં સમએણં સોરિઅપુરં ણગરં. સોરિઅવડસંગઉજ્જાણં સોરિઅજક્ખો.' ઈતિ શ્રીવિપાકે અષ્ટમાધ્યયને.

અર્થ : તે કાળે, તે સમયે શોભિતપુર નામની નગરી હતી. તેમાં શોભિતવનખંડ નામનું ઉદ્યાન હતું. એ ઉદ્યાનમાં શોભિત નામના યક્ષનું સ્થાન હતું.

'તેણં કાલેણં તેણં સમએણં રોહિએ ણામં ણગરે હોત્થા. રિદ્ધિત્થમિતા: પુઢવીવડીસએ ઉજ્જાણે. ધરણજક્ખો.' ઈતિ શ્રીવિપાકે નવમાધ્યયને.

અર્થ : તે કાળે, તે સમયે રોહિતક નામની નગરી હતી. તે નગરે રિદ્ધિસિદ્ધિ હતી. તેમાં પૃથ્વીખંડીસ નામનું ઉદ્યાન હતું. તેમાં ધરણ નામના યક્ષનું સ્થાન હતું.

અર્થ : તે કાળે, તે સમયે વર્ધમાનપુર નગર હતું. તે નગરમાં વિજયવર્ધમાન નામનું ઉદ્યાન હતું. તેમાં માણિભદ્ર નામના યક્ષનું સ્થાન હતું. તે હસ્તીશીર્ષ નગરની બહાર ઉત્તરપૂર્વ, ઈશાન દિશામાં પુષ્પકરંડક નામનો બાગીચો હતો. તે બાગીચામાં કૃતવનમાલપ્રિય યક્ષનું મંદિર હતું.

'તેણં કાલેણં તેણં સમએણં. ઉસભપુરે થૂભકરંડે ઉજ્જાણે ધરણો જક્ખો.' ઇતિ શ્રીવિપાકે પ્રથમાધ્યયને. 'સોગંધિઆ ણગરી નીલાસોગઉજ્જાણે સુકાલો જક્ખો.' ઇતિ શ્રીવિપાકમધ્યે.

અર્થ : તે કાળે, તે સમયે ઋષભપુરનગરમાં સ્તુપકરંડક બાગીચામાં ધન્ય (ધરણ) યક્ષનું મંદિર હતું. સૌગંધિકનગરી, નીલાશોક બાગીચો, સુકાલયક્ષ.

'તેણં કાલેણં તેણં સમએણં, કણગપુરં ણગરં. સેતાસોઅ ઉજ્જાણે વીરભદ્દો જક્ખો.' ઇતિ શ્રીવિપાકમધ્યે.

અર્થ : તે કાળે, તે સમયે કનકપુર નામનું નગર હતું. તેમાં શ્વેતાશોક બાગીચો હતો. તેમાં વીરભદ્ર યક્ષનું સ્થાન હતું.

'સુઘોસં ણગરં. દેવમણં ઉજ્જાણં. વીરસેણે જક્ખો.' ઇતિ શ્રીવિપાકમધ્યે. 'તેણં કાલેણં તેણં સમએણં. સાએ ણગરે હોત્થા. ઉત્તરકુરુઉજ્જાણે પાસમિઅજક્ખો." ઇતિ શ્રીવિપાકમધ્યે. એહ છપ્પનમુ બોલ.'

અર્થ : સુઘોષનગરમાં દેવરમણ ઉદ્યાન, વીરસેન યક્ષનું સ્થાન. તે કાળે, તે સમયે સાકેતનગર (અયોધ્યા) હતું. તેમાં ઉત્તરકુરુ બગીચો હતો. તેમાં પાર્શ્વમૃગ યક્ષનું સ્થાન હતું. આ છપ્પનમો બોલ પૂરો.

ભાવાર્થ : વિપાકસૂત્રનાં સંખ્યાબંધ અધ્યયનોમાંથી આધારો લઇને શ્રી લોંકાશાહ એમ બતાવે છે કે જુદાં જુદાં શહેરોમાં જુદા જુદા યક્ષોનાં મંદિરો હતાં. અને ત્યાં ભગવાન મહાવીર સ્વામી બિરાજતા હતા. પરંતુ કોઈ શહેરમાં જિન

તીર્થંકરના મંદિર હતાં અને તો શાશ્વત ભગવાન બિરાજતા જેવા એમ શાસ્ત્રમાં વર્ણન કર્યું નથી. એ તે વાપરે ઊંડે મંત્રમાં જિન તીર્થંકરનું મંદિર જેમ તે ભગવાન મહાવીર તે જિનમંદિરમાં અવશ્ય બિરાજ્યા હોવા જોઈએ નહીં. અને વર્ણન ગ્રંથમાં અવશ્ય કરવામાં આવે છે.

૫૭.

પૂર્વભૂમિકા : 'વૃત્તિચૂર્ણિનો અધિકાર' એ સત્તાવનમા બોલનું નામ છે. કેટલાક પ્રતિમા પૂજનારા એમ કહે છે કે અમારે વૃત્તિ, ચૂર્ણિ, નિર્યુક્તિ, ભાષ્ય એ બધા ગ્રંથો માન્ય છે. શ્રી લોંકાશાહ એમ માનતા કે આગમશાસ્ત્રોમાં જે નિયમો બતાવ્યા છે તે નિયમોની વિરુદ્ધમાં વૃત્તિ, ચૂર્ણિ, નિર્યુક્તિ ભાષ્યના ગ્રંથોમાં પ્રરૂપણા કરવામાં આવેલ છે. આગમ શાસ્ત્રોના અર્થ સમજવાની તક લઈને પ્રતિમા, મંદિર, પૂજાની પ્રરૂપણા શ્રી મહાવીર ભગવાન પછીના આચાર્યોએ વૃત્તિ, ચૂર્ણિ, નિર્યુક્તિ, ભાષ્ય ટીકા વગેરેના ગ્રંથોમાં નવીન રીતે દાખલ કરી દીધી છે. તેથી તે ગ્રંથો માન્ય રાખી શકાય નહીં. આ ગ્રંથોમાંથી દાખલા આ બોલમાં ટાંકવામાં આવ્યા છે.

"હવઈ સત્તાવનમું બોલ લિખીઇ છઈ. તથા કેતલાએક ઇમ કહઈ છઈ જે 'અમ્હારઈ વૃત્તિ ટીકા ચૂર્ણિ નિર્યુક્તિ ભાષ્ય સહૂ પ્રમાણ.' તે કહું છુઈ તે વિચારી જોજ્યો. જે શ્રીસિદ્ધાંતનઈ મિલઈ તે પ્રમાણ, અનઈ જે સિદ્ધાંત વિરુદ્ધ હુઇ તે કિમ પ્રમાણ થાઇ! વૃત્તિ ટીકાદિક એહના અધિકાર છઈ તે લિખીઇ છઇ જે 'સાધુ સાધ્વીઓ ઋતુવંતીનાં કટક ચૂરણ કરઇ.' ઉત્તરાધ્યયનની વૃત્તિ સુખબોધ મધ્યે."

વિવરણ : હવે સત્તાવનમો બોલ લખીએ છીએ. કેટલાક લોકો એમ કહે છે કે અમારે વૃત્તિ, ટીકા, ચૂર્ણિ, નિર્યુક્તિ, ભાષ્ય એ બધું પ્રમાણ, માન્ય છે.

શ્રી લોંકાશાહ કહે છે કે ડાહ્યા હોય તે વિચારી જુઓ. આગમશાસ્ત્રોમાં લખ્યું છે તે તો અમને માન્ય છે. તે વિષે કાંઈ મતભેદ નથી. પણ આગમોમાં કહેલાં તત્ત્વો વિરુદ્ધમાં જે આ ગ્રંથોમાં લખ્યું હોય તે કેમ કબૂલ રાખી શકાય? વૃત્તિ ટીકામાં એવા અધિકાર છે તે લખું છું. શ્રી ઉત્તરાધ્યયનની વૃત્તિ ચૂર્ણિમાં એમ લખ્યું છે કે ચારિત્રવાન સાધુ ચક્રવર્તીની સેનાનો નાશ કરી શકે.

ટીકાર્થ : આગમોના સિદ્ધાંતોમાં ચારિત્રવાન સાધુ ચક્રવર્તીની સેનાને હરાવી શકે એવી ક્યાંય પરૂપણા કરી નથી. સાધુઓ અહિંસા મહાવ્રતને વર્યા હોય છે, તેમણે હિંસાથી કોઈનો નાશ કરવાનો હોય નહીં. ચક્રવર્તીની સેના તો મહાન, બળવાન હોય એમ શાસ્ત્રોમાં લખ્યું છે. આવા સૈન્યનો નાશ ચારિત્રવાન સાધુ કરી શકે એવી પરૂપણા સાધુના મહાવ્રતની વિરુદ્ધ જાય છે. આવી શક્તિનું તેનામાં આરોપણ કરવું એ તેની મહત્તાનું અપમાન કરવા બરાબર છે. મિથ્યાત્વીઓનાં શાસ્ત્રોમાં તેમના દેવની શક્તિ વિશ્વનો નાશ કરવા જેટલી છે એવું પ્રમાણ બતાવ્યું છે તેનું અનુકરણ આ ગ્રંથોમાં કરીને સાધુની શક્તિનું વર્ણન થયેલું દેખાય છે. પરિણામે સાધુને ઉચ્ચ સ્થાનેથી રાગદ્વેષવાળા જીવ તરીકે ઉતારી પાડીએ છીએ.

"તથા ચારિત્રીઓ પંચકમાહિ કાલ કરઇ તુ ડાભનાં પૂતલાં કરવાં કહ્યાં છઇ તે લિખીઇ છઇ. 'દુન્નિ અ દિવડ્ઢખિત્તે દબ્ભમયા પુતલા ય કાયવ્વા. સમખિત્તંમિ અ ઇક્કો. અવડ્ઢ અભિઇ ન કાયવ્વો. આવસ્યકનિર્યુક્તિ પારિઠાવણિઆસમિતિમાહિ. તથા બૃહત્કલ્પની વૃત્તિમધ્યે પણિ પૂતલાં કરવાં કહ્યાં."

વિવરણ : ચારિત્રવાન સાધુ પંચકમાં કાળધર્મ પામે તો ડાભના પૂતળાં કરવાનું કહ્યું છે તે લખીએ છીએ. શ્રી લોંકાશાહ ઉપરનો પાઠ આવશ્યક નિર્યુક્તિ પરિઠાવણિયા સમિતિમાંથી પોતાની દલીલના આધારમાં ટાંકે છે. અને વિશેષમાં કહે છે કે બૃહદ્કલ્પની વૃત્તિમાં પણ પૂતળાં કરવાનું કહ્યું છે.

"તથા દેહરામાહિથી કોલીઆવડાંનાં ઘર મિથા ભમરભમરીનાં ઘર સાધુ ચારિત્રીઉ આપણા હાથઇ પરિહાર કરઇ. ન કરઇ તુ તેહ સાધુનઇ પ્રાયશ્ચિત આવઇ. બૃહત્કલ્પમધ્યે."

વિવરણ : દેરાસરમાં કરોળિયાનાં ઘર (જાળાં), ભમરાભમરીનાં દરનો સાધુએ,

તિવિહેણ વિ પાણ માહણે, આયહિએ અનિયાણ સંવુડે,
એવં સિદ્ધા અણંતસો, સંપઇ જે અણાગયાવરે. (૨)

ઇતિ શ્રીસૂત્રકડાંગ બીજા અધ્યયનનઇ વિષઇ ત્રીજા ઉદ્દેશઉ તેહનઇ વિષઇ. જીવદયાઈ કરી મોક્ષ પુહતા. એહ અઠ્ઠાવનનુ બોલ."

અર્થ : હે ભિક્ષુઓ, ભૂતકાળમાં જે તીર્થંકરો થયા અથવા ભવિષ્યમાં જે તીર્થંકરો થશે તે સર્વ એક જ સરખી વસ્તુ કહેતા આવ્યા છે તેમાં કાંઈ મતભેદ નથી. જે ઉપદેશ ઋષભદેવ ભગવાને કહ્યો છે તે જ ઉપદેશ ભગવાન મહાવીર સ્વામીનો છે. એ ઉપદેશ એ છે કે ત્રણ કરણ અને ત્રણ જોગથી આત્મહિત ખાતર પ્રાણીમાત્રની હિંસા કરવી નહીં. એ પ્રમાણે બીજા જીવોનું જાણવું. આ પ્રમાણે વ્રત ધારણ કરવાવાળા સાધુઓ નિયાણારહિત ગતકાળમાં અનંતા સિદ્ધ થયા ભવિષ્યકાળમાં અનંતા સિદ્ધ થશે અને વર્તમાન કાળમાં અનંતા સિદ્ધ થાય છે.

વિવરણ : જીવ દયા કરીને મોક્ષ પહોંચ્યા. આ અઠ્ઠાવનમો બોલ પૂરો.

"ઇતિ લુંકાના સદ્દહિઆ અનઇ લુંકાના કરિઆ અઠ્ઠાવન બોલો અનઇ તેહનુ વિચાર લિખાઉ છઇ. શુભં ભવતુ. શ્રમણસંઘાય. શ્રી."

વિવરણ : શ્રી લોંકાશાહની જે બાબતમાં શ્રદ્ધા હતી અને જે બાબતો વિષે તેમણે રચના કરી તે અઠ્ઠાવન બોલો અને તે ઉપરના તેના વિચાર લખ્યા છે. "પરંપરા લિખીઇ છઈ કેતલાએક ઈમ કહઈ છઈ શ્રીવીરની પરંપરા ઈમ કહઈ છઈ તે કિહાં છઈ.

વિવરણ : હવે પરંપરા લખીએ છીએ. કેટલાક એમ કહે છે કે વીર પ્રભુએ આ રીતે પરંપરા કહી છે. શ્રી લોંકાશાહ પ્રશ્ન કરે છે કે આ પરંપરા કયાં શાસ્ત્રોમાં કહી છે તે બતાવો.

૧. ઘરિ પ્રતિમા ઘડાવી મંડાવઇ છઈ તે કેહની પરંપરા થઈ? (પ્રતિમા ઘડાવીને ઘરમાં બેસાડવામાં આવે છે તે પરંપરાનો આધાર શું છે?)
૨. નાન્હા છોકરાનઇ દીક્ષા દિઇ છઈ તે કેહની પરંપરા થઇ? (નાના છોકરાને દીક્ષા દઇએ છીએ તે પરંપરાનો શું આધાર છે?)

તિવિહેણ વિ પાણ માહણે, આયહિએ અનિયાણ સંવુડે,
એવં સિદ્ધા અણંતસો, સંપઈ જે અણાગયાવરે. (૨)

ઈતિ શ્રીસૂઅડાંગ બીજા અધ્યયનનઈ વિષઈ ત્રીજા ઉદ્દેશાઉ તેહનઈ વિષઈ. જીવદયાઈ કરી મોક્ષ પુહુતા. એહ અઠ્ઠાવનનુ બોલ."

અર્થ : હે ભિક્ષુઓ, ભૂતકાળમાં જે તીર્થંકરો થયા અથવા ભવિષ્યમાં જે તીર્થંકરો થશે તે સર્વ એક જ સરખી વસ્તુ કહેતા આવ્યા છે તેમાં કાંઈ મતભેદ નથી. જે ઉપદેશ ઋષભદેવ ભગવાને કહ્યો છે તે જ ઉપદેશ ભગવાન મહાવીર સ્વામીનો છે. એ ઉપદેશ એ છે કે ત્રણ કરણ અને ત્રણ જોગથી આત્મહિત ખાતર પ્રાણીમાત્રની હિંસા કરવી નહીં. એ પ્રમાણે બીજાં જીવોનું જાણવું. આ પ્રમાણે વ્રત ધારણ કરવાવાળા સાધુઓ નિયાણારહિત ગતકાળમાં અનંતા સિદ્ધ થયા ભવિષ્યકાળમાં અનંતા સિદ્ધ થશે અને વર્તમાન કાળમાં અનંતા સિદ્ધ થાય છે.

વિવરણ : જીવ દયા કરીને મોક્ષ પહોંચ્યા. આ અઠ્ઠાવનમો બોલ પૂરો.

"ઇતિ લુંકાના સદ્દહિઆ અનઇ લુંકાના કરિઆ અઠ્ઠાવન બોલો અનઇ તેહનુ વિચાર લિખાઉ છઇ. શુભં ભવતુ. શ્રમણસંઘાય. શ્રી."

વિવરણ : શ્રી લોંકાશાહની જે બાબતમાં શ્રદ્ધા હતી અને જે બાબતો વિષે તેમણે રચના કરી તે અઠ્ઠાવન બોલો અને તે ઉપરના તેના વિચાર લખ્યા છે.
"પરંપરા લિખીઇ છઈ કેતલાએક ઈમ કહઈ છઈ શ્રીવીરની પરંપરા ઈમ કહઈ છઈ તે કિહાં છઈ.

વિવરણ : હવે પરંપરા લખીએ છીએ. કેટલાક એમ કહે છે કે વીર પ્રભુએ આ રીતે પરંપરા કહી છે. શ્રી લોંકાશાહ પ્રશ્ન કરે છે કે આ પરંપરા ક્યાં શાસ્ત્રોમાં કહી છે તે બતાવો.

૧. ઘરિ પ્રતિમા ઘડાવી મંડાવઇ છઈ તે કેહની પરંપરા થઈ? (પ્રતિમા ઘડાવીને ઘરમાં બેસાડવામાં આવે છે તે પરંપરાનો આધાર શું છે?)
૨. નાન્હા છોકરાનઈ દીક્ષા દિઈ છઈ તે કેહની પરંપરા થઈ? (નાના છોકરાને દીક્ષા દઇએ છીએ તે પરંપરાનો શું આધાર છે?)

તિવિહેણ વિ પાણ માહણે, આયહિએ અનિયાણ સંવુડે,
એવં સિદ્ધા અણંતસો, સંપઇ જે અણાગયાવરે. (૨)

ઇતિ શ્રીસુયગડાંગ બીજા અધ્યયનનઇ વિષઇ ત્રીજા ઉદ્દેશઉ તેહનઇ વિષઇ. જીવદયાઈ કરી મોક્ષ પુહતા. એહ અઠ્ઠાવનનુ બોલ.''

અર્થ : હે ભિક્ષુઓ, ભૂતકાળમાં જે તીર્થંકરો થયા અથવા ભવિષ્યમાં જે તીર્થંકરો થશે તે સર્વ એક જ સરખા વસ્તુ કહેતા આવ્યા છે તેમાં કોઇ મતભેદ નથી. જે ઉપદેશ ઋષભદેવ ભગવાને કહ્યો છે તે જ ઉપદેશ ભગવાન મહાવીર સ્વામીનો છે. એ ઉપદેશ એ છે કે ત્રણ કરણ અને ત્રણ જોગથી આત્મહિત ખાતર પ્રાણીમાત્રની હિંસા કરવી નહીં. એ પ્રમાણે બીજા જીવોનું જાણવું. આ પ્રમાણે વ્રત ધારણ કરવાવાળા સાધુઓ નિયાણારહિત ગતકાળમાં અનંતા સિદ્ધ થયા ભવિષ્યકાળમાં અનંતા સિદ્ધ થશે અને વર્તમાન કાળમાં અનંતા સિદ્ધ થાય છે.

વિવરણ : જીવ દયા કરીને મોક્ષ પહોંચ્યા. આ અઠ્ઠાવનમો બોલ પૂરો.

"ઇતિ લુંકાના સદ્દહિઆ અનઇ લુંકાના કરિયા અઠ્ઠાવન બોલો અનઇ તેહનુ વિચાર લિખાઉ જઇ. શુભં ભવતુ. શ્રમણસંઘાય. શ્રી.''

વિવરણ : શ્રી લોંકાશાહની જે બાબતમાં શ્રદ્ધા હતી અને જે બાબતો વિષે તેમણે રચના કરી તે અઠ્ઠાવન બોલો અને તે ઉપરના તેના વિચાર લખ્યા છે. "પરંપરા લિખાઇ છઈ કેતલાએક ઇમ કહઇ છઇ શ્રીવીરની પરંપરા ઇમ કહઇ છઇ તે કિહાં છઇ.

વિવરણ : હવે પરંપરા લખીએ છીએ. કેટલાક એમ કહે છે કે વીર પ્રભુએ આ રીતે પરંપરા કહી છે. શ્રી લોંકાશાહ પ્રશ્ન કરે છે કે આ પરંપરા કયાં શાસ્ત્રોમાં કહી છે તે બતાવો.

૧. ઘરિ પ્રતિમા ઘડાવી મંડાવઇ છઇ તે કેહની પરંપરા થઇ? (પ્રતિમા ઘડાવીને ઘરમાં બેસાડવામાં આવે છે તે પરંપરાનો આધાર શું છે?)
૨. નાન્હા છોકરાનઇ દીક્ષા દિઇ છઇ તે કેહની પરંપરા થઇ? (નાના છોકરાને દીક્ષા દઇએ છીએ તે પરંપરાનો શું આધાર છે?)

સિદ્ધાંત પ્રભાવનાં પાયઇ ન વાંચઇ તે કેહની પરંપરા છઈ?

૨૧. માંડની કરાવઈ છઇ તે કેહની પરંપરા છઇ?

૨૨. ગૌતમ પડઘો કરાવઇ છઇ તે કેહની પરંપરા? (ગૌતમ

૨૩. કરાવે છે તે પરંપરાનો શું આધાર?)

સંસારતારણ કરાવઈ છઈ તે કેહની પરંપરા?

૨૪. ચંદનબાલાનુ તપ કરાવઇ છઈ તે કેહની પરંપરા?

૨૫. સોનારૂપાની નીસરણી કરાવઈ છઈ તે કેહની પરંપરા?

૨૬. લાહા પડવિ કરાવઈ છઇ તે કેહની પરંપરા?

૨૭. ઉજમણા ઢોવરાવઇ છઇ તે કેહની પરંપરા?

૨૮. પૂજ પૂઠાઇ છઇ તે કેહની પરંપરા છઇ?

૨૯. આસોત્રક્ષ ભરાવઇ છઇ તે કેહની પરંપરા?

૩૦. અઠ્ઠોત્તરી સનાત્ર કરાવિ છઈ તે કેહની પરંપરા?

૩૧. નવા ધાન નવા ફલ પ્રતિમા આગલિ ઢોઈ છઈ તે કેહના

૩૨. શ્રાવકશ્રાવિકાનઈ માથઈ વાસ ઘાલઇ છઇ તે કેહની પરંપરા? (શ્રાવક-

૩૩. શ્રાવિકા માથે સુગંધ નાખે છે તે પરંપરાનો શો આધાર?

પરિગ્રહ ફૂંઢમાં બાંધઇ છઇ તે કેહની પરંપરા છઇ?

૩૪. શ્રાવક પાઈ મૂંડકું અપાવી ડુંગર ચઢાવઇ છઇ તે કેહની પરંપરા?

૩૫. (મૂંડકા વગેરે શ્રાવક પાસે અપાવીને ડુંગર જાત્રાએ ચડે છે તેનો આધાર શો?)

માલારોપણ કરઈ છઈ તે કેહની પરંપરા છઈ?

૩૬. પદીક શ્રાવક શ્રાવિકાસું ભેલી જાઇ છઇ તે કેહની પરંપરા?

૩૭. નાંદિ મંડાવઈ છઈ તે કેહની પરંપરા છઈ?

૩૮. પદીક ચાંક બાંધઈ છઈ તે કેહની પરંપરા છઈ?

૩૯. પાલિમાહિં ભૂંડા મુંકઈ છઈ તે કેહની પરંપરા છઈ?

૪૦. વાંદણા દિવરાવઈ છઈ તેહની પરંપરા છઈ કેહી?

૪૧. ઓઘા ફેરવઇ છઇ તે કેહની પરંપરા છઈ?

૪૨. દેવદ્રવ્ય રાખઇ છઇ તે કેહની પરંપરા?

૪૩.